૨૦૪ વર્ષ

દૈનિક
# મુંબઈ સમાચાર

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૫ ■ Volume 69 ■ Issue 51 ■ વિક્રમ સંવત ૨૦૮૨
ફાલ્ગુન સુદ -૧૪ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 2 March 2026, Monday ■ REGD.No. MCS/058/2024-26

સોમવાર, ૨ માર્ચ ૨૦૨૬, (૧૦ પાનાં) કિંમત ₹ ૧૦.૦૦ | ધર્મતેજ પૂર્તિ ૫ ૬ ૭ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ઈરાનના સર્વોચ્ચ વડા ખામેનેઈનું હુમલામાં મોત

SCAN FOR TODAY'S GOLD RATE
ANTARA GOLD RATE
જુના સોનાના ઘરેણા શ્રેષ્ઠ ભાવે ખરીદીશું
ANTARA GOLD & DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565

તહેરાન: અમેરિકા અને ઈઝરાયલના હુમલામાં ઈરાનના સર્વોચ્ચ વડા આયાતુલ્લાહ અલી ખામેનેઈ માર્યા જવાથી ઈરાનમાં ૪૦ દિવસનો રાષ્ટ્રીય શોક જાહેર કરાયો હતો. આ ઉપરાંત, ખામેનેઈની પુત્રી, દોહિત્રી, જમાઈ અને પુત્રવધૂ પણ માર્યા ગયા હોવાનું કહેવાય છે.

ઈરાનના પ્રસારમાધ્યમે પણ ખામેનેઈના મૃત્યુના અહેવાલને સમર્થન આપ્યું હતું.

૮૬ વર્ષના ખામેનેઈના મૃત્યુ સાથે જ ઈરાનના શાસનના ભાવિ અંગે પ્રશ્નો ઊઠી રહ્યા છે.

અમેરિકાના પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે ખામેનેઈના મૃત્યુની જાહેરાત કરી હતી અને કહ્યું હતું કે દેશ પર કબજો કરવાની ઈરાનીઓ માટે આ સૌથી મોટી તક છે. ખામેનેઈના મૃત્યુના અહેવાલને પગલે ઈરાનના અનેક શહેરોમાં ઉજવણીની શરૂઆત થઈ ગઈ હતી. ઉજવણી કરવા લોકો રસ્તાઓ અને શેરીઓમાં આવી ગયા હતા. મહિલાઓ વાળ ખુલ્લા રાખીને રસ્તા પર નૃત્ય કરી રહી હતી. લંડનમાં પણ ઈઝરાયલીઓ અને

(જુઓ પાનું ૨) ▶▶

## ૩૦૦૦થી વધુ ગુજરાતી ફસાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ઈરાન અને ઈઝરાયલ વચ્ચે વકરી રહેલા યુદ્ધને કારણે હાલ મધ્ય પૂર્વના દેશોની સ્થિતિ વણસી પડી છે, ત્યારે તેના પરિણામે આંતરરાષ્ટ્રીય હવાઈ સેવાઓ ખોરવાઈ છે, જેની સીધી અસર મધ્ય પૂર્વમાં આવેલા અન્ય દેશના મુસાફરો પર પડી રહી છે. ભારતીય એરલાઈન્સે પણ ઘણી આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સ ૨૮ માર્ચ સુધી મુલતવી રાખી છે, જેથી પ્રવાસીઓની અવરજવર ખોરવાઈ ગઈ છે. મળતી વિગતો (જુઓ પાનું ૨) ▶▶

## મુંબઈ, દિલ્હી ઍરપોર્ટથી અનેક ફ્લાઈટ રદ

નવી દિલ્હી: અમેરિકા અને ઈઝરાયલે સંયુક્ત રીતે ઈરાન પર હુમલો કર્યાને પગલે અખાત વિસ્તારમાં હવાઈસીમાઓ બંધ કરી દેવામાં આવ્યા બાદ વિમાનસેવા ખોરવાઈ જતાં રવિવારે મુંબઈ અને દિલ્હી ઍરપોર્ટ પર ૨૨૫ જેટલી આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ રદ કરવામાં આવી હતી. ૨૨૫માંથી ૧૨૫ ફ્લાઈટ મુંબઈ ઍરપોર્ટ પર અને ૧૦૦ ફ્લાઈટ દિલ્હી ઍરપોર્ટ પર રદ કરવામાં આવી હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર દિલ્હી (જુઓ પાનું ૨) ▶▶

## દુબઈ અને અબુધાબી ઍરપોર્ટ પર હુમલો

દુબઈ: ઈરાન દ્વારા રવિવારે દુબઈ અને અબુધાબી પર કરવામાં આવેલા મિસાઈલ હુમલામાં દુબઈ ઍરપોર્ટ અને દુબઈ અલ અરબ હૉટેલને નુકસાન થયું હોવાના અહેવાલ છે. આ હુમલામાં એકનું મોત થયું હતું અને અન્ય ૧૧ જણ ઘાયલ થયા હતા.

આ બાબત આંતરરાષ્ટ્રીય પ્રવાસીઓ અને પર્યટકો સામે સુરક્ષાનું જોખમ વધારે છે. હુમલાનો સમય મહત્ત્વનો (જુઓ પાનું ૨) ▶▶

# ભારત ગુરુવારે મુંબઈમાં ઈંગ્લેન્ડ સામે સેમિ ફાઈનલમાં ટકરાશે

કોલકાતા: વર્લ્ડ નંબર-વન અને ડિફેન્ડિંગ ચૅમ્પિયન ભારતે ઈડન ગાર્ડન્સમાં વેસ્ટ ઇન્ડિઝને ટી-૨૦ વર્લ્ડ કપમાં ક્વૉર્ટર ફાઇનલ સમાન સુપર-એઇટ મૅચમાં પાંચ વિકેટે હરાવીને સેમિ ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો જેમાં ગુરુવાર, પાંચમી માર્ચે વાનખેડે સ્ટેડિયમમાં ભારતનો ઇંગ્લૅન્ડ સામે મુકાબલો થશે. એ પહેલાં, પ્રથમ સેમિ ફાઇનલ બુધવાર, ચોથી માર્ચે કોલકાતામાં સાઉથ આફ્રિકા અને ન્યૂ ઝીલૅન્ડ વચ્ચે રમાશે. ફાઇનલ આઠમી માર્ચે મોટા ભાગે અમદાવાદમાં રમાવાની છે. સંજુ સૅમસન (૯૭ અણનમ, ૫૦ બૉલ, ચાર સિક્સર, બાર ફોર) આ મૅચનો સુપરહીરો હતો અને તેના આ અણનમ ૯૭ સમગ્ર કરીઅરની શ્રેષ્ઠ ઇનિંગ્સમાં ગણાશે.

ભારતે ૧૯૬ રનનો લક્ષ્યાંક ૧૯.૨ ઓવરમાં ૫/૧૯૯ના સ્કોર સાથે મેળવી લીધો હતો. સૅમસન ખરા સમયે ટીમને કામ લાગ્યો છે. તેણે શરૂઆતથી જ સંયમ અને સમજબૂઝ સાથે અને સહજતાથી બૅટિંગ કરી હતી. બોલર્સની લાઇન અને લેન્ગ્થ બરાબર પારખીને તેણે જોખમ ઉઠાવ્યા વિના સ્કોરિંગ શૉટ માર્યા હતા અને એક પછી એક પાર્ટનર સાથે ભાગીદારી કરીને ભારતને જિતાડ્યું હતું. એમાં ખાસ કરીને સૂર્યકુમાર સાથે તેની ૫૮ રનની પાર્ટનરશિપ થઈ હતી. સૅમસને સદી ફટકારવાની લાલચ રાખવાને બદલે ટીમને જિતાડવા પર જ બધું ધ્યાન કેન્દ્રીત કર્યું હતું અને છેલ્લે વિનિંગ સિક્સર તથા ફોર ફટકારી હતી. સૅમસનની તુલનામાં હવે અભિષેક શર્મા તથા ઇશાન કિશન ઝાંખા પડી ગયા છે અને ટીમ માટે જાણે બોજ બની ગયા છે. સેમિ ફાઇનલની ટીમમાંથી અભિષેક-ઇશાન, આ બેમાંથી એકનું પત્તું કપાવાની સંભાવના નકારી ન શકાય.

રવિવારે અભિષેકે માંડ ૧૦ રન, ઇશાને પણ ૧૦ રન કર્યા હતા અને કૅપ્ટન સૂર્યકુમાર યાદવે ૧૮ રન, તિલક વર્માએ ૨૭ રન તથા હાર્દિકે ૧૭ રનનું યોગદાન આપ્યું હતું. શિવમ દુબે (આઠ અણનમ, ચાર બૉલ, બે ફોર) સૅમસન સાથે છેક સુધી ક્રીઝ પર હતો. હોલ્ડર અને શમારે બે-બે વિકેટ લીધી હતી.

એ પહેલાં, બૅટિંગ મળ્યા બાદ વેસ્ટ ઇન્ડિઝે ૨૦ ઓવરમાં ચાર વિકેટે ૧૯૫ રન બનાવ્યા હતા. અભિષેક અને તિલકે આસાન કૅચ છોડ્યા હતા. ભારતની ખરાબ ફીલ્ડિંગ વચ્ચે પાંચ કૅરિબિયન બૅટ્સમેનોએ પચીસથી વધુ રન કર્યા હતા જેમાં રૉસ્ટન ચેઝના ૪૦ રન હાઇએસ્ટ હતા. ચેઝ ૧૪ રને હતો ત્યારે અભિષેકે તેનો કૅચ છોડ્યો હતો અને પછી ચેઝ છેક ૪૦ રન પર આઉટ થયો હતો.

રૉવમૅન પોવેલ (૩૪ અણનમ, ૧૯ બૉલ, બે સિક્સર, ત્રણ ફોર) અને જેસન હોલ્ડર (૩૭ અણનમ, બાવીસ બૉલ, ત્રણ સિક્સર, બે ફોર) વચ્ચે પાંચમી વિકેટ માટે ૭૬ રનની અતૂટ ભાગીદારી થઈ હતી.

ચોથી વિકેટ વખતે સ્કોર ૧૧૯ રન હતો અને તેમણે ટોટલ ૧૯૫ સુધી પહોંચાડ્યું હતું. બુમરાહને બે વિકેટ તથા હાર્દિક અને વરુણને એક-એક વિકેટ મળી હતી. ■

# પાકિસ્તાનમાં ભારે હિંસા, અમેરિકી દૂતાવાસ પર હુમલાનો પ્રયાસ, ૨૦નાં મોત

કરાચી: ઈરાનના સર્વોચ્ચ નેતા આયાતુલ્લાહ અલી ખામેનેઈની હત્યા બાદ પાકિસ્તાનનાં કરાચી શહેરમાં તણાવ વધ્યો હતો. રવિવારે માઈ કોલાચી રોડ પર અમેરિકાના દૂતાવાસ પાસે એક વિરોધ પ્રદર્શન હિંસક બન્યું હતું. સ્થાનિક મીડિયા અહેવાલો અનુસાર, ગુસ્સે ભરાયેલા ટોળાએ દૂતાવાસની બહાર આગ લગાવી હતી. પરિસ્થિતિ ઝડપથી વણસી હતી. પાકિસ્તાની અધિકારીઓએ અત્યાર સુધીમાં ૨૦ લોકોનાં મોત અને કેટલાક લોકોની ઈજાગ્રસ્ત થયાની પુષ્ટી કરી હતી. ઘાયલોને નજીકની હોસ્પિટલોમાં દાખલ કરવામાં આવ્યા છે. જોકે, મૃત્યુઆંક વધી શકે છે.

પ્રત્યક્ષદર્શીઓનું કહેવું છે કે પ્રદર્શનકારીઓએ સુરક્ષા બેરિકેડ તોડીને સંકુલમાં પ્રવેશવાનો પ્રયાસ કર્યો હતો. અમેરિકન દૂતાવાસના રક્ષણ માટે તૈનાત અમેરિકન મરીન સૈનિકોએ વળતો જવાબ આપ્યો. પ્રારંભિક માહિતી અનુસાર, અમેરિકન કમાન્ડો ફાયરિંગમાં ઘણા પ્રદર્શનકારીઓ ઘાયલ થયા હતા. કરાચી પોલીસ ચીફ સર્જન સુમૈયા સૈયદે જણાવ્યું કે પ્રદર્શનકારીઓ અને પોલીસ વચ્ચેની અથડામણ બાદ મૃતકોના મૃતદેહને કરાચી સિવિલ હોસ્પિટલમાં લાવવામાં આવ્યા હતા. અધિકારીઓના જણાવ્યા અનુસાર, વિરોધીઓ વિખેરાઈ ગયા તે પહેલાં તેઓ ફક્ત દૂતાવાસ કમ્પાઉન્ડના બાહ્ય વિસ્તાર સુધી પહોંચી શક્યા હતા.

નોંધનીય છે કે શનિવારે અમેરિકા અને ઇઝરાયલના સંયુક્ત હવાઈ હુમલામાં ઈરાનના સર્વોચ્ચ નેતા આયાતુલ્લાહ અલી ખામેનેઈની હત્યા બાદ આ હિંસા ફાટી નીકળી હતી. ડૉ. સુમૈયા સૈયદે જણાવ્યું હતું કે અત્યાર સુધીમાં ૨૦ મૃતદેહો સિવિલ હોસ્પિટલમાં લાવવામાં આવ્યા છે અને કેટલાકને ગોળી વાગ્યાના નિશાન છે. ઈરાન પર ચાલી રહેલા ઇઝરાયલી અને અમેરિકાના હુમલામાં ઈરાનના સર્વોચ્ચ નેતાના મૃત્યુની પુષ્ટી થતાં જ વિરોધીઓ અમેરિકાના દૂતાવાસ તરફ જતા રસ્તા પર એકઠા થવા લાગ્યા હતા. સૈયદે જણાવ્યું હતું કે હોસ્પિટલના ટ્રોમા સેન્ટરમાં લગભગ ૩૦ ઘાયલોની સારવાર ચાલી રહી છે. ઘાયલોમાં ચાર પોલીસકર્મીઓનો સમાવેશ થાય છે.

સિનિયર પોલીસ અધિકારી એસએસપી અસદ રેઝાએ જણાવ્યું હતું કે ભીડે પોલીસ પર હુમલો કરવાનું શરૂ કર્યા પછી પરિસ્થિતિને કાબૂમાં લેવા માટે તેમને ટીયર ગેસના શેલ અને રબરની ગોળીઓનો ઉપયોગ કરવો પડ્યો હતો. પોલીસે ભીડ પર લાઠીચાર્જ (જુઓ પાનું ૨) ▶▶

## મુંબઈ સમાચાર

મુંબઈ સમાચારની ઑફિસ તા. ૨-૩-૨૦૨૬, સોમવારે હોળી નિમિત્તે બંધ રહેવાની હોવાથી તા. ૩-૩-૨૦૨૬, મંગળવારે અખબાર પ્રસિદ્ધ નહિ થાય, તેની વાચકો અને અન્ય લોકોએ નોંધ લેવી.

-વ્યવસ્થાપક.

## સીબીએસઈની સાત દેશમાંની પરીક્ષા મોકૂફ

નવી દિલ્હી: મધ્ય પૂર્વમાં સતત બોંબમારો ચાલી રહ્યો છે. અમેરિકા અને ઇઝરાયલ સાથે મળીને ઈરાન પર બોંબ વરસાવી રહ્યા છે તો તેહરાન તરફથી પણ જવાબી હુમલા થઇ રહ્યા છે. આ લશ્કરી સંઘર્ષની અસર હવે વિદ્યાર્થીઓને પણ થઇ રહી છે. સીબીએસઇ બોર્ડની પરીક્ષાઓ ચાલી રહી છે. હવે સીબીએસઇએ મધ્ય પૂર્વમાં ધોરણ ૧૦ અને ૧૨ બોર્ડની (જુઓ પાનું ૨) ▶▶

# ભારતમાં શિયાઓ દ્વારા અમેરિકા વિરોધી દેખાવ

નવી દિલ્હી: ઈરાનના સર્વોચ્ચ નેતા આયાતુલ્લાહ અલી ખામેનેઈનું અમેરિકા અને ઈઝરાયલના સંયુક્ત હુમલામાં મૃત્યુ થતાં ભારતનાં કાશ્મીર, કર્ણાટક, દિલ્હી, પંજાબ, રાજસ્થાન સહિતના અનેક રાજ્યમાંના શિયા મુસલમાનોએ અમેરિકા વિરોધી દેખાવ કર્યા હતા. અજમેરમાં શિયાઓએ ત્રણ દિવસનો શોક જાહેર કર્યો હતો.

અમેરિકા-ઇઝરાયલના સંયુક્ત હવાઈ હુમલામાં ઈરાનના સર્વોચ્ચ નેતા આયાતુલ્લાહ અલી ખામેનેઈના મૃત્યુ બાદ દિલ્હીમાં વિરોધ પ્રદર્શન થઈ રહ્યા છે. ઈરાનની સરકારી મીડિયાએ તેમના મૃત્યુની પુષ્ટી કરતા કહ્યું હતું કે શનિવારે તેહરાનમાં તેમની ઓફિસ પર હુમલો કરવામાં આવ્યો હતો. ખામેનેઈના મોત બાદ નવી દિલ્હીના જામિયા નગર વિસ્તારમાં મોટી સંખ્યામાં લોકો રસ્તા પર ઉતરી આવ્યા હતા.

પંજાબના શાહી ઇમામ મૌલાના મોહમ્મદ ઉસ્માન રહેમાની લુધિયાનવીના નેતૃત્વમાં ખામેનેઈની હત્યાના વિરોધમાં લુધિયાણામાં વિરોધ પ્રદર્શન યોજાયું હતું. તેમણે ભારત સરકાર પાસેથી પણ માંગ કરી હતી કે સર્વોચ્ચ નેતા માટે એક અઠવાડિયાનો રાષ્ટ્રીય શોક જાહેર કરવામાં આવે. ઐતિહાસિક ફિલ્ડ ગંજ મસ્જિદની બહાર મોટી સંખ્યામાં મુસ્લિમો એકઠા થયા હતા જેમાં મહિલાઓ પણ સામેલ હતી. પ્રદર્શનકારીઓએ ઇઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂના પૂતળા બાળ્યા હતા. નોંધનીય છે કે ઈરાને ખામેનેઈના મોત બાદ ૪૦ દિવસનો રાષ્ટ્રીય શોક અને સાત દિવસની જાહેર રજા જાહેર કરી છે. આ ઘટનાથી ઈરાનમાં શોક અને અશાંતિનું વાતાવરણ સર્જાયું છે.

દરમિયાન ઓલ ઈન્ડિયા શિયા કાઉન્સિલે દિલ્હીના જંતર મંતર પર (જુઓ પાનું ૨) ▶▶

## જીએસટીની આવક વધીને ₹ ૧.૮૩ લાખ કરોડ થઈ

નવી દિલ્હી: આયાતને કારણે આવકમાં થયેલા વધારાને પગલે ફેબ્રુઆરીમાં જીએસટીની કુલ આવક ૮.૧ ટકા વધીને રૂ. ૧.૮૩ લાખ કરોડ થઈ હતી. જીએસટીની કુલ સ્થાનિક આવક ૫.૩ ટકા વધીને રૂ. ૧.૩૬ લાખ કરોડ થઈ હતી તો આયાતને કારણે જીએસટીની કુલ આવક ૧૭.૨ ટકા વધીને રૂ. ૪૭,૮૩૭ કરોડ પર પહોંચી હતી. જીએસટીના રિફંડની રકમનો આંક ૧૦.૨ ટકા વધીને રૂ. ૨૨,૫૯૫ કરોડ થયો હતો. વરસોવરસ નેટ જીએસટી કલેક્શનનો આંક ૭.૯ ટકા વધીને રૂ. ૧.૬૧ લાખ કરોડ પર પહોંચ્યો હતો. સેસની કુલ આવકનો આંક ગયા વર્ષના ફેબ્રુઆરીના રૂ. ૧૩,૪૮૧ કરોડથી ઘટીને રૂ. ૫,૦૬૩ કરોડ થયો હતો. (એજન્સી) ■

# બાસમતી ચોખાની નિકાસને માઠી અસર

નવી દિલ્હી : અખાત દેશોમાંના યુદ્ધની માઠી અસર ભારતના બાસમતી ચોખાની નિકાસને પણ થઇ છે. ભારતના કુલ બાસમતી ચોખાના નિકાસના લગભગ ૨૫ ટકા ઈરાનમાં કરે છે. બીજા ૨૦ ટકા ઈરાકમાં નિકાસ કરાય છે. આ વેપાર ૨૦ લાખ ટનથી વધુ બાસમતી ચોખાનો છે. ગયા વર્ષે જ ભારતે ૧.૨ અબજ ડૉલરના બાસમતી ચોખા ઈરાનને નિકાસ કર્યા હતા. પ્રાદેશિક સંઘર્ષને કારણે ઇરાકમાં (જુઓ પાનું ૨) ▶▶

# કમર્શિયલ રાંધણગૅસ મોંઘો થયો

નવી દિલ્હી: પહેલી માર્ચથી કમર્શિયલ એલપીજી ગૅસના ૧૯ કિલોનો સિલિન્ડર ૨૮ રૂપિયા મોંઘો થયો હતો. જોકે ઘરેલુ એલપીજીના ભાવમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. હાલમાં માર્કેટિંગ કંપની દર મહિને રાંધણગૅસના ભાવની સમીક્ષા કરે છે. કમર્શિયલ એલપીજી સિલિન્ડરના ભાવ પહેલી માર્ચથી અમલમાં આવ્યા હતા.

ડેટા પ્રમાણે પહેલી જાન્યુઆરીથી કમર્શિયલ એલપીજી ગૅસના ભાવ ૧૮૮ રૂપિયા વધારવામાં આવ્યા છે. કમર્શિયલ ગૅસના ભાવ સતત ત્રીજા મહિને વધારવામાં આવ્યા હતા. જોકે લોકોને રાહત આપવા ઘરેલુ એલપીજીના ભાવ યથાવત્ રાખવામાં આવ્યા છે. છેલ્લે ૧૯ કિલોના સિલિન્ડરના ભાવમાં ૨૮ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે. ગયા મહિને કમર્શિયલ એલપીજી ગૅસના ભાવમાં ૪૯ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો હતો. દેશની રાજધાની દિલ્હીમાં પહેલી જાન્યુઆરીથી કમર્શિયલ એલપીજી (જુઓ પાનું ૨) ▶▶

# પાક-અફઘાનિસ્તાનની લડાઈમાં બાવનનાં મોત

નવી દિલ્હી: પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચે સતત ચોથા દિવસે યુદ્ધ ચાલું રહ્યું હતું. પાક સુરક્ષા દળોએ ઓપરેશન ગઝબ લિલ હક અંતર્ગત અત્યાર સુધીમાં ૩૫૦થી વધુ તાલિબાની લડવૈયાઓને મોતને ઘાટ ઉતાર્યા હોવાનો પાકિસ્તાને દાવો કર્યો છે. આ દરમિયાન તાલિબાન સરકારે જણાવ્યું કે ૨૨ ફેબ્રુઆરીથી ખોસ્ત, પક્તિકા, નંગરહાર, પક્તિયા, કંદહાર અને કુનાર પ્રાંતોમાં પાકિસ્તાની લશ્કરી હુમલામાં મહિલાઓ અને બાળકો સહિત બાવન નાગરિકો મૃત્યુ પામ્યા (જુઓ પાનું ૨) ▶▶

## ઈરાની સેનાનું હેલિકૉપ્ટર ક્રેશ: ચારનાં મોત

નવી દિલ્હી: ઈરાનમાં અમેરિકા અને ઇઝરાયલ સાથે ચાલી રહેલા લશ્કરી સંઘર્ષ દરમિયાન એક ભયંકર દુર્ઘટના ઘટી હતી. ઈરાનના ઇસ્ફહાન પ્રાંતના દોરચેહ શહેરમાં મંગળવારે એક લશ્કરી હેલિકૉપ્ટર ફળ-શાકભાજી બજારમાં દુર્ઘટનાગ્રસ્ત થયું હતું, જેમાં ચાર લોકોનાં ઘટનાસ્થળે જ મોત નીપજ્યા હતા. આ માહિતી સરકારી ટીવીના અહેવાલમાં સામે આવી હતી.

અત્રે એ ઉલ્લેખનીય છે કે આ ઘટના એવા સમયે બની છે જ્યારે દેશ પહેલાથી જ યુદ્ધ અને તણાવપૂર્ણ પરિસ્થિતિઓનો સામનો કરી રહ્યો છે. હાલ સ્થાનિક વહીવટીતંત્ર રાહત અને બચાવ કામગીરીમાં રોકાયેલું છે. તેમ જ અકસ્માતના કારણની તપાસ હાથ ધરવામાં આવી છે.

સરકારી ટેલિવિઝનના અહેવાલ અનુસાર હેલિકૉપ્ટરનો કાટમાળ સીધો જ બજારમાં આવેલી દુકાનો પર પડ્યો હતો. જેના કારણે અરાજકતા ફેલાઇ હતી. આ દુર્ઘટનાને પગલે બજારમાં આગ ફાટી નીકળી હતી. આ દુર્ઘટનામાં ચાર લોકોનાં મોતની પુષ્ટિ થઇ છે, જેમાં વિમાનના ચાલક દળના સભ્યોનો પણ સમાવેશ થાય છે. આ વિસ્તાર ઇરાનના ઇસ્ફહાન પ્રાંતના દોરચેહ શહેરનો ભાગ છે, જે (જુઓ પાનું ૨) ▶▶

## કૉંગ્રેસે પુડુચેરીને એક પરિવારનું 'એટીએમ' બનાવ્યું છે: મોદી

પુડુચેરી: વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે કૉંગ્રેસની ટીકા કરતા કહ્યું હતું કે કૉંગ્રેસના શાસનમાં આ કેન્દ્રશાસિત પ્રદેશમાં રાજકીય અસ્થિરતા અને ભ્રષ્ટાચાર હતો અને આ પ્રદેશ દિલ્હીના એક કુટુંબ માટે એટીએમ બની ગયો હતો.

ડીએમકેની ટીકા કરતા મોદી કહ્યું હતું કે લોકો ડીએમકે દ્વારા શાસિત પડોશના તમિળનાડુમાં થયેલા કૌભાંડોની લાંબી યાદી જોઈ શકે છે. મોદીએ આક્ષેપ કર્યો હતો કે કૉંગ્રેસના અગાઉના શાસનમાં રેશન દુકાનોમાં ચોખા નહોતા, પગાર મોડો અપાતો હતો. ગુંડાઓ અને ડ્રગ માફિયા ગલીમાં રાજ કરતા હતા. નવા પ્રોજેક્ટના લોન્ચ અને નવી પહેલના શિલાન્યાસ કરવાના પ્રસંગમાં મોદીએ કહ્યું હતું કે કૉંગ્રેસે પુડુચેરીને દિલ્હીના એક કુટુંબ માટે એટીએમ બનાવ્યું હતું. પુડુચેરીની વિકાસયાત્રામાં કૉંગ્રેસ અને ડીએમકે સ્પીડબ્રેકર બની ગયાં છે. હવે આ જ પરિબળો ફરી સત્તામાં આવવા માગે છે. શું પુડુચેરીએ કરપ્શન અને ગુનાના જૂના યુગમા ફરી જવું જોઈએ. મને નથી લાગતું કે પુડુચેરીના લોકોને આ જોઈએ છે. (એજન્સી) ■

## મદુરાઈમાં ₹ ૪,૪૦૦ કરોડના પ્રોજેક્ટસનું ઉદ્ઘાટન

મદુરાઈ : વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે ૪,૪૦૦ કરોડ રૂપિયાના ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રોજેક્ટ લોન્ચ કર્યા હતા અને નેશનલ હાઈવેના મરક્કાનામાથી પુડુચેરીના સેક્શન અને પરામકુડિયાથી રામનાથપુરમ સેક્શનને ચાર લેનનો કરવાના પ્રોજેક્ટનો શિલાન્યાસ કર્યો હતો મોદીએ નવા વિકસાવવામાં આવેલા આઠ રેલવે સ્ટેશનનું ઉદ્ઘાટન કર્યું હતું અને દેશને ચેન્નઈ ઈગમોરની ચોથી લાઈન સમર્પિત કરી હતી. (એજન્સી) ■

## જમ્મુ-કાશ્મીરમાં ભૂકંપ

જમ્મુ: જમ્મુ અને કાશ્મીરના પર્વતીય ડોડા જિલ્લામાં રવિવારે મોડી રાત્રે ૪.૨ની તીવ્રતાવાળો ભૂકંપ આવ્યો હતો. અધિકારીઓએ કહ્યું હતું કે નુકસાનના કોઈ અહેવાલ મળ્યા નથી. હવમાન ખાતાએ માહિતી આપી હતી કે ભૂકંપ રાત્રે ૧.૨૫ કલાકે આવ્યો હતો. ભૂકંપનું કેન્દ્ર ઉત્તરમાં ૩૩.૦૮ ડિગ્રી અક્ષાંશ અને પૂર્વમાં ૭૬.૧૭ ડિગ્રી રેખાંશે પૃથ્વીની સપાટીના પાંચ કિલોમીટર અંદર હતું. (એજન્સી) ■

## ૧૫ નક્સલીનું આત્મસમર્પણ

મહાસમુંદ: છત્તીસગઢના મહાસમુંદ જિલ્લામાં સ્પેશિયલ ઝોનલ કમિટી-સ્તરના સભ્ય વિકાસ સહિત ૧૫ નક્સલીઓએ સુરક્ષા કર્મચારીઓ સમક્ષ આત્મસમર્પણ કર્યું હતું. આ માહિતી નાયબ મુખ્ય પ્રધાન વિજય શર્માએ આપી હતી. પોલીસના જણાવ્યા અનુસાર આત્મસમર્પણ કરનારા કેડરમાં નવ મહિલાઓનો પણ સમાવેશ થાય છે. આ કેડરો માઓવાદીઓના બલાંગીર-બરગઢ-મહાસમુંદ વિભાગના હતા અને છત્તીસગઢ-ઓડિશા સરહદ પર સક્રિય હતા. ગૃહ મંત્રાલય (જુઓ પાનું ૨) ▶▶

અંક પ્રગટ થઈ ચૂક્યો છે



એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ખામેનેઈ અમેરિકા માટે વિલન હશો, ભારત માટે નહોતા

**અ**મેરિકા અને ઈઝરાયલે કરેલા હુમલામાં સુપ્રીમ લીડર આયાતુલ્લાહ અલી ખામેનેઈનું મોત થતાં આખી દુનિયામાં સ્તબ્ધતા છે. દુનિયાભરના શિયા મુસ્લિમોના સર્વોચ્ચ નેતા મનાતા ૮૬ વર્ષના હતા પણ કડેધડે હતા ને અમેરિકા-ઈઝરાયલ સામેના જંગમાં ઈરાનનું નેતૃત્વ કરતા હતા. ખામેનેઈનો આ રીતે અકાળે અંત આવશે તેની કોઈને કલ્પના પણ નહોતી.

ખામેનેઈને પણ ઈઝરાયલ આ રીતે ઘરમાં ઘૂસીને ઠોકી દેશે એવો અંદાજ નહીં હોય તેથી નિરાંતે પોતાની સત્તાવાર ઓફિસમાં બેસીને ખામેનેઈ લશ્કરી કમાન્ડરો સાથે મીટિંગ જ કરી રહ્યા હતા. એ વખતે તેમને ખબર નહીં હોય કે, આ મીટિંગ પતે એ પહેલાં સીધા ઉપર પહોંચી જવાનું છે. એ તો અમેરિકા અને ઈઝરાયલના હુમલાનો કઈ રીતે જવાબ આપવો તેની વ્યૂહરચનામાં વ્યસ્ત હતા પણ ઈઝરાયલે અચાનક સીધો હુમલો કરીને તેમને ઉંઘતા ઝડપી લીધા.

ઈઝરાયલે ઈરાનમાં ઘૂસીને ખામેનેઈને મારીને ફરી એક વાર પોતાની ધાકનો પરચો આપ્યો છે. આપણે નયા ભારત ઘર મેં ઘૂસકર મારતા હૈ એવા ફડાકા મારીએ છીએ પણ ખરેખર ઘરમાં ઘૂસીને મારવું આને કહેવાય. ખામેનેઈ બંકર જેવા તેમના ઓફિસ કોમ્પ્લેક્સમાં આખા પરિવાર સાથે રહેતા હતા. આ બંકરને ઈઝરાયલ કે અમેરિકા કશું કરી નહીં શકે એવું મનાતું હતું પણ ઈઝરાયલે ખામેનેઈ જ્યાં બેઠા હતા ત્યાં જ ઉપરાછાપરી ૩૦ મિસાઈલ છોડીને ખામેનેઈને ભૂતકાળ બનાવી દીધા. ઈઝરાયલના હુમલામાં ખામેનેઈની પુત્રી-જમાઈ, પુત્રવધૂ અને પૌત્રી સહિત મોટા ભાગનો પરિવાર પણ મરાયો છે. કોમ્પ્લેક્સમાં હાજર ૪૦ કમાન્ડરો પણ માર્યા ગયા છે. ઈઝરાયલ અને અમેરિકા કેવા ખતરનાક છે તેનો અંદાજ આ વાત પરથી જ આવી જાય.

ખામેનેઈના મોતથી આઘાતમાં સરી પડેલા દુનિયાભરના શિયા મુસ્લિમો રસ્તા પર ઊતરીને દેખાવો કરીને આક્રોશ ઠાલવી રહ્યા છે. ભારતમાં પણ કેટલાંક શહેરોમાં દેખાવો થયા છે. પાકિસ્તાનમાં તો લોકોએ યુએસ એમ્બેસી પર હુમલો કરી દીધો. અમેરિકાએ ખામેનેઈના ચાહકોના હુમલાનો જવાબ ગોળીઓથી આપીને ૧૦નાં ઢીમ ઢાળી દીધાં તેથી પાકિસ્તાનમાં પણ તણાવ થઈ ગયો છે.

ઈરાનમાં અત્યારે મિશ્ર માહોલ છે. ઈરાનની સરકાર ખામેનેઈના મોતનો બદલો લેવાની કસમો ખાઈ રહી છે જ્યારે વિરોધીએ જશ્ન મનાવી રહ્યા છે. અલબત્ત આ જશ્ન સોશ્યલ મીડિયા પર જ છે કેમ કે ખામેનેઈના મોત પછી પણ ઈરાન હજુય શિયા કટ્ટરવાદીઓના હાથમાં જ છે તેથી જશ્ન મનાવનારાએ પોતાની લાગણીઓને કાબૂમાં રાખવી પડે. બાકી તેમને પણ ખામેનેઈને કંપની આપવા ઉપર પહોંચાડી દેવાય.

ઈઝરાયલ અને અમેરિકાની સાથે સાથે સાઉદી અરેબિયા સહિતના સુન્નીઓના દેશો પણ ખુશ છે. વિશ્વમાં શિયા મુસ્લિમોને પોતાના ગુલામ બનાવવાની સુન્નીઓની મહત્ત્વાકાંક્ષા આડે ઈરાન સૌથી મોટો અવરોધ છે તેથી આરબ દેશોની ખુશી સમજી શકાય એવી છે. અમેરિકા અને ઈઝરાયલ પણ ખામેનેઈને સૌથી મોટો દુશ્મન માનતાં તેથી એ પણ ખુશ થાય જ. અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે તો ટ્રુથ સોશ્યલ પર લખ્યું છે કે, ઇતિહાસના સૌથી ક્રૂર વ્યક્તિઓમાંથી એક ખામેનેઈ માર્યો ગયો છે. ખામેનેઈના મોતથી ઇરાનની જનતાની સાથે-સાથે અમેરિકા અને દુનિયાભરના દેશોને પણ ન્યાય મળ્યો છે.

ટ્રમ્પનું નિવેદન અમેરિકાનાં બેવડાં ધોરણોનો નાદાર નમૂનો છે. ઈરાને ઈઝરાયલને પરેશાન કરવા હિઝબોલાહ અને હુતી જેવાં શિયા આતંકવાદી સંગઠનોને પોષ્યાં એ સાચી વાત છે. આ ઇરાક, સીરિયા, લેબનોન અને યમન જેવા દેશોમાં સત્તા કબજે કરવા ભારે ખૂનામરકી કરી છે. ઈઝરાયલમાં પણ ઈરાને આતંકવાદ ફેલાવ્યો છે તેથી ખામેનેઈ શાંતિના દૂત નહોતા એ વાત સાચી પણ ઈરાન જેવા ધંધા તો પાકિસ્તાન પણ કરે છે છતાં અમેરિકા પાકિસ્તાનને પંપાળે છે. અમેરિકાએ પોતે આખી દુનિયાની મેથી મારનારા અલ કાયદા અને તાલિબાન જેવાં સંગઠનોને પેદા કરીને આતંકવાદને પોષ્યો છે પણ અમેરિકા કદી પાકિસ્તાનની કે પોતાની વાત નથી કરતું. બીજાં કરે એ છિનાળું ને પોતે કરે એ લીલા એ આનું નામ.

ખામેનેઈ અમેરિકા અને ઈઝરાયલ સહિતના તેના સાથી દેશો માટે વિલન હશે પણ ભારત માટે વિલન નહોતા. જમ્મુ અને કાશ્મીર સહિતના મુદ્દે ઈરાન પાકિસ્તાનના પડખે ઊભું રહેતું પણ એ તો આપણે અત્યારે જેમની દોસ્તીની દુહાઈઓ આપીએ છીએ એવા યુએઈ, સાઉદી અરેબિયા, કતાર સહિતના દેશો પણ કરતા જ હતા એ જોતાં ખાલી ખામેનેઈને વિલન ના ગણી શકાય.

ઈરાનમાં થયેલી ઈસ્લામિક ક્રાંતિને ભારતે માન્યતા નહોતી આપી પણ પછી ભારત અને ઈરાનના સંબંધો અત્યંત મજબૂત બન્યા. ખોમેનેઇના સમયમાં તેની શરૂઆત થઈ અને ખામેનેઈ ઈરાનના સર્વોચ્ચ નેતા બન્યા પછી આ સંબંધો વધારે ગાઢ બન્યા. એક સમયે ઈરાન ભારતના ટોપ થ્રી ક્રૂડ ઓઈલ સપ્લાયર્સમાંથી એક હતું. ભારતની કુલ ક્રૂડ ઓઈલ આયાતમાં ઈરાનનો હિસ્સો લગભગ ૧૭ ટકાની આસપાસ હતી.

ભારત ઈરાનનું સૌથી મોટું ક્રૂડ ખરીદદાર હતું તેનો બદલો ઈરાન પણ ઉદારતાથી વાળતું હતું. ઓએનજીસી સહિતની ભારતીય સરકારી ઓઈલ કંપનીઓને ઈરાનમાં ક્રૂડ અને ગેસના કોન્ટ્રાક્ટ મોટા પ્રમાણમાં મળતા હતા. ૨૦૦૯માં ભારતે પાંચ અબજ ડૉલરનું રોકાણ ઈરાનનાં ગેસ ફિલ્ડમાં કરેલું તેના પરથી જ બંને દેશોના ગાઢ સંબંધોનો ખ્યાલ આવે. ઈરાનમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સના કોન્ટ્રાક્ટ પણ ભારતીય કંપનીઓને મળતા હતા. ઈરાને પોતાનું સૌથી મહત્ત્વનું ચાબહાર બંદર વિકસાવવાનો કોન્ટ્રાક્ટ પણ ભારતને આપ્યો હતો તેના પરથી જ ઈરાન માટે ભારત કેટલું મહત્ત્વનું હતું એ સાબિત થાય છે.

ભારતે ૨૦૦૮માં અમેરિકા સાથે પરમાણુ કરાર કર્યો પછી અમેરિકાએ ઈરાન સાથેના સંબંધો કાપી નાખવા ભારત પર દબાણ શરૂ કર્યું. ભારતના શાસકો અમેરિકા સામે ઝીંક ના ઝીલી શક્યા તેથી ધીરે ધીરે ઈરાન પાસેથી ક્રૂડની ખરીદી અને બીજા આર્થિક વ્યવહારો બંધ કરવા પડ્યા. બાકી ખામેનેઈએ તો ભારત પોતાની પાસેથી ક્રૂડની ખરીદી કરે તેની ચૂકવણી ભારતીય રૂપિયામાં કરવાની અને ક્રૂડના બદલામાં ભારત આપે એટલું અનાજ લેવાની વ્યવસ્થા પણ કરી આપેલી. ભારત અને ઈરાન વચ્ચેના આ વ્યવહારમાં ભારતના બેઉ હાથમાં લાડુ હતા કેમ કે ભારતની નિકાસ પણ વધતી હતી અને ક્રૂડની ખરીદી માટે મોંઘું વિદેશી હૂંડિયામણ પણ નહોતું ખર્ચવું પડતું. અમેરિકાથી ભારતનો આ ફાયદો જોયો ના ગયો તેથી ઘોંચપરોણા કરીને બધું બંધ કરાવી દીધું.

ઈરાન પણ ભારતના વલણથી નિરાશ થઈને ચીન તરફ ઢળવા માંડેલું પણ હળાહળ ભારતવિરોધી વલણ નહોતું લીધું. છેલ્લે તો ચાબહાર બંદરનું સંચાલન કરવા માટે કરાર કરીને ઈરાને ભારત તરફ તેને ખાર નથી એ સાબિત કરેલું જ પણ આપણામાં અમેરિકાની ઐસીતૈસી કરીને ઈરાન સાથે ખુલ્લેઆમ સંબંધો રાખવાની ત્રેવડ નથી તેથી સંબંધો સ્થગિત થઈ ગયા.

ખામેનેઈના મોત પછી ઈરાનમાં શું થશે એ ખબર નથી પણ અમેરિકા ઈરાનના ક્રૂડ પર કબજો કરવા મથશે તેમાં બેમત નથી. સામે ખામેનેઈના ચેલકા પણ જલદી હથિયાર હેઠાં મૂકવાના મૂડમાં નથી એ જોતાં જોરદાર જંગ થશે એ નક્કી છે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ - સૌર વસંતઋતુ, સોમવાર, તા. ૨-૩-૨૦૨૬,
પ્રતની પૂનમ, હુતાશની પૂર્ણિમા, હોલિકાદહન

- ભારતીય દ્નિાંક ૧૧, માહે ફાલ્ગુન, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૭, ફાલ્ગુન સુદ-૧૪
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે ફાલ્ગુન, તિથિ સુદ -૧૪
- પારસી શહેનશાહી રોજ ૨૦મો બહેરામ, માહે ૭મો મેહેર, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૨૦મો બહેરામ, માહે ૮મો આવાં, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૧૭મો સરોશ, માહે ૧૨મો સ્પેનદાર્મદ, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૧૨મો, માહે ૯મો રમજાન, સને ૧૪૪૭
- મીસરી રોજ ૧૪મો, માહે ૯મો રમજાન, સને ૧૪૪૭
- નક્ષત્ર આશ્લેષા સવારે ક. ૦૭-૫૧ સુધી, પછી મઘા
- ચંદ્ર કર્કમાં સવારે ક. ૦૭-૫૧ સુધી, પછી સિંહમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ કર્ક (ડ, હ), સિંહ (મ, ટ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૫૯, અમદાવાદ ક. ૦૭ મિ. ૦૨, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૪૨, અમદાવાદ ક. ૧૮ મિ. ૪૧, સ્ટા. ટા.
- મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ
- ભરતીઃ સવારે ક. ૧૧-૨૪, રાત્રે ક. ૨૩-૫૬
- ઓટઃ સાંજે ક. ૧૭-૩૩, મધ્યરાત્રિ પછી ક. ૦૬-૧૪ (તા. ૩)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, ફાલ્ગુન - શુક્લ ચતુર્દશી. વ્રતની પૂનમ, હુતાશની પૂર્ણિમા, હોલિકાદહન, માઘી માસમ (દક્ષિણ ભારત), ભદ્રા સાંજે ક. ૧૭-૫૫ થી ક. ૨૯-૨૭.
- શુભાશુભ દ્નિશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
- મુહૂર્ત વિશેષઃ શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, શ્રી સુક્ત-પુરુસુક્ત, શ્રીગણેશ અથર્વશીર્ષમ્ અભિષેક, તુલસીપૂજા, શ્રી વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર પાઠ વાંચન, આશ્લેષા જન્મનક્ષત્ર શાંતિ પૂજા, માલ વેંચવો, ખેતીવાડી, નિત્ય થતાં ઘર-ખેતર જમીન, મકાનની લેવડદેવડ, સર્પપૂજા વિશેષરૂપે ચંદ્ર-બુધ ગ્રહદેવતાનું પૂજન.
- આચમનઃ ચંદ્ર-હર્ષલ ચતુષ્કોણ અચોક્કસ સ્વભાવના, ચંદ્ર-મંગળ પ્રતિયુતિ કજિયાખોર
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-હર્ષલ ચતુષ્કોણ, ચંદ્ર-મંગળ પ્રતિયુતિ, ચંદ્ર-મઘા યુતિ

ગ્રહગોચરઃ સૂર્ય-કુંભ, મંગળ-કુંભ, વક્રી બુધ-કુંભ (બુધ અસ્ત) વક્રી ગુરુ-મિથુન, શુક્ર-મીન, (શુક્ર પશ્ચિમમાં દેખાશે) માર્ગી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચ્યુન-મીન, માર્ગી પ્લુટો-મકર. ■

ઉત્તરાયણ - સૌર વસંતઋતુ, મંગળવાર, તા. ૩-૩-૨૦૨૬,
ધુળેટી, ધૂલીવંદ્ના, હોળાષ્ટક સમાપ્તિ

- ભારતીય દ્નિાંક ૧૨, માહે ફાલ્ગુન, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૭, ફાલ્ગુન સુદ-૧૫
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે ફાલ્ગુન, તિથિ સુદ -૧૫
- પારસી શહેનશાહી રોજ ૨૧મો રામ, માહે ૭મો મેહેર, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૨૧મો રામ, માહે ૮મો આવાં, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૧૮મો રશ્ને, માહે ૧૨મો સ્પેનદાર્મદ, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૧૩મો, માહે ૯મો રમજાન, સને ૧૪૪૭
- મીસરી રોજ ૧૫મો, માહે ૯મો રમજાન, સને ૧૪૪૭
- નક્ષત્ર મઘા સવારે ક. ૦૭-૩૧ સુધી, પછી પૂર્વાફાલ્ગુની
- ચંદ્ર સિંહમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ સિંહ (મ, ટ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૫૮, અમદાવાદ ક. ૦૭ મિ. ૦૧, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૪૩, અમદાવાદ ક. ૧૮ મિ. ૪૧, સ્ટા. ટા.
- મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ
- ભરતીઃ બપોરે ક. ૧૨-૦૬, મધ્યરાત્રે ક. ૦૦-૨૮
- ઓટઃ સાંજે ક. ૧૮-૧૨, મધ્યરાત્રિ પછી ક. ૦૬-૪૫ (તા. ૪)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, ફાલ્ગુન - શુક્લ પૂર્ણિમા. ધુલેટી, ધૂલીવંદ્ના, હોલાષ્ટક સમાપ્તિ સાંજે ક. ૧૭-૦૯, અભ્યંગ સ્નાન, અન્વાધાન, મન્વાદિ, કરિદ્નિ, શ્રી ચૈતન્ય જયંતી, ખગ્રાસ ચંદ્રગ્રહણ (ભારતમાં, મુંબઈમાં દેખાશે): ધાર્મિક દષ્ટિએ પાળવાનું રહેશે. આ ગ્રહણ સિંહ રાશિ, પૂર્વાફાલ્ગુની નક્ષત્રમાં થાય છે. દેખાવાના સ્થળોઃ ઈસ્ટ યુરોપ, એશિયા, ઓસ્ટ્રેલિયા, નોર્થ અમેરિકા, દક્ષિણ અમેરિકા, એટલાન્ટિક, હિન્દ મહાસાગર, આર્કટિક એટલાન્ટિકમાં દેખાવાનું છે. ગ્રહણ સ્પર્શઃ ક. ૧૫-૨૦, ગ્રહણ મધ્યઃ ૧૭-૦૩, ગ્રહણ મોક્ષઃ ક. ૧૮-૪૮. શુભ કાર્યો વર્જ્ય છે.
- શુભાશુભ દ્નિશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
- મુહૂર્ત વિશેષઃ શ્રી ગણેશ, શ્રી સૂર્યનારાયણ,શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, શ્રી સુક્ત-પુરુસુક્ત, શ્રીગણેશ અથર્વશીર્ષમ્ અભિષેક, તુલસીપૂજા, શ્રી વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર પાઠ વાંચન, મહાબલિ હનુમાનજીનું પૂજન, હનુમાન ચાલીસા, સુંદરકાંડ, બજરંગ બાણ વાંચન, અન્વાધાનનો ઉપવાસ, મઘા જન્મનક્ષત્ર શાંતિ પૂજા, પિતૃપૂજા, વડનું પૂજન, ઘર-ખેતર જમીનના નિત્ય થતાં કામકાજ,
- આચમનઃ ચંદ્ર-રાહુ પ્રતિયુતિ બહુ જ પહોંચેલા, ચંદ્ર-સૂર્ય પ્રતિયુતિ વ્યવહારમાં મુશ્કેલી આવે, ચંદ્ર-બુધ પ્રતિયુતિ પીઠ પાછળ નિંદા કરવાની આદત.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-રાહુ પ્રતિયુતિ, ચંદ્ર-સૂર્ય પ્રતિયુતિ (ફાગણ પૂર્ણિમા યોગ) ચંદ્ર-બુધ પ્રતિયુતિ (તા. ૪), ચંદ્ર ક્રાંતિવૃત્ત પર આવી દક્ષિણે થશે. ■

## પહેલા પાનાનું ચાલુ

### ઈરાનના

ઈરાનીઓ ઉજવણી કરી રહ્યા હતા.

લોકોએ 'ડેથ ટુ ધ ઈસ્લામિક રિપબ્લિક ઍન્ડ લૉન્ગ લીવ શાહ'ના નારા લગાવ્યા હતા.

સોશ્યલ મીડિયા પરની પૉસ્ટમાં ટ્રમ્પે લખ્યું હતું કે ખામેનેઈ માનવ ઈતિહાસનો સૌથી દુષ્ટ માણસ હતો અને તેનું મૃત્યુ થયું છે. આ માત્ર ઈરાનના લોકો માટે જ નહીં, પરંતુ લોહી તરસ્યા ખામેનેઈ અને તેની ગૅંગના સભ્યો દ્વારા જેની જેની હત્યા કરવામાં આવી હતી તે મહાન અમેરિકનો સહિત વિવિધ દેશના લોકોને મળેલો ન્યાય છે. અખાતના દેશો અને સમગ્ર વિશ્વમાં શાંતિ સ્થાપવાનું અમારું લક્ષ્ય સિદ્ધ ન થાય અને જરૂર જણાશે ત્યાં સુધી ઈરાન પર બૉમ્બમારો અને હવાઈહુમલાઓ ચાલુ જ રહેશે.

તહેરાનસ્થિત ખામેનેઈના નિવાસસ્થાનમાં ભારે તારાજી સર્જાઈ હોવાનું સેટેલાઈટ દ્વારા મોકલવામાં આવેલી તસવીરોમાં જોવા મળ્યું હતું. દરમિયાન ઈરાનના ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (આઈઆરજીસી)એ ચેતવણી આપતાં કહ્યું હતું કે ખામેનેઈના મૃત્યુનો બદલો લેવા અમે ઈઝરાયલ અને અમેરિકાના ઍરબેઝ પર સૌથી ખતરનાક હુમલાઓ કરીશું. અમેરિકા અને ઈઝરાયલે જે કર્યું છે તેની કિંમત તેમણે ચુકવવી પડશે. ઈસ્લામિક રિપબ્લિક ઑફ ઈરાનના સશસ્ત્ર દળના ઈતિહાસમાં આ સૌથી ખોફનાક હુમલાઓ હશે. (એજન્સી) ■

### ૩૦૦૦ થી

અનુસાર, આ સંઘર્ષની અસર ગુજરાતથી પ્રવાસે ગયેલા યાત્રિકો પર પડી છે. હાલ મિડલ ઈસ્ટમાં અંદાજે ૩૦૦૦ જેટલા ગુજરાતી પ્રવાસી ફસાયા હોવાના અહેવાલ છે. દુબઈ અને અબુધાબીમાં હજારો ગુજરાતીઓ વેકેશન માણવા રોકાયા હોવાના અહેવાલો પ્રાપ્ત થયા હતા, જ્યારે રમઝાન માસ નિમિત્તે ઉમરાહ કરવા ગયેલા અંદાજે ૭૦૦થી ૮૦૦ ગુજરાતી મક્કા-મદીનામાં ફસાઈ ગયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

બીજી તરફ અમદાવાદના ૫૫ જેટલા યાત્રિકોએ ફ્લાઈટ્સ રદ થવાને કારણે એરપોર્ટથી હૉટેલ પરત ફરવું પડ્યું છે અને તેઓ હવે આર્થિક મુશ્કેલી તેમ જ અનિશ્ચિતતાનો સામનો કરી રહ્યા છે. ટ્રાવેલ ઓપરેટરોના જણાવ્યા મુજબ, અત્યારે તમામ પ્રવાસીઓ સુરક્ષિત છે અને તેઓ ઈન્ડિયન એમ્બેસીના સંપર્કમાં રહીને પરત ફરવાની રાહ જોઈ રહ્યા છે. આ અંગે અમદાવાદના જમાલપુર-ખાડિયા વિસ્તારના ધારાસભ્ય ઇમરાન ખેડાવાલાએ સોશ્યલ મીડિયા દ્વારા માહિતી આપી હતી કે, તેમના મતક્ષેત્રના અને અમદાવાદના અનેક નાગરિકો હાલ સાઉદી અરેબિયાના એરપોર્ટ પર ફસાયેલા છે. મધ્ય-પૂર્વમાં સર્જાયેલી અશાંતિ અને ફ્લાઈટ્સ રદ થવાને કારણે મુસાફરો મુશ્કેલીમાં મુકાયા છે, જેના કારણે તેમના પરિવારોમાં પણ ચિંતાનું મોજું ફરી વળ્યું છે. તેમણે આ મામલે ભારત સરકાર અને વિદેશ પ્રધાન એસ. જયશંકરને તાત્કાલિક હસ્તક્ષેપ કરવા વિનંતી કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, દરેક ભારતીય નાગરિકની સુરક્ષા આપણી પ્રાથમિકતા હોવી જોઈએ. ■

### મુંબઈ, દિલ્હી

ઍરપોર્ટ પર ૬૦ ઈન્ટરનેશનલ ડિપાર્ચર અને ૪૦ અરાઈવલ ફ્લાઈટ રદ કરવામાં આવી હતી.

અખાત વિસ્તારમાં આકાર લઈ રહેલી રાજકીય પરિસ્થિતિને કારણે પશ્ચિમના દેશોની વિમાનસેવા પણ ખોરવાય અથવા તેનાં સમયપત્રકમાં ફેરફાર કરવામાં આવે એવી શક્યતા છે.

દિલ્હી ઈન્ટરનેશનલ ઍરપોર્ટ લિ. (ડીઆઈએએલ) દિલ્હીમાં ઈંદિરા ગાંધી ઈન્ટરનેશનલ ઍરપોર્ટનું સંચાલન કરે છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર રવિવારે બપોરે ૨:૩૦ વાગ્યા સુધીમાં મુંબઈ ઈન્ટરનેશનલ ઍરપોર્ટ પર કુલ ૧૨૫ ઈન્ટરનેશનલ ફ્લાઈટ રદ કરવામાં આવી હતી જેમાં ૬૭ ડિપાર્ચર અને ૫૮ અરાઈવલ ફ્લાઈટનો સમાવેશ થતો હતો.

અગાઉ નાગરિકી ઉડ્ડયન ખાતાએ રવિવારે કહ્યું હતું કે રવિવારે ડોમેસ્ટિક કેરિયર દ્વારા ૪૪૪ ઈન્ટરનેશનલ ફ્લાઈટ રદ કરવામાં આવે એવો અંદાજ છે. (એજન્સી) ■

### દુબઈ અને અબુધાબી

છે કેમ કે તેને કારણે મહત્ત્વની પરિવહન સેવા અને મિલકતોને નુકસાન થયું હોવાથી પ્રાદેશિક ગતિવિધિઓ અને આર્થિક પ્રવૃત્તિઓ ખોરવાઈ ગઈ છે જેને લીધે આ બાબતો પર નિર્ભર પડોશી દેશો સાથેના રાજદ્વારી સંબંધો સામે પણ જોખમ ઊભું થયું છે. દુબઈ પર કરવામાં આવેલા હવાઈ અને મિસાઈલ હુમલાને કારણે અખાતના દેશોમાં ગભરાટ ફેલાઈ ગયો છે અને ઈરાનમાં સરકારવિરોધી પ્રદર્શન વધુ ઉગ્ર બની રહ્યું છે.

ગાઝાને સહાયને મામલે સંયુક્ત રાષ્ટ્રસંઘે તાકીદે આપેલી ચેતવણીએ માનવતા અને સુરક્ષાને મામલે ઘેરી કટોકટી ઊભી કરી છે. દોહામાં આગના ગોળાઓ અને પલાયન થઈ રહેલા લોકોના સોશ્યલ મીડિયા પર ફરી રહેલા વીડિયોએ નાગરિકોમાં ગભરાટ ફેલાવ્યો છે. કતારના સંરક્ષણ પ્રધાને કહ્યું હતું કે આ વિસ્તારમાં અમેરિકાના સૌથી મોટા અલ ઉદેઈદ ઍરબેઝને નિશાન બનાવી છોડવામાં આવેલી અનેક મિસાઈલને અમે આંતરી લીધી હતી. ■

### કમર્શિયલ

સિલિન્ડરના ભાવમાં ૧૮૮ રૂપિયો વધારો કરવામાં આવ્યો છે. નવી દિલ્હીમાં કમર્શિયલ એલપીજી સિલિન્ડર (૧૯ કિલોના)નો ભાવ હવે ૧૭૬૮.૫૦ રૂપિયા થયો છે. આનો ભાવ કોલકાતામાં ૧૮૭૫.૫ રૂપિયા, મુંબઈમાં ૧૭૨૦.૫૦ રૂપિયા અને ચેન્નઈમાં ૧૯૨૯ રૂપિયા છે. (એજન્સી) ■

### ઈરાની સેનાનું

રાજધાનીથી ૩૩૦ કિમી દૂર આવેલો છે.

અમેરિકા અને ઇઝરાયલ દ્વારા ઈરાન પર કરવામાં આવેલા સંયુક્ત હુમલાઓથી શરૂ થયેલું યુદ્ધ હવે કતાર, યુએઇ, સાઉદી અરેબિયા અને કુવૈત સુધી ફેલાયું છે. હાલ સમગ્ર મધ્ય પૂર્વ યુદ્ધની અસર હેઠળ છે. ગલ્ફ કોઓપરેશન કાઉન્સિલ (જીસીસી)નો સમગ્ર પ્રદેશ મિલાઇલોના હુમલાનો સામનો કરી રહ્યો છે. ઇઝરાયલના ઓપરેશન રોરિંગ લાયન અને અમેરિકાના એપિક ફ્યુરી ઓપરેશને સાથે મળીને મધ્ય પૂર્વને એવા સંઘર્ષમાં ધકેલ્યું છે, જે હાલ વકરી રહ્યું હોય તેવું લાગે છે. ■

### સીબીએસઈની

પરીક્ષાઓ સ્થગિત કરવાનો નિર્ણય લીધો છે.

રવિવાર એટલે કે ૧ માર્ચના રોજ બપોરે સીબીએસઇએ સોશિયલ મીડિયા પોસ્ટમાં મધ્ય પૂર્વ અંગે એક મોટું અપડેટ આપ્યું હતું. સીબીએસઇએ સાત દેશોની તેની શાળાઓના આચાર્યોને પત્ર લખીને જાણ કરી હતી કે આવતીકાલે એટલે કે ૨ માર્ચે યોજાનારી બોર્ડની પરીક્ષાઓ સ્થગિત કરવામાં આવી રહી છે.

અત્રે એ નોંધનીય છે કે સીબીએસઇએ મધ્ય પૂર્વની શાળાઓ માટે આ નિર્દેશ જારી કર્યો છે. જેમાં બહરીન, ઈરાન, કુવૈત, ઓમાન, કતર, સાઉદી અરેબિયા અને યુએઇનો સમાવેશ થાય છે. ૨ માર્ચ, ૨૦૨૬ના રોજ યોજાનારી ધોરણ ૧૦ અને ૧૨ બોર્ડની પરીક્ષાઓ સ્થગિત રહેશે. મધ્ય પૂર્વ ક્ષેત્રના વિદ્યાર્થીઓ માટે આગામી તારીખ ટૂંક સમયમાં જાહેર કરવામાં આવશે. બોર્ડ વધુમાં જણાવ્યું કે તે ૩ માર્ચે પરિસ્થિતિની સમીક્ષા કરશે અને ૫ માર્ચથી યોજાનારી પરીક્ષાઓ અંગે નિર્ણય લેશે. ■

### પાકિસ્તાનમાં

પણ કર્યો. જોકે એક ટીવી ચેનલે દાવો કર્યો કે પોલીસે તેમના પર ગોળીબાર પણ કર્યો હતો. પ્રદર્શનકારીઓ અમેરિકાના કોન્સ્યુલેટમાં ઘૂસવાનો પ્રયાસ કરી રહ્યા હતા ત્યારે પોલીસે તેમના પર ગોળીબાર કર્યો હતો.

સિંધના ગૃહમંત્રી ઝિયાઉલ હસન લંગરે કરાચીના એડિશનલ આઈજી પાસેથી તાત્કાલિક વિગતો માગી છે, ભારપૂર્વક જણાવ્યું છે કે કોઈને પણ કાયદો પોતાના હાથમાં લેવાની મંજૂરી આપવામાં આવશે નહીં. તેમણે સંવેદનશીલ સ્થળો પર સુરક્ષા વધારવાની વાત કરી હતી. વિરોધ પ્રદર્શન દરમિયાન ટ્રાફિકને અડચણ ના થાય તે માટે વૈકલ્પિક માર્ગો નક્કી કરવા જોઈએ. કાયદાકીય એજન્સીઓ સંપૂર્ણપણે સતર્ક છે અને પરિસ્થિતિ પર નજીકથી નજર રાખી રહી છે. ■

### પાક-અફઘાનિસ્તાનની

છે. જ્યારે ૬૬ લોકો ઘાયલ થયા છે. તાલિબાન સરકારના નાયબ પ્રવક્તાના જણાવ્યા અનુસાર ઘણાં ઘરો પણ નાશ પામ્યાં છે. મીડિયા અહેવાલ મુજબ અત્યાર સુધીમાં આ હુમલાઓમાં બાવન નાગરિકો મૃત્યુ પામ્યા છે. જેમાં મોટાભાગના મહિલાઓ અને બાળકોનો સમાવેશ થાય છે. જ્યારે ૬૬ લોકો ઘાયલ થયા છે. આઠ ઘરો સંપૂર્ણપણે નાશ પામ્યાં છે. જ્યારે અન્ય ૧૪ ઘરોને આંશિક નુકસાન થયું હોવાનું નાયબ પ્રવક્તા હમદુલ્લાહ ફિતરતે જણાવ્યું હતું. ■

### ૧૫ નક્સલીઓનું

સંભાળતા શર્માએ રાયપુરમાં પત્રકારોને જણાવ્યું કે આજનું પુનર્વસન ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. બલાંગીર-બરગઢ-મહાસમુંદ વિભાગના ૧૫ નક્સલીઓએ આત્મસમર્પણ કર્યું છે. આ વિભાગમાં માત્ર ૧૫ સભ્યો બાકી હતા અને તે બધાએ હવે હથિયાર મૂકી દીધાં છે. આત્મસમર્પણ કરનારાઓમાં સ્પેશિયલ ઝોનલ કમિટી-લેવલનો સભ્ય વિકાસ પણ હતો. તે માઓવાદી સંગઠનના વેસ્ટ સબ-ઝોનલ વિંગના સેક્રેટરી તરીકે કામ કરી રહ્યો હતો. આત્મસમર્પણ કરનારા કેડરમાં છ પુરુષો અને નવ મહિલાઓ છે. શર્માએ જણાવ્યું કે બધાએ ત્રણ એકે-૪૭ રાઇફલ, બે સેલ્ફ-લોડિંગ રાઇફલ (એસએલઆર), બે આઇએનએસએએસ રાઇફલ અને ત્રણ.૩૦૩ રાઇફલ સહિત હથિયારોના જથ્થા સાથે આત્મસમર્પણ કર્યું હતું. ■

### બાસમતી ચોખાની

નિકાસ પણ પ્રભાવિત થવાની શક્યતા છે. ઈરાનમાં અનિશ્ચિતતા મધ્ય એશિયામાં પણ ચોખાની નિકાસને અસર કરી શકે છે.

મધ્ય પૂર્વમાં ઈરાન અને ઈઝરાયલ વચ્ચે વધી રહેલા તણાવે વૈશ્વિક ચિંતાઓ વધારી છે. ઈરાન સામે લશ્કરી કાર્યવાહીના કારણે પરિસ્થિતિ ભારત માટે તણાવપૂર્ણ બની ગઈ છે. ઈરાન અને ઈઝરાયલ વચ્ચેના યુદ્ધની અસર ભારતના તેલ, વેપાર, શૅરબજાર અને સોના-ચાંદીના ભાવ પર પડી શકે છે. જો યુદ્ધ વધુ વધશે તો હોર્મુઝ સ્ટ્રેટ બંધ થઈ શકે છે, જેની અસર ભારતના ક્રૂડ ઓઈલના સપ્લાય પર થઈ શકે છે.

નિષ્ણાતોનું માનવું છે કે યુદ્ધ વધવાથી ક્રૂડ ઓઈલના ભાવમાં વધારો થઈ શકે છે. તેલના ભાવ વધી શકે છે જેની અસર શૅરબજાર પર પડશે. સૂત્રોના જણાવ્યા અનુસાર, જો હોર્મુઝ સ્ટ્રેટ બંધ થાય છે તો ભારત અન્ય વિકલ્પો પર વિચાર કરી શકે છે. ઈરાન અને ઈઝરાયલ વચ્ચેના યુદ્ધથી માત્ર તેલ જ નહીં, પરંતુ ભારતના વેપાર પર પણ ખતરો છે. એક અહેવાલ મુજબ, ઈરાનથી ભારત આવતા બાસમતી ચોખા, ચા, મસાલા, તાજાં ફળો, શાકભાજી અને એન્જિનિયરિંગ સામાનની સપ્લાય પર અસર થઈ શકે છે.

ઈરાન પર ઈઝરાયલ-અમેરિકાના હુમલા પછી વધી રહેલા તણાવથી હવે પશ્ચિમ એશિયામાં ભારતના આર્થિક હિતોને નુકસાન થવા લાગ્યું છે. વૈશ્વિક સ્તરે ક્રૂડ ઓઈલના ભાવમાં વધારો અને ઈરાનમાં ભારતની નિકાસમાં અચાનક અડચણ ઊભી થઈ છે. ભારતના નિકાસકારો ખાસ કરીને ચિંતિત છે કારણ કે ઈરાન ભારતીય બાસમતી ચોખાનો સૌથી મોટો ખરીદદાર છે. યુદ્ધને કારણે અનિશ્ચિતતા વધતી હોવાથી વેપારમાં ઘટાડો થયો છે, જેના કારણે શિપમેન્ટ અને પેમેન્ટ પર ખતરો ઊભો થયો છે.

ફોર્ચ્યુન રાઇસ લિમિટેડના ડિરેક્ટર અને ઓલ ઈન્ડિયા રાઇસ એક્સપોર્ટર્સ એસોસિયેશનના જનરલ સેક્રેટરી અજય ભાલોટિયાએ જણાવ્યું હતું કે યુદ્ધ શરૂ થયાના બે મહિના અગાઉ ઈરાની આયાતકારોએ બાસમતી ચોખા માટે મોટા ઓર્ડર આપ્યા હતા. આ ભારે ઓર્ડરને કારણે ભારતીય બજારોમાં બાસમતીના ભાવ પ્રતિ કિલો લગભગ ૧૦ રૂપિયા વધ્યા હતા. યુદ્ધ શરૂ થયું ત્યારથી ભારતીય બાસમતી ચોખાની નિકાસ લગભગ બંધ થઈ ગઈ છે. ભારતથી ઈરાનમાં નિકાસ કરવામાં આવતા બાસમતી ચોખાનું શિપમેન્ટ હાલમાં રસ્તામાં છે. વર્તમાન પરિસ્થિતિમાં ઈરાની આયાતકારો આ બાસમતી ચોખાની ડિલિવરી લઈ શકશે કે કેમ તે અંગે નોંધપાત્ર અનિશ્ચિતતા છે. ઈરાન પર અમેરિકા અને ઇઝરાયલના હુમલા બાદ હરિયાણાના ચોખાના નિકાસકારોનું શિપમેન્ટ ઈરાન અને અફઘાનિસ્તાનમાં અટકી ગયું હતું. હવે નિકાસકારોને પૈસા આવવામાં વિલંબનો ડર સતાવી રહ્યો છે. રાઈસ એક્સપોર્ટર્સ એસોસિયેશનના રાજ્ય એકમના પ્રમુખ સુશીલ કુમાર જૈને રવિવારે જણાવ્યું હતું કે, "વ્યાપાર પર યુદ્ધની કેટલીક અસર પહેલાથી જ શરૂ થઈ ગઈ છે."

ઈરાનના સૌથી મોટા પોર્ટ બંદર અબ્બાસના રસ્તે ઈરાન અથવા અફઘાનિસ્તાન જતાં જહાજો અટકી ગયાં છે. જૈને પીટીઆઈને જણાવ્યું હતું કે, "પરિસ્થિતિ સુધરે ત્યાં સુધી આ શિપમેન્ટ અટકી જશે જેનાથી બજાર પર અસર થશે. રૂપિયા મળવામાં પણ વિલંબ થઈ શકે છે." ■

### ભારતમાં

ખામેનેઈના મૃત્યુના વિરોધમાં વિરોધ પ્રદર્શન કર્યું હતું. આ કાર્યક્રમો શિયા સમુદાયમાં હુમલાની નિંદા કરવા અને શોક વ્યક્ત કરવા માટે આયોજિત કરવામાં આવ્યા હતા, જ્યારે દેશના અન્ય ભાગો, જેમ કે લખનઉ અને શ્રીનગરમાં વિરોધ પ્રદર્શનો અને શોક પ્રદર્શનો કકરવામાં આવ્યા હતા.

પ્રદર્શનો દરમિયાન લોકોએ ઇઝરાયલ અને અમેરિકાની વિરોધમાં નારા લગાવ્યા હતા. ઘણા લોકોએ પ્લેકાર્ડ અને બેનરો પકડ્યા હતા. પ્રદર્શનકારીઓએ જણાવ્યું હતું કે તેઓ ઇરાન સાથે એકતા દર્શાવવા માટે રસ્તાઓ પર ઉતર્યા છે. જામિયા નગર અને આસપાસના વિસ્તારોમાં પ્રદર્શનોમાં ભાગ લેનારા કેટલાક લોકોએ જણાવ્યું હતું કે આ ફક્ત એક દેશનો મામલો નથી, પરંતુ સમગ્ર રાષ્ટ્ર અને ન્યાયનો પ્રશ્ન છે. તેઓએ જણાવ્યું હતું કે તેઓ કોઈ હિંસા ઇચ્છતા નથી, પરંતુ શાંતિપૂર્ણ રીતે પોતાનો વિરોધ નોંધાવી રહ્યા છે. કેટલાક સ્થાનિક રહેવાસીઓએ એવી પણ ચિંતા વ્યક્ત કરી હતી કે આંતરરાષ્ટ્રીય સમુદાયે ખાતરી કરવી જોઈએ કે સ્થાનિક વાતાવરણ વધુ ખરાબ ન થાય. પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને જામિયા નગર અને આસપાસના વિસ્તારોમાં પોલીસ દળો તૈનાત કરવામાં આવ્યા હતા. પોલીસ અધિકારીઓએ જનતાને શાંતિ જાળવવા અને કાયદો પોતાના હાથમાં લેવાથી દૂર રહેવા અપીલ કરી હતી. કોઈ મોટી અથડામણ કે હિંસાના કોઈ અહેવાલ નથી અને પરિસ્થિતિ નિયંત્રણમાં હોવાનું કહેવાય છે. વહીવટીતંત્રે સ્પષ્ટતા કરી છે કે તે સમગ્ર પરિસ્થિતિ પર નજર રાખી રહ્યું છે અને કોઈપણ અફવાઓ સામે સલાહ આપવામાં આવી છે. ■





# મહારાષ્ટ્ર મહિલા આયોગનો કાર્યસ્થળ પર જાતીય સતામણી બાબતે પેનલોનું ઓડિટ કરવાનો આદેશ

મુંબઈઃ મહારાષ્ટ્ર મહિલા આયોગના અધ્યક્ષ રૂપાલી ચાકણકરે તમામ જિલ્લા કલેક્ટરો અને વિભાગીય કમિશનરોને રાજ્યભરની સરકારી અને ખાનગી કચેરીઓમાં કાર્યસ્થળ પર જાતીય સતામણી સામે આંતરિક સમિતિઓનું ઓડિટ કરવાનો નિર્દેશ આપ્યો છે.

આ પગલાનો હેતુ કાર્યસ્થળ પર મહિલાઓના જાતીય સતામણી (નિવારણ, પ્રતિબંધ અને નિવારણ) અધિનિયમ, ૨૦૧૩ (પોશ એક્ટ)ના યોગ્ય અમલને સુનિશ્ચિત કરવાનો છે, જે તમામ કચેરીઓમાં જાતીય સતામણીની ફરિયાદોને સંભાળવા માટે આંતરિક સમિતિ રાખવાનું ફરજિયાત બનાવે છે.જિલ્લા સ્તરે, એક સત્તાવાર પ્રકાશનમાં જણાવાયું છે કે સ્થાનિક ફરિયાદ સમિતિ પણ હોવી જોઈએ.

કમિશને જણાવ્યું હતું કે મુલાકાતો દરમિયાન અને મળેલી ફરિયાદોમાંથી ઘણી સમસ્યાઓ મળી આવી હતી.

ઘણી કચેરીઓમાં આંતરિક સમિતિઓ હોતી નથી, કેટલીક પેનલો ફક્ત કાગળ પર જ અસ્તિત્વ ધરાવે છે, કાયદા વિશે ઓછી જાગૃતિ હોય છે, સભ્યોને તાલીમ આપવામાં આવતી નથી, વાર્ષિક અહેવાલો સબમિટ કરવામાં આવતા નથી અને જરૂરી ડિસ્પ્લે બોર્ડ ખૂટે છે, એવી નોંધ આમાં કરવામાં આવી હતી.

અધિકારીઓને આંતરિક સમિતિઓ યોગ્ય રીતે રચાઈ રહી છે અને કાર્યરત છે કે નહીં તે તપાસવાનું કહેવામાં આવ્યું છે.

કમિશને જણાવ્યું હતું કે, દરેક ઓફિસ માટે એક વિગતવાર ઓડિટ રિપોર્ટ તૈયાર કરવો આવશ્યક છે, જેમાં સમિતિના માળખા, પ્રાપ્ત અને પડતર ફરિયાદો, લેવામાં આવેલી કાર્યવાહી, જાગૃતિ પ્રવૃત્તિઓ, વાર્ષિક અહેવાલો અને ડિસ્પ્લે બોર્ડની વિગતોનો સમાવેશ થાય છે.જો કોઈ ઓફિસે સમિતિની રચના કરી નથી અથવા અપૂર્ણ છે, તો અધિકારીઓએ ખાતરી કરવી જોઈએ કે તે તાત્કાલિક સ્થાપિત થાય. કાયદાનું પાલન ન કરનારાઓ સામે કાનૂની કાર્યવાહી કરી શકાય, એમ પણ તેમાં જણાવાયું છે. ■

# સરકારી કર્મચારીઓ હવે 'ટેન્શન ફ્રી'! જાહેર આરોગ્ય વિભાગનું મોટું પગલું

પુણેઃ જાહેર આરોગ્ય વિભાગમાં કર્મચારીઓની ઘણી વહીવટી અને સેવા સંબંધિત ફરિયાદો છે. આ ફરિયાદોના પેન્ડિંગથી કર્મચારીઓના પેન્શન લાભો પર અસર પડે છે. ઉપરાંત, કર્મચારીઓની ફરિયાદોના પેન્ડિંગથી વર્તમાન પરિસ્થિતિમાં તેમના કામ પર અસર પડે છે. આ કારણે, આરોગ્ય વિભાગમાં કર્મચારીઓની વહીવટી ફરિયાદોના નિવારણ માટે આરોગ્ય અદાલત અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. આમાં, વહીવટી પાંચ-મુદ્દાની કાર્ય પ્રણાલી લાગુ કરીને ફરિયાદોનું નિરાકરણ કરવામાં આવી રહ્યું છે. આરોગ્ય વિભાગના પુણે સર્કલના ડેપ્યુટી ડિરેક્ટર ડો. ભગવાન પવારે આ અભિયાન શરૂ કર્યું છે.

પુણે સર્કલમાં પુણે, સતારા અને સોલાપુર જિલ્લાઓનો સમાવેશ થાય છે. વિશ્વ આરોગ્ય દિવસ નિમિત્તે સાતમી એપ્રિલ સુધીમાં ૫૦૦૧ ફરિયાદોનું નિરાકરણ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. આરોગ્ય વિભાગે માહિતી આપી હતી કે સર્કલમાં આવેલી તમામ કચેરીઓમાં પડતર કેસોની માહિતી મેળવવા અને તેમની સુનાવણી માટે પગલાં લેવામાં આવ્યા છે.

### ફરિયાદો શું છે?

આરોગ્ય કર્મચારીઓની વહીવટી અને સેવા સંબંધિત ફરિયાદોમાં ટ્રાન્સફર, બઢતી, માનદ વેતન અથવા પગાર, રજા, કામનો તણાવ, નિમણૂકના આદેશો અને સેવા શરતોનો સમાવેશ થાય છે. આ ફરિયાદો લાંબા સમયથી પડતર રહે છે. ઉપરી અધિકારીઓ દ્વારા સમયસર નિર્ણયો ન લેવાને કારણે કર્મચારીઓમાં અસંતોષ ઉભો થાય છે. વ્યક્તિગત અને સેવા સંબંધિત સમસ્યાઓ કર્મચારીઓનું મનોબળ ઘટાડે છે અને તેમના કામને અસર કરે છે. ■

# મહારાષ્ટ્રમાં સેક્સ રેશિયોમાં સુધારોઃ આરોગ્ય પ્રધાન

મુંબઈઃ મહારાષ્ટ્રના આરોગ્ય પ્રધાન પ્રકાશ આબિતકરે બુધવારે જણાવ્યું હતું કે સરકાર સેક્સ રેશિયોમાં સુધારો કરવા માટે સ્ત્રી ભ્રૂણ હત્યાને રોકવાના હેતુથી પીસીપીએનડીટી કાયદાને મજબૂત કરવા માટે પગલાં લેશે. વિધાનસભામાં પીસીપીએનડીટીના જિતેન્દ્ર આવ્હાડ દ્વારા રજૂ કરાયેલ ધ્યાન સૂચક નોટિસ પર બોલતા, આબિતકરે જણાવ્યું હતું કે રાજ્યનો સેક્સ રેશિયો ૨૦૨૩ માં ૧,૦૦૦ પુરુષો સામે ૯૦૭ સ્ત્રીઓથી સુધરીને ૨૦૨૪ માં ૯૧૨ થયો છે, અને હવે તે ૯૧૩ છે. તેમણે કહ્યું કે પ્રી-કન્સેપ્શન એન્ડ પ્રી-નેટલ ડાયગ્નોસ્ટિક ટેક્નિક્સ પીસીપીએનડીટી એક્ટનો અસરકારક રીતે અમલ થઈ રહ્યો છે.

ડિકોય કેસનો ઉપયોગ કરીને ૯૦ સ્ટિંગ ઓપરેશન દ્વારા, ૬૨૭ કેસ દાખલ કરવામાં આવ્યા હતા, અને ૧૨૯ ડોકટરોના રજીસ્ટ્રેશન રદ કરવામાં આવ્યા હતા, એમ તેમણે સમયનો ઉલ્લેખ કર્યા વિના કહ્યું.

આવ્હાડે માંગ કરી હતી કે પીસીપીએનડીટી કાયદાના ઉલ્લંઘનને સંગઠિત ગુનો ગણી તેના પર કડક એમસીઓસીએ ખઈઘઈઅ (મહારાષ્ટ્ર સંગઠિત ગુના નિયંત્રણ અધિનિયમ) લાગુ કરવામાં આવે. પ્રધાને હાલના નિયમો કડક કરવાની ખાતરી આપી આ મુદ્દે વધુ સામાજિક જાગૃતિની જરૂરિયાત પર પણ ભાર મૂક્યો અને તે દિશામાં સંકલિત પ્રયાસો કરવા હાકલ કરી. (પીટીઆઈ) ■

# વિદ્યાવિહારમાં અકસ્માત માટે જવાબદાર સગીરને કડક સજાની માગણી સાથે કૅન્ડલ માર્ચ યોજાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વિદ્યાવિહારમાં બેફામ કાર ચલાવી સ્કૂટરસવાર ધ્રુમિલ પટેલના મૃત્યુ અને તેની પત્ની મીનલને ગંભીર જખમી કરનારા સગીરને કડક સજા મળવી જોઈએ, એવી માગણી સાથે રવિવારે ઘાટકોપરમાં કૅન્ડલ માર્ચ કાઢવામાં આવી હતી.

ઘાટકોપરમાં રહેતા ધ્રુમિલના કાકા મહેશભાઈએ જણાવ્યું હતું કે નક્કી થયા મુજબ રવિવારે સાંજે છ વાગ્યા પછી કૅન્ડલ માર્ચ થઈ હતી. વિદ્યાવિહારની સૌમૈયા કૉલેજના ગેટ નંબર-૩ પાસેના અકસ્માત સ્થળથી આરોપી રહે છે તે ચેમ્બુરના તિલક નગર વિસ્તારના લાલ મેદાન સુધી આ માર્ચ હતી.

દંપતીને ન્યાય અપાવવા અને આરોપીને કડક સજાની માગણી સાથે કૅન્ડલ માર્ચ કાઢવામાં આવી હતી, જેમાં આશરે ૫૦૦થી વધુ લોકો જોડાયા હતા. હાથમાં કૅન્ડલ સાથે લાલ મેદાન સુધી પહોંચેલા પરિવારજનોમાં આક્રોશ પણ ધરબાયેલો હતો.

પ્લાયવૂડનો વ્યવસાય ધરાવતો ધ્રુમિલ પટેલ (૩૩) પત્ની મીનલ (૩૨) સાથે સ્કૂટર પર પાંચમી ફેબ્રુઆરીની રાતે ઘરે પાછો ફરતો હતો ત્યારે વિદ્યાવિહારમાં તાનસા પાઈપલાઈન રોડ પર સોમૈયા કૉલેજ પાસે કારે સ્કૂટરને ટક્કર મારી હતી. આ ઘટનામાં સ્કૂટરસવાર પટેલ દંપતી ગંભીર રીતે ઘવાયું હતું. સારવાર માટે બન્નેને ઘાટકોપરની ખાનગી હૉસ્પિટલમાં દાખલ કરાયાં હતાં. સારવાર દરમિયાન ૧૫ ફેબ્રુઆરીએ ધ્રુમિલનું મૃત્યુ થયું હતું, જ્યારે મીનલ હજુ પથારીવશ છે.

અકસ્માતને પગલે તિલક નગર પોલીસે ગુનો નોંધી કાર ચલાવનારા ૧૭ વર્ષના સગીર અને તેના પિતા વાલજી રાજા ભૂષણની ધરપકડ કરવામાં આવી હતી. સગીરને ૧૨મા ધોરણની પરીક્ષા આપવા માટે જામીન પર છોડવામાં આવ્યો હતો. જોકે આ ગંભીર પ્રકારનો ગુનો હોવાથી સગીરને પુખ્ત ગણી તેની વિરુદ્ધ કડક કાર્યવાહીની માગણી પટેલના પરિવારજનો અને મિત્રોએ કરી હતી. ■

# મુંબઈથી વિજયદુર્ગ માત્ર ૭ કલાકમાંઃ રો-રો સેવાનો શુભારંભ



(અમય ખરાડે)

મુંબઈઃ કોંકણ વાસીઓ લાંબો સમયથી જળમાર્ગ પ્રવાસના વિકલ્પની આતુરતાથી રાહ જોઈ રહ્યા હતા. ઘણા વખતથી રખડી પડેલ મુંબઈ-વિજયદુર્ગ રો-રો સેવાનું મુહૂર્ત આખરે નીકળ્યું છે. આ સાથે કોંકણમાં રવિવારે દરિયાઈ પરિવહનમાં એક નવો અધ્યાય શરૂ થયો છે.

આ સેવા રવિવાર, ૧ માર્ચથી શરૂ થઈ છે. તેના દ્વારા, મુંબઈથી વિજયદુર્ગ માત્ર ૭કલાકમાં પહોંચી શકાય છે. રાજ્યના મુખ્યપ્રધાન દેવેન્દ્ર ફડણવીસે આ સેવાની શરૂઆત બદ્દલ લોકોને અભિનંદન આપ્યા છે.આને એશિયાની સૌથી ઝડપી રો-રો ફેરી સેવા માનવામાં આવે છે. આ ફેરી દર બુધવાર અને શનિવારે સવારે ૮ વાગ્યે મુંબઈથી ઉપડશે અને બપોરે ૩ વાગ્યે વિજયદુર્ગ પહોંચશે. મુંબઈ પરત ફરવા માટે આ બોટ દર ગુરુવાર અને રવિવારે બપોરે ૧ વાગ્યે વિજયદુર્ગથી ઉપડશે અને સાંજે ૭ વાગ્યે મુંબઈ પહોંચશે. જળ પરિવહનને પ્રોત્સાહન આપવાની સરકારની પહેલના ભાગ રૂપે, મહારાષ્ટ્ર મેરીટાઇમ બોર્ડે ખરખ ફેરીઓને મુંબઈ-કોંકણ રૂટ પર પેસેન્જર રો-પેક્સ ફેરી સેવાઓ ચલાવવાની મંજૂરી આપી છે.આ ફેરીમાં મુસાફરીનું ભાડું ઇકોનોમી માટે ૨,૫૦૦ રૂપિયા, પ્રીમિયમ ઇકોનોમી માટે ૪,૦૦૦ રૂપિયા, ટુ-વ્હીલર માટે ૧,૦૦૦ રૂપિયા, સાયકલ માટે ૬૦૦ રૂપિયા અને ફોર-વ્હીલર માટે ૬,૦૦૦ રૂપિયા રહેશે.આ સેવા માટે ૬૨૫ ટિકિટોમાંથી, શનિવારે રાત્રે ૮:૩૦ વાગ્યા સુધીમાં ૪૪૬ ટિકિટો વેચાઈ ગઈ હતી. મોડી રાત સુધી ટિકિટ વેચાણ ચાલુ હતું. ■

# એક ભૂલ અને બે અધિકારીઓનાં પત્તાં કપાયાં; પંકજા મુંડેની બેઠક પછી ખરેખર શું થયું?

મુંબઈઃ મહારાષ્ટ્ર રાજ્ય વહીવટીતંત્રની શુક્રવારની બેઠકમાં મોટો હોબાળો મચી ગયો હતો. મહારાષ્ટ્ર પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (એમપીસીબી)ના બે ખૂબ જ વરિષ્ઠ અધિકારીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

ભાજપના પ્રધાન દ્વારા બોલાવવામાં આવેલી બેઠકમાં ગેરહાજર રહેવા બદલ સસ્પેન્શનની કાર્યવાહી કરવામાં આવી છે. એક વરિષ્ઠ આઈએએસ અધિકારી આમાં સામેલ હોવાથી, તે સમગ્ર કેબિનેટ અને નાગરિક સેવા વર્તુળોમાં ચર્ચાનો વિષય બની ગયો છે. મહારાષ્ટ્રનું બજેટ સત્ર હાલમાં રાજ્યમાં ચાલી રહ્યું છે. મહારાષ્ટ્ર વિધાનસભાની કાર્યવાહી દરમિયાન, ચંદ્રપુર જિલ્લામાં વધતા પ્રદૂષણના સ્તર પર ચર્ચા થઈ. આ ચર્ચામાં, પર્યાવરણ પ્રધાન પંકજા મુંડેએ ગૃહને માહિતી આપી કે તેમણે ચંદ્રપુરમાં ગંભીર પર્યાવરણીય સમસ્યાઓના ઉકેલ માટે વારંવાર બેઠકોનું આયોજન કર્યું છે. જોકે, એમપીસીબીના કેટલાક વરિષ્ઠ અધિકારીઓ આ બેઠકોમાં સતત ગેરહાજર રહ્યા હતા. આ સંદર્ભે પ્રધાન દ્વારા ઉઠાવવામાં આવેલા મુદ્દાને વિધાનસભાના કાર્યકારી અધ્યક્ષ દિલીપ લાંડે દ્વારા ખૂબ જ ગંભીરતાથી લેવામાં આવ્યો હતો. આ ઘોર બેદરકારી છે. તે લોકશાહી પ્રક્રિયાનું પણ અપમાન છે, એમ દિલીપ લાંડેએ જણાવ્યું હતું. આ પછી, તેમણે તાત્કાલિક અધિકારીઓને સસ્પેન્ડ કરવાનો આદેશ આપ્યો હતો. આ આદેશ મુજબ, બે અધિકારીઓ સામે કાર્યવાહી કરવામાં આવી છે. આમાં, મહારાષ્ટ્ર પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના સભ્ય સચિવ એમ. દેવેન્દ્ર સિંહ (આઈએએસ) અને મહારાષ્ટ્ર પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના સંયુક્ત નિયામક સતીશ પડવાલને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. મીટિંગમાં ગેરહાજર રહેવા બદલ આઈએએસ કક્ષાના અધિકારીને સીધા સસ્પેન્ડ કરવાની ઘટના ખૂબ જ દુર્લભ માનવામાં આવે છે. સામાન્ય રીતે, આવા કિસ્સાઓમાં કારણ બતાવો નોટિસ જારી કરવામાં આવે છે. ■

# દક્ષિણ મુંબઈમાં વહેલી સવારના હોટલમાં આગ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ દક્ષિણ મુંબઈમાં ફોર્ટમાં શનિવાર મધરાત બાદ એક હોટલમાં આગ ફાટી નીકળી હતી. સદ્નસીબે આગમાં કોઈ જખમી થયું નહોતું.

ડિઝાસ્ટર મેનેજમેન્ટના જણાવ્યા મુજબ ફોર્ટમાં વાલચંદ હિરાચંદ રોડ પર ગ્રાઉન્ડ પ્લસ બે માળની બાબેલ હોટલ આવેલી છે. શનિવારે મોડી રાતના ૧૨.૫૭ વાગ્યાની આસપાસ હોટલના પહેલા અને બીજા માળા પર અચાનક આગ ફાટી નીકળી હતી. ઘટના સ્થળે ફાયરબ્રિગેડ પહોંચી ગઈ હતી અને આગ પર નિયંત્રણ મેળવવાની કામગીરી હાથ ધરી હતી. આગ ૨૦૦૦ સ્કેવર ફૂટના વિસ્તારમાં ધીમે ધીમે પહેલા અને બીજા માળા સહિત ટેરેસ સુધીના વિસ્તારમાં ફેલાઈ ગઈ હતી. આગમાં ઈલેક્ટ્રિક વાયરિંગસ ઈન્સ્ટોલેશન, લાકડાનું ફર્નિચર, ગાદલાસ ભંગાર સામાન વગેરેમાં ફેલાઈ હતી.

મોડી રાતના લગભગ ૨.૩૭ વાગ્યાની આસપાસ આગ પર નિયંત્રણ મેળવવામાં સફળતા મળી હતી. જોકે કુલિંગ ઓપરેશન મોડે સુધી ચાલ્યું હતું. આગમાં કોઈ જખમી થયું નહોતું. આગનું ચોક્કસ કારણ જાણી શકાયું નહોતું પણ પ્રાથમિક તપાસમાં શોર્ટ સર્કિટને કારણે આગ લાગી હોવાનું માનવામાં આવે છે. ■


**Statement about ownership and other particulars relating to MUMBAI SAMACHAR (DAILY EDITION) published under Rule 8 of the Registration of Newspapers (Central) Rules, 1956**

**FORM IV**

1. Place of Publication — "Red House", Sayed Abdulla Brelvi Road, (Horniman Circle), Fort, Mumbai-400 001.
2. Periodicity of its Publication .. Daily
3. Printer's Name .. Mr. Meherwanji R. Cama
   Nationality .. Indian
   Address .. B-12, Darbhanga Mansion, Carmichael Road, Mumbai-400 026.
4. Publisher's Name .. Mr. Meherwanji R. Cama for The Bombay Samachar Pvt. Ltd.
   Nationality .. Indian
   Address .. "Red House", Sayed Abdulla Brelvi Road, (Horniman Circle), Fort, Mumbai-400 001.
5. Editor's Name .. Mr. Nilesh Mahendra Dave
   Nationality .. Indian
   Address .. B-201, Soral Apt., Bldg. No. 9, 90 Feet Road, Near Siddhivinayak Temple, Pantnagar, Ghatkopar (East), Mumbai-400077.
6. Names and addresses of individuals who own the newspaper and partners or shareholders holding more than one percent of the total capital.

| | Address: |
|---|---|
| -- Mr. Meherwanji R. Cama,<br>-- Mr. Hormusji N. Cama,<br>-- Mrs. Avi B. Dastoor | Cama, Norton & Co.<br>Cama Chambers,<br>23, Meadows Street,<br>Mumbai-400 023. |
| -- The Bombay Chronicle Co. P. Ltd. | "Red House", Sayed Abdulla Brelvi Road, (Horniman Circle), Mumbai-400 023. |

I, M. R. Cama, hereby declare that the particulars given above are true to the best of my knowledge and belief.

For THE BOMBAY SAMACHAR PVT. LTD.

Dated: 2nd March 2026

M. R. Cama
PUBLISHER




**દાનવરૂપી હોળીઃ** અસત્ય પર સત્યના વિજયરૂપે હોળી દહન કરવામાં આવે છે ત્યારે દેશમાં વિરોધી સમસ્યા ઊભી કરનારાઓની દાનવરૂપી હોળી વરલી બીડીડી ચાલના આર. એસ. મંડળ દ્વારા બનાવવામાં આવી છે જેનું દહન આજે સોમવારે કરવામાં આવશે. (અમય ખરાડે)

# થાણે કોર્ટે બાળકીની જાતીય સતામણીના કેસમાં યુવકને નિર્દોષ જાહેર કર્યો

થાણેઃ થાણેની કોર્ટે બાળકીની જાતીય સતામણીના કેસમાં ૩૨ વર્ષના યુવકને નિર્દોષ જાહેર કર્યો હતો. કોર્ટે અવલોકન કર્યું હતું કે આ કેસ બાળકીની માતા સાથે લગ્નના પ્રસ્તાવને લઇ થયેલા અંગત વિવાદમાંથી ઉદ્ભવ્યો હોય તેવું લાગે છે.સ્પેશિયલ પોક્સો કોર્ટના જજ ડી.એસ. દેશમુખે ૧૩ ફેબ્રુઆરીએ આપેલા ચુકાદામાં નોંધ્યું હતું કે પીડિતાની માતા અને આરોપી રિલેશનશિપમાં હતાં. જ્યારે આરોપીએ તેની સાથે લગ્ન કરવાનો ઇનકાર કરી દીધો હતો ત્યારે ઝઘડો થયો હતો.પીડિતાને પહેલેથી શીખવાડવામાં આવ્યું હોવાની શક્યતા નકારી શકાય નહીં અને તેની જુબાની જાતીય સતામણી કરવા માટે આત્મવિશ્વાસ પ્રેરિત કરતી નથી, એમ તેમાં જણાવાયું હતું.તપાસકર્તા પક્ષ અનુસાર ૧૧ ઑગસ્ટ, ૨૦૧૯ના રોજ આ ઘટના બની હતી, જ્યારે ૧૦ વર્ષની પીડિતા તેની માતા સાથે મુંબ્રા વિસ્તારમાં બજારથી પાછી ફરી રહી હતી.

ચા વેચનારા આરોપી મોહંમદ નાસિર રેઇને પીડિતાને પાછળથી પકડી લીધી હતી અને તેની સાથે અશ્લીલ વર્તન કર્યું હતું. પીડિતાની માતાએ વિરોધ કરતાં આરોપીએ તેની મારપીટ કરી હતી, જેને કારણે તેને ફ્રેક્ચર થયું હતું.આરોપી મોહંમદ નાસિર વિરુદ્ધ ભારતીય દંડસંહિતા અને પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઓફેન્સીસ (પોક્સો) એક્ટ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.બચાવ પક્ષે દલીલ કરી હતી કે ફરિયાદી (પીડિતાની માતા) અને આરોપી લાંબા-સમયથી સંબંધમાં હતાં અને કાનૂની કાર્યવાહી બદલો લેવા જેવી હતી. કોર્ટે નોંધ્યું હતું કે પીડિતાની માતા બે વખત આરોપી સાથે લોજમાં ગઇ હતી અને લગ્નનો પ્રસ્તાવ ઠુકરાવવાને કારણે આરોપી સાથે તેનો વિવાદ થયો હતો. (પીટીઆઇ) ■

# કસારા અને મનમાડ વચ્ચે રેલવે પ્રવાસ હવે ઝડપી બનશે

મુંબઈઃ મધ્ય રેલવેનો કસારા-મનમાડ રૂટ સૌથી વ્યસ્ત રૂટ પૈકીનો એક છે. થોડા દિવસ પહેલા આ રૂટ પર પ્રોજેક્ટ શરૂ કરવાનું આયોજન કરવામાં આવ્યું હતું, તેને હવે સત્તાવાર મંજૂરી મળી ગઈ છે.મનમાડ-કસારા ત્રીજી અને ચોથી રેલવે લાઇન માટે મંજૂરી હવે મળી ગઈ છે, જેના માટે રેલ્વે મંત્રાલયે રૂ. ૧૦,૧૫૪ કરોડનું જંગી ભંડોળ મંજૂર કર્યું છે. લગભગ ૧૩૫ કિમી લાંબો આ પ્રોજેક્ટ આગામી પાંચ વર્ષમાં પૂર્ણ થવાની અપેક્ષા છે.મનમાડ-કસારા ત્રીજો અને ચોથો રૂટ શરૂ થયા પછી કસારા ઘાટમાં ચઢાવ-ઉતારનો ભાર ઓછો થશે. અત્યાર સુધી આ માર્ગ પરના ચઢાણને કારણે ટ્રેનોને ખેંચવા માટે પાછળથી વધારાના એન્જિન જોડવા પડતા હતા. નવા પ્રોજેક્ટ બાદ આ એન્જિન લગાવવાની જરૂર રહેશે નહીં, જેનાથી સમયની મોટી બચત થશે. ટ્રેનોની સંખ્યા વધારવાથી મુસાફરોની પરિવહન ક્ષમતામાં લગભગ ૩૦ ટકાનો વધારો થશે. પર્યાવરણની દૃષ્ટિએ પણ આ ફેરફાર મહત્ત્વનો સાબિત થશે. કસારા ઘાટમાં ટ્રેનોને ઓછી ઊર્જાની જરૂર પડશે, જેના કારણે દર વર્ષે અંદાજે ૫૪ કરોડ કિલો કાર્બન ઉત્સર્જનમાં ઘટાડો થશે. આ અસર પર્યાવરણ માટે આશરે ૨.૨ કરોડ વૃક્ષો વાવવા જેટલી ફાયદાકારક રહેશે. ■

# આઈએએસ અધિકારીઓની બદલી-પોસ્ટિંગ માટે સિવિલ સર્વિસીસ બોર્ડની સ્થાપના

મુંબઈઃ મહારાષ્ટ્ર કેડરના આઈએએસ અધિકારીઓની પોસ્ટિંગ અને બદલીઓની ભલામણ કરવા માટે રાજ્ય સરકારે સિવિલ સર્વિસીસ બોર્ડની રચના કરી છે.

સોમવારે સામાન્ય વહીવટ વિભાગ દ્વારા એક સરકારી ઠરાવ (જીઆર) જારી કરવામાં આવ્યો હતો જેમાં જણાવાયું હતું કે બોર્ડની રચના કેન્દ્ર સરકારના કર્મચારી અને તાલીમ વિભાગ દ્વારા ૨૮ જાન્યુઆરી, ૨૦૧૪ ના રોજ જારી કરાયેલ સૂચના અનુસાર અને ભારતીય વહીવટી સેવા (કેડર) સુધારા નિયમો, ૨૦૧૪ અનુસાર કરવામાં આવી છે. સરકારી ઠરાવ અનુસાર મહારાષ્ટ્ર સરકારના મુખ્ય સચિવ બોર્ડના અધ્યક્ષ તરીકે કામ કરશે. સૌથી વરિષ્ઠ અધિક મુખ્ય સચિવ અથવા મહેસૂલ બોર્ડના અધ્યક્ષ અથવા ફાઈનાન્શિયલ કમિશનર અથવા એને સમકક્ષ પદ અને દરજ્જાના અધિકારી સભ્ય હશે. સામાન્ય વહીવટ વિભાગમાં અધિક મુખ્ય સચિવ, મુખ્ય સચિવ અથવા સચિવ (કર્મચારી) બોર્ડના સભ્ય સચિવ તરીકે કાર્ય કરશે. (પીટીઆઈ) ■

# શિવશાહી એસી બસો બંધ કરાશે?

મુંબઈઃ મહારાષ્ટ્ર રાજ્ય માર્ગ પરિવહન નિગમે શિવશાહી બસો અંગે એક મોટો નિર્ણય લીધો છે. જેમાં શિવશાહી એસી બસો બંધ કરવાની શક્યતા છે. સતત ટેક્નિકલ ખામીઓ અને મુસાફરો તરફથી ઘટતા પ્રતિભાવને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવામાં આવી શકે છે, પરંતુ હજુ સુધી આ અંગે અંતિમ નિર્ણય લેવામાં આવ્યો નથી.મંડળની માલિકીની ૪૫૩ શિવશાહી બસોને સેમી-લક્ઝરી અને સાદી બસોમાં રૂપાંતરિત કરવામાં આવશે. એસટીના કાફલામાં હાલમાં કુલ ૬૮૮ પોતાની માલિકીની શિવશાહી બસો છે. તેમાંથી ૪૫૩ બસો હાલ રસ્તા પર દોડી રહી છે. સરકારે સ્પષ્ટતા કરી છે કે આ બસોનું આયુષ્ય ૧૦ વર્ષથી વધુ નથી. વારંવાર થતી ટેકનિકલ ખામીઓ, ખાસ કરીને એર કન્ડીશનિંગ સિસ્ટમમાં પડતી મુશ્કેલીઓ અને જાળવણીના વધતા ખર્ચને કારણે આ નિર્ણય લેવામાં આવ્યો છે. ■

# ૬૯ લાખના ખર્ચે આર્ટ ગેલરીમાં રૂપાંતરિત કરાયેલી ત્રણ ડબલ-ડેકર બસ ધૂળ ખાય છે

મુંબઈઃ મુંબઈની બસ સેવા આવતા જુલાઈમાં ૧૦૦ વર્ષ પૂર્ણ કરવા જઈ રહી છે, ત્યારે જેજે ફ્લાયઓવર નીચે ત્રણ સાદી ડબલ-ડેકર બસો ધૂળ ખાઈ રહી છે. ૬૯ લાખ રૂપિયાના ખર્ચે કેફેટેરિયા, લાઈબ્રેરી અને આર્ટ ગેલેરીમાં ફેરવવામાં આવેલી આ બસોને હવે તાળા મારી દેવામાં આવ્યા છે. એક સમયે શહેરની શાન ગણાતી આ બસોને બ્રિજ નીચે આ રીતે ઉભી રાખવા બદલ મુંબઈગરાઓએ મુંબઈ મહાનગરપાલિકા અને બેસ્ટના વહીવટ સામે ભારે નારાજગી વ્યક્ત કરી છે.

મરોલ ડેપોમાંથી ૧૫ વર્ષની સેવા પૂર્ણ કરીને ત્રણ સાદી ડબલ-ડેકર બસો વર્ષ ૨૦૨૩માં નિવૃત્ત થઈ હતી. વર્ષ ૨૦૨૧ની સુશોભીકરણ ઝુંબેશના ભાગરૂપે આ બસોને જાહેર પ્રદર્શનમાં રૂપાંતરિત કરવા માટે ૬૯ લાખ ૨૩ હજાર રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો હતો.બેસ્ટના ઇતિહાસના સાક્ષી રહેલી આ બસો હવે બંધ હાલતમાં છે. આ વાહનોમાં અમુક અંશે તોડફોડ કરવામાં આવી છે અને ધૂળ ખાઈ રહી છે. ■


પ્રાર્થના સભા



**શ્રી રાજેન્દ્ર રસિકલાલ પારેખ**

૦૬.૧૧.૧૯૫૩ - ૨૭.૦૨.૨૦૨૬

અત્યંત દુઃખ સાથે જણાવવાનું કે શ્રી રાજેન્દ્ર રસિકલાલ પારેખ તા. ૨૭.૦૨.૨૦૨૬ ના રોજ શ્રીજી ચરણ પામ્યા છે. પ્રભુ આપના આત્માને પરમશાંતિ આપે એવી પ્રાર્થના.

**પ્રાર્થના સભા** સોમવાર, ૨ માર્ચ ૨૦૨૬ સાંજે ૪ થી ૬

**સ્થળ :** વ્રજ મંડળ, એ આર રંગણેકર રોડ, સી ફેસ, ગામદેવી, મુંબઈ-૪૦૦૦૦૭.

**શ્રધ્ધા સુમન**

પત્નીઃ સંધ્યા પારેખ

પુત્ર-પુત્રવધુઃ રીષી-લીના પારેખ | પુત્રી-જમાઈઃ પ્રણામી-ઓમ તિવારી

ભાઈ-બહેનઃ અશોક-અનુજા, અજય-રીટા અને જયશ્રી-સુરેન્દ્ર જોગાની

## સંસ્થા સમાચાર

### વાત કેવી રીતે કરવી એના કોઇ ક્લાસ હોતા નથી : ધીરગુરુદેવ



શ્રી ઘાટકોપર સ્થાનકવાસી જૈન મોટા સંઘ ખાતે પૂ. શ્રી ધીરગુરુદેવ તથા મહાસતીજી વૃંદની નિશ્રામાં મા સ્વામી પૂ. જય-વિજયાજી મ. સ. આશીર્વાદિત બીનાબેન અજયભાઇ શેઠ-આનંદમંગલ હોલ ઉદ્‌ઘાટન પ્રસંગે વૈયાવચ્ચના ત્રણ રૂમનો લાભ જયોત્સ્ના મહેશ દોશી, ઇન્દિરાબેન શશીકાંત મહેતા અને હીનાબેન રમેશભાઇ કામાણી પરિવારે લીધેલ. જીવદયા ચડાવાનો લાભ ઇન્દિરાબેન શશીકાંત ઉદાણી તથા પાર્થ હિતેશભાઇ જસાણીએ લીધે. લિફ્ટ નામકરણમાં પારૂલ ઉર્વિશ વોરા લાભાર્થી બન્યાં હતાં. ઉનાળુ છાસ વિતરણ યોજનામાં દાતાઓ સહભાગી બન્યા હતા. માનદ્ આર્કિટેક્ટ ભાવિક કાંતિલાલ શાહનું સંઘ કમિટિએ મોમેન્ટોથી સન્માન કરેલ. તકતી અનાવરણ વિધિનો લાભ હસ્મિતાબેન હિતેશભાઇ જસાણીએ લીધેલ. ૨૪ તીર્થંકર નામાવલી દાતાનું અભિવાદન કરવામાં આવેલ.

તા. ૮/૩ને રવિવારે પવઇ સંઘમાં વીતરાગ વૈયાવચ્ચ ભવન ઉદ્‌ઘાટન પ્રસંગે શતાધિક ઉપાશ્રય નિર્માણ પ્રણેતા પૂ. શ્રી ધીરગુરુદેવ નિશ્રાપ્રદાન કરશે. આ પ્રસંગે પૂ. નરેશમુનિ મ. સા., પૂ નિરંજન મુનિ મ. સા., પૂ. આગમમુનિ મ. સા. આદિ તથા મહાસતીજી વૃંદ પધારશે.

સ્વાગત અને ઋણ સ્વીકાર મુકેશભાઇ કામદાર તથા દર્શકભાઇ રૂપાણીએ કરેલ.

# અલીબાગમાં ગોળી મારી હત્યા કરવાના કેસમાં આરોપીને જનમટીપ

મુંબઈ: અલીબાગમાં ગોળીબાર કરી યુવકની હત્યા અને તેના મિત્રને ગંભીર ઇજા પહોંચાડવાના ૨૦૧૯ના કેસમાં સેશન્સ કોર્ટે એક આરોપીને જનમટીપની સજા ફટકારી હતી, જ્યારે તેના સાથીને પુરાવાના અભાવે નિર્દોષ છોડી મૂક્યો હતો.

પોલીસના જણાવ્યા મુજબ સેશન્સ કોર્ટે આરોપી સમીર ઉર્ફે લાલદેવ ચવ્હાણને હત્યાની કલમ હેઠળ આજીવન કારાવાસ અને પચીસ હજાર રૂપિયાનો દંડ, હત્યાના પ્રયાસ બદલ ૧૦ વર્ષની સખત કેદ અને પચીસ હજાર રૂપિયાનો દંડ તેમ જ આર્મ્સ ઍક્ટ હેઠળ બે વર્ષની જેલ અને ૧૦ હજાર રૂપિયાના દંડની સજા સંભળાવી હતી. અલીબાગ પોલીસના જણાવ્યા મુજબ ઘટના ૩૧ માર્ચ, ૨૦૧૯ની રાતે નવ વાગ્યાની આસપાસ અલીબાગના કુરુળ પરિસરમાં દત્ત ટેકડી ખાતે બની હતી. આરોપી રાજેન્દ્ર મગર અને તેના ભાઈ વચ્ચે વડીલોપાર્જિત મિલકતને લઈ વિવાદ હતો. આ વિવાદમાં બન્ને ભાઈ વચ્ચે વેરભાવ જન્મ્યો હતો. ઘટનાની રાતે રાજેન્દ્રનો ભાઈ તેના મિત્રો સાગર પાટીલ અને ગૌરવ ભગત સાથે ઊભો હતો ત્યારે રાજેન્દ્ર મગર તેના સાથી નીલેશ વાઘમારે અને સમીર ચવ્હાણ સાથે ત્યાં આવ્યો હતો. તે સમયે સમીરે પિસ્તોલમાંથી સાગર પાટીલ અને ગૌરવ ભગત પર ગોળીબાર કર્યો હતો. આ ઘટનામાં સાગરનું મૃત્યુ થયું હતું, જ્યારે ગૌરવ ગંભીર રીતે ઘવાયો હતો.

# સુધરાઈના બ્રિજ ડિપાર્ટમેન્ટ માટે ૯,૬૫૦ કરોડ રૂપિયાની જોગવાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈ મહાનગરપાલિકનું ગયા અઠવાડિયે રજૂ કરવામાં આવેલા નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ના બજેટમાં બ્રિજ ડિપાર્ટમેન્ટ માટે સૌથી વધુ રકમનું ભંડોળ ફાળવવામાં આવ્યું છે. મુંબઈમાં હાલ મોટા પ્રમાણમાં જૂના જર્જરીત થઈ ગયેલા બ્રિજને તોડીને તેનું પુનઃબાંધકામ સહિત ટ્રાફિકની વધતી સમસ્યાને માત આપવા નવા બ્રિજ બાંધવાની સાથે જ વર્સોવા-દહિસર લિંક રોડ, દહિસર-ભાયંદર લિંક રોડ જેવા પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યા છે. આ પ્રોજેક્ટ માટે પાલિકાના બજેટમાં ૯,૬૫૦ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે.પાલિકાના બજેટમાં બ્રિજ ડિપાર્ટમેન્ટ માટે મોટું ભંડોળ ફાળવવામાં આવ્યું છે પણ તેમાંથી મોટાભાગનો હિસ્સો મુંબઈ કોસ્ટલ રોડ (ઉત્તર) પ્રોજેક્ટને ભંડોળ આપવામાં જશે, જે વર્સોવાથી દહિસરને જોડવાનો છે. તેમ જ આગળ ભાયંદર લિંક રોડને જોડશે.

એ સિવાય પૂર્વ અને પશ્ચિમ ઉપનગરને જોડનારો વધુ એક કનેક્ટર ગોરેગામ-મુલુંડ લિંક રોડનું પણ ઝડપથી આગળ વધારવામાં આવ્યું છે. આ ઉપરાંત મલ્ટિ-મોડેલ ટનલ ક્નેકિટીવિટીનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. મુંબઈમાં સુદરાઈ ૬૧૨ મહત્ત્વના બાંધકામનું જાણવળીનું કામ કરે છે, જેમાં ફ્લાયઓવર, રેલ ઓવર બ્રિજ, ફૂટ ઓવર બ્રિજ અને સબ-વેનો સમાવેશ થાય છે. તેમાથી ૫૩૨ પાલિકાની માલિકીની છે અને ૮૦ ઈસ્ટર્ન અને વેસ્ર્ટન એક્સપ્રેસ હાઈવે પર છે. મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી અને મહારાષ્ટ્ર સ્ટેટ રોડ ડેવલપમેન્ટ કૉર્પોરેશન દ્વારા બાંધવામાં આવ્યા હતા અને હવે તેને જાણવળી માટે પાલિકાને સોંપી દેવામાં આવ્યા છે.

તાજેતરના વર્ષોમાં શરૂ કરાયેલા ૧૦૧ પ્રોજેક્ટમાંથી ૨૪ પૂર્ણ થઈ ગયા છે. ૨૩ પ્રોજેક્ટનું કામ માર્ચ ૨૦૩૧ સુધીમાં પૂર્ણ થશે અને બાકીના ૨૩ નાણાકીય વર્ષ ૨૦૨૮-૨૯ સુધીમાં પૂર્ણ થવાની અપેક્ષા છે.

# પંજાબમાં ધર્મ પરિવર્તનો કરાવનારો સામે કાર્યવાહી કરોઃ અમિત શાહ

નવી મુંબઈ : કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહે રવિવારે કહ્યું કે પંજાબમાં ધાર્મિક પરિવર્તન થઈ રહ્યું છે અને ભગવંત માન સરકાર અને સામાન્ય લોકોને લોભ દ્વારા પ્રેરિત આ પ્રથા બંધ કરવા અપીલ કરી. શાહે નવી મુંબઈના ખારઘરમાં ગુરુ તેગ બહાદુરની ૩૫૦મી શહીદ જયંતી નિમિત્તે 'હિંદ-દી-ચાદર' સ્મૃતિ કાર્યક્રમને સંબોધિત કરતી વખતે ગુરુ તેગ બહાદુરના બલિદાનને યાદ કર્યું.

તેમણે કહ્યું કે એવું કહેવામાં આવે છે કે પંજાબમાં ધર્મ પરિવર્તન થઈ રહ્યું છે. ગુરુ તેગ બહાદુરે બીજાના ધર્મોને બચાવવા માટે પોતાનું બલિદાન આપ્યું. તેઓએ અત્યાચારોનો સામનો કર્યો, પરંતુ આપણે કોઈ લોભને કારણે ધર્મ પરિવર્તન કરવાનું પસંદ કરીએ, તો આપણે આપણા મહાન ગુરુઓના અનુયાયી કેવી રીતે કહેવાઈએ? તેમણે ઉમેર્યું કે પંજાબ સરકાર, સમાજ અને તમામ ધર્મોના લોકોએ ત્યાં થઈ રહેલા ધાર્મિક ધર્મ પરિવર્તન બંધ કરાવવા જોઈએ. શાહે કહ્યું કે, ગુરુ તેગ બહાદુરે કહ્યું હતું કે જો ઔરંગઝેબ મને ધર્માંતરિત કરી શકે, તો બધા લોકો ધર્મ પરિવર્તન કરશે. ઔરંગઝેબે પડકાર સ્વીકારીને અમાનુષી અત્યાચાર ગુજાર્યા અને ગુરુ તેગ બહાદુરના સાથીઓની હત્યા કરી, પરંતુ ગુરુ ક્યારેય પાછળ હટ્યા નહીં. અંતે ગુરુ તેગ બહાદુરે પોતાનું બલિદાન આપ્યું. તેમના બલિદાનથી લોકોને ઔરંગઝેબ સામે લડવાની પ્રેરણા મળી.

# 'મોદી ઈઝરાયલથી પાછા ફર્યા અને બે દિવસમાં ઈરાન સાથે યુદ્ધ શરૂ થયું'

## સંજય રાઉતે શંકા વ્યક્ત કરી

મુંબઇઃ અમેરિકા, ઈરાન અને ઈઝરાયલ વચ્ચે ચાલી રહેલા ભીષણ યુદ્ધના પ્રત્યાઘાત ભારતમાં પણ દેખાવા લાગ્યા છે. હવે શિવસેના ઠાકરે જૂથના સાંસદ સંજય રાઉતે પ્રેસ કોન્ફરન્સ કરીને કેન્દ્ર સરકાર પર ગંભીર આરોપો લગાવ્યા છે. સંજય રાઉતે ઈરાનના સર્વોચ્ચ નેતા આયાતોલ્લાહ અલી ખામેનીના મૃત્યુના સમાચાર પર ટિપ્પણી કરતા વડા પ્રધાન નરેન્દ્ર મોદીની વિદેશ નીતિ પર સવાલ ઉઠાવ્યા છે. સંજય રાઉતે તાજેતરમાં મીડિયા સાથે વાતચીત કરતા કહ્યું હતું કે આ યુદ્ધ ફક્ત વિદેશ પૂરતું મર્યાદિત નથી. વડા પ્રધાન મોદી બે દિવસ પહેલા ઇઝરાયલથી પાછા ફર્યા હતા અને બીજા જ દિવસે ઇરાન અને ઇઝરાયલ વચ્ચે યુદ્ધ શરૂ થયું હતું. આ કોઈ સંયોગ ન હોઈ શકે. મોદીના ટ્રમ્પ અને નેતન્યાહૂ સાથે ગાઢ સંબંધો છે. તેથી તેમણે યુદ્ધ શરૂ થયું ત્યારે જ તેને રોકી દેવું જોઈતું હતું, એમ સંજય રાઉતે કહ્યું. કાશ્મીર મુદ્દા પર ઈરાન હંમેશા ભારતની પડખે રહ્યું છે. ભારત ઈરાન પાસેથી ખૂબ જ સસ્તા દરે તેલ મેળવી રહ્યું હતું. સંજય રાઉતે ભય વ્યક્ત કર્યો હતો કે આ યુદ્ધના પરિણામે તેલના ભાવમાં વધારો થવાને કારણે ભારત મોંઘવારીનો ભોગ બનશે.

## હિન્દુ મરણ

**લુહાર સુથાર**

મૂળગામ પાંચ તલાવડા હાલ મીરારોડ સ્વર્ગવાસી બટુકભાઈ મેઘજીભાઈ મકવાણા (ઉં.વ. ૭૯) ૨૮- ૨-૨૬ શનિવારના શ્રીજી ચરણ પામ્યા છે તે મંગળાબેનના પતિ તથા હરિભાઈ જીવરાજભાઈ મકવાણાના કાકા તથા દિલીપભાઈ, મહેશભાઈ તથા રેખાબેન રમેશભાઈ રાઠોડના પિતાશ્રી તથા દામનગરવાળા ત્રિભોવનભાઈ નારણદાસ પરમારના જમાઈ. તેમની પ્રાર્થનાસભા તા. ૨/૩/૨૬ સોમવારના સાંજે ૫ થી ૭ કલાક નીચેના સરનામે રાખેલ છે. લુહાર સુથાર વેલફેર સેન્ટર આંબા માતાજી મંદિરની બાજુમાં, કાર્ટર રોડ નંબર ત્રણ, બોરીવલી ઇસ્ટ

**જુઠાણી દશા શ્રીમાળી વણિક**

માળીયા હાટીના નિવાસી હાલ ઘાટકોપર ગં.સ્વ. ઉર્મિલા કિશોરચંદ્ર જુઠાણી (ઉં.વ. ૭૩) તે સ્વ. કિશોરચંદ્ર હરકિશનદાસ જુઠાણીના પત્ની. તે દીપા ભાવિન પારેખ, હિતેશ અને તુષારના માતૃશ્રી. તે મેંદરડા નિવાસી સ્વ. ગુલાબબેન ગોરધનદાસ ઘોડાદ્રાણીની સુપુત્રી. તે બીના રમેશ જુઠાણીના જેઠાણી. તે સ્વ. કંચનમણી અરુણચંદ્ર અડોદરા, તરૂલત્તા શશીકાંત મજિદિયા, કલ્પના કિરીટ દોશીના ભાભી તે તા. ૨૮-૨-૨૬ શનિવારના રોજ શ્રીજીચરણ પામ્યા છે. તેમની પ્રાર્થનાસભા તા. ૫-૩-૨૬ ગુરુવારના સાંજે ૩:૩૦ થી ૫:૩૦ શ્રી સ્વામિનારાયણ મંદિર, ૯૦ ફીટ રોડ, ગારોડિયા નગર, ઘાટકોપર (પૂર્વ) માં રાખવામાં આવેલ છે.

**નવગામ વિશા દિશાવાળ**

બાલીસણા નિવાસી, હાલ કાંદિવલી, ગં. સ્વ. રસીલાબેન બાલકૃષ્ણ ખેમચંદ શાહ, (ઉં.વ.૭૩) શનિવાર, તા.૨૮.૨.૨૬ના શ્રીજીચરણ પામેલ છે. સ્વ. જશોદાબેન ગોરધનદાસ નાથાલાલ શાહ ગોઝારીયાના દિકરી. તે જાગૃતિબેન ચેતનકુમાર મોદી, ભાવેશાબેન અલ્પેશકુમાર શાહના માતા. ચેતનકુમાર જીતેન્દ્રભાઇ મોદી, અલ્પેશકુમાર હર્ષદભાઈ શાહના સાસુ. કિંજલ દેવલકુમાર મોદી, દિશા, દર્શિલ, દર્શિના નાની. નીતાબેન નલીનભાઇ શાહના બેન. લૌકિક વ્યવહાર બંધ છે.

**શિહોર સંપ્રદાય ઔદિશ્ય અગિયારસો બ્રાહ્મણ**

હોઈદડ નિવાસી હાલ વિરાર ગં.સ્વ. ચંદ્રિકાબેન બધેકા (ઉં.વ.૮૫) તે અ.ની. ચંદ્રશંકર નાનજીભાઈ બધેકાના ધર્મપત્ની. તે યોગેશભાઈ તેમજ દીપકભાઈ તથા મીનાક્ષીબેન અનિલકુમાર ભટ્ટ, ઉષાબેન યોગેશકુમાર દવે, તેમજ રેખાબેન હિતેશકુમાર પંડ્યાના માતુશ્રી. તે મહેશ્વરી તથા માયાના સાસુ. તે રાધિકા રિશી,સિદ્ધિ,નિરાલી,શિવાંગના દાદી. તે અ.ની.દેવકુંવરબેન ભવાનીશંકર જોષી મોટા દીકરી તે પ્રવિણચંદ્ર તથા અ.ની.નરહરિપ્રસાદ તથા જગદીશભાઈ જોષી તે ગ.સ્વ.રમાબહેન જે. જાની તેમજ અ.ની.વસંતબહેન એમ દેસાઈ તથા દમયંતીબહેન કે ભટ્ટ તે સાંખ્યયોગી શ્રી પદ્મમબહેનના મોટા બહેન ૨૮/૨/૨૬ને શનિવારે અક્ષર નિવાસી થયેલ છે બંને પક્ષ તરફની પ્રાર્થનાસભા તા.૨/૩/૨૬ને સોમવારે ૪ થી.૬. ઠે. અમૃતબાગ જોષી હોસ્પિટલની નીચે રેલ્વે સ્ટેશનની સામે વિરાટ વેસ્ટ.

**હાલાઇ ભાટીયા**

ગં. સ્વ. ભાનુમતી નેગાંધી (ઉં. વ. ૯૧) તે સ્વ. હીરજી ગોરધનદાસ આશરની પુત્રી. તે સ્વ. બિપીન જીવણદાસ નેગાંધીની ધર્મપત્ની. નરેન્દ્ર, મિતેશ, સૌ. પૂનમ ઉદય, સૌ. કલ્પના પરેશ, સૌ. સ્વાતિ સંતોષના માતુશ્રી. તે રેનુ, હેમાની સાસુજી. તે જુતિકા, સ્વ. ટીના, અ. સૌ. ખુશ્બુ, રાહુલની નાની તા. ૨૭-૨-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા સોમવાર, તા. ૨-૩-૨૬ના સાંજે ૫થી ૬.૩૦. ઠે. ભાટિયા ભાગીરથી હોલ, દાદી શેઠ અગિયારી લેન, મુંબઇ-૨. લૌકિક વ્યવહાર બંધ છે.

## પારસી મરણ

શેરનાઝ કેરસી વેઇદ તે મરહુમ કેરસીના ધન્યાની. તે મરહુમો હોમાય હોશંગ સીધવાના દીકરી. તે મરહુમ ગુલચેરના બહેન. તે ફરોખના બનેવી. (ઉં. વ. ૭૨) રે. ઠે. ડોકટર બિલ્ડિંગ, ભરૂચા બાગ, એસ.વી. રોડ, શોપર સ્ટોપ સામે, અંધેરી (વેસ્ટ), મુંબઇ-૪૦૦૦૫૮.

## જૈન મરણ

**જામનગર હાલાર વિશા શ્રીમાળી જૈન**

પડધરી નિવાસી હાલ બોરીવલી વનીતાબેન રતિલાલ જેચંદ પટેલના પુત્ર દલિચંદ (દિનેશ) પટેલ (ઉં.વ. ૮૨) તે તા.૨૬/૨/૨૬ના રોજ અરિહંત શરણ પામેલ છે. રંજનબેનના પતિ. મયુર-રેખા, પૂર્વી-પરેશના પિતા. લલિત, નવીન, કિરીટ, ઉષાબેન, સરોજબેનના ભાઈ. સાસરાપક્ષ : મોણસી શેઠ ઉમરગામના જમાઈ. તેમની પ્રાર્થનાસભા ૨/૩/૨૬ સોમવારના ૧૦ થી ૧૨ કલાકે શ્રી વર્ધમાન સ્થા જૈન સંઘ, એલ ટી રોડ, બોરીવલી વેસ્ટ રાખેલ છે.

**ઝાલાવાડ શ્વેતાંબર મૂર્તિપૂજક વિશા શ્રીમાળી જૈન**

બગડ નિવાસી હાલ બોરીવલી ગં.સ્વ.. લત્તાબેન મહેશભાઈ બારભાયા (ઉં.વ.૬૨) ૨૮/૨/૨૬ શનિવારના અરિહંત શરણ પામેલ છે. પ્રતિકભાઇ તથા જીમિતભાઈના માતૃશ્રી. સ્વ. મહેશભાઈ બારભાયાના ધર્મપત્ની. હરેશભાઈ, અશોકભાઈ, સ્વ શરદભાઈ, ધીરેન્દ્રભાઈ, સ્વ. કિરણભાઈ, હિતેન્દ્રભાઈ, તથા હેમેન્દ્રભાઈના ભાભી. તે નિર્મલાબેન રમણીકલાલ કિરચંદ શાહની સુપુત્રી. દીપક રમણીકલાલ રશ્મી માલા જયશ્રી તથા નીલાના બેન. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

ભુજપુર (હાલે બિદડા)ના મોનજી વેલજી દેઢિયા (ઉં.વ.૮૭) ૨૭/૨/૨૬ના અવસાન પામેલ છે. માતુશ્રી મેઘબાઈ વેલજી ભારમલ દેઢિયાના પુત્ર. રૂક્ષ્મણીબેનના પતિ. બિદડાના માતુશ્રી રતનબેન રામજી પાલણ છેડાના જમાઈ. ભુજપુરના ખીંયશી, રતનબેન, હેમકુંવર (હંસા) ના ભાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિ. વિમળાબેન રામજી છેડા,ઓતરો ફરીયો, બિદડા - ૩૭૦૪૩૫.

ગેલડાના કલ્યાણજી વોરા (ઉં.વ.૮૧) ૨૮-૨.૨૬ના દેહપરીવર્તન કરેલ છે. રાજબાઈ લખમશીના પુત્ર. પ્રભાબેનના પતિ. જયેશ, ઉમેશના પિતા. નાનજી, ગણપત, સમાઘોઘા મણીબેન પ્રેમજી, મોખા લીલાવંતી મણીલાલના ભાઈ. કેસરબેન દામજીના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. ઉમેશ વોરા, ૨૦૨, મનીષા ઈલાઈટ, પી. કે. રોડ, મુલુંડ ૮૦.

ગઢશીશાના (હાલે હૈદરાબાદ) નિર્મલ પ્રદીપ વીસરીયા (ઉં.વ.૭૧) ૨૭-૨-૨૬ના અરિહંત શરણ પામ્યા છે. ડેપાના લક્ષ્મીબાઈ વેરશી ગંગરના સુપુત્રી. પ્રદીપના ધર્મ પત્ની. સાકરબાઈ લક્ષ્મીચંદ વીસરીયાના પુત્રવધુ. સમીર, ભક્તિ, ખ્યાતિ, ધૃતિના મમ્મી. પ્રાર્થના રાખેલ નથી. નિ. સમીર પ્રદિપ વિસરીયા, એસ જી કોમ્પ્લેક્સ, કુતબીગુડા, હૈદરાબાદ.

**ઝાલાવાડી સ્થા. વિશા શ્રીમાળી જૈન**

જોરાવનગર નિવાસી (ટુવાવાળા) હાલ ઘાટકોપર સ્વ. તારાબેન જયંતીલાલ દોશીના પુત્રવધૂ જશ્મીના (ઉં. વ. ૬૭) તે ઉદયભાઇના પત્ની. તે અ. સૌ. નિકીતા સાગરભાઇ શાહ, અ. સૌ. જીનલ કુલદીપ મોરેના માતુશ્રી. તે જયોતિબેન ચેતનકુમાર ગાંધી, હર્ષાબેન કાંતિલાલ ગાંધી, મીતાબેન અલ્પેશભાઇ શાહ, મીરાબેન ભદ્રેશભાઇ વોરા અને રાજુભાઇના ભાભી. તે સ્વ. રસીલાબેન હિંમતલાલ શાહની પુત્રી તે મુકેશભાઇ, રાજેનભાઇ, પૂર્ણાબેન તથા નીનીબેનના બેન. જશના નાના તા. ૨૭-૨-૨૬ શુક્રવારના અરિહંતશરણ પામેલ છે. (ચક્ષુદાન કરેલ છે), પ્રાર્થનાસભા તા. ૨-૩-૨૬ સોમવારના સાંજે ૫થી ૬.૩૦. ઠે. લાયન્સ કમ્યુનિટી હોલ, ગારોડીયા નગર, ઘાટકોપર (ઇસ્ટ).

**સુરત વિશા ઓશવાલ મૂર્તિપૂજક જ્ઞાતિ જૈન**

આશાબેન શૈલેષભાઇ ઝવેરી (ઉં. વ. ૭૬) તા. ૨૮-૨-૨૬ શનિવારના દેવલોક પામ્યા છે. તે સ્વ. ઇન્દિરાબેન સુમતિચંદ ઝવેરીના પુત્રવધૂ. સ્વ. શૈલેષભાઇ સુમતિચંદ ઝવેરીના ધર્મપત્ની. સ્વ. માલવિકાબેન દિલીપભાઇ વકીલ, માયાબેન સુભાષભાઇ વકીલ અને શરદભાઇ ભાવનાબેન ઝવેરીના ભાભી. સમિત-પાયલ, રચના-મેહુલભાઇના કાકી. સુનય, સાન્યા, આયંશના દાદી. સ્વ. ઇન્દિરાબેન શાંતિચંદ ઝવેરીની પુત્રી.

છેલ્લા પાનાનું ચાલુ

## નાગપુરમાં

હતો, જેને કારણે રહેવાસીઓ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. ફૅક્ટરીની દીવાલ તૂટી પડવા સાથે આગ લાગી હોવાથી ધુમાડાના ગોટેગાટા દૂર દૂર સુધી નજરે પડતા હતા.

બનાવની જાણ થતાં નાગપુર ગ્રામીણ પોલીસના કળમેશ્વર પોલીસ સ્ટેશનના અધિકારીઓ, ફાયર બ્રિગેડના જવાનો, નૅશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ (એનડીઆરએફ), સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ (એસડીઆરએફ), પેટ્રોલિયમ ઍન્ડ એક્સપ્લોઝિવ સેફ્ટી ઑર્ગેનાઈઝેશન (પીઈએસઓ) તેમ જ ડિફેન્સ ઈન્ફર્મેશન સિસ્ટમ ફૉર સિક્યોરિટી (ડીઆઈએસએસ)ના જવાનો ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. જખમીઓને સારવાર માટે નાગપુરની હૉસ્પિટલમાં દાખલ કરાયા હતા.

જિલ્લા કલેક્ટર વિપિન ઈટનકર અને પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ હર્ષ પોદાર પણ ઘટનાસ્થળે પહોંચ્યા હતા.

એસબીએલ એનર્જી લિમિટેડના પ્રતિનિધિએ જણાવ્યું હતું કે કંપનીના ડિટોનેટર પેકિંગ યુનિટમાં સવારે ૭થી ૭.૧૫ દરમિયાન આ ઘટના બની હતી.

કંપનીના પૅકિંગ સ્થળે ઘટના બની હતી અને ત્યાં કોઈ ઉત્પાદનનું કાર્ય સક્રિય નહોતું. વિસ્ફોટના ચોક્કસ કારણની તપાસ કરવામાં આવી રહી છે. સંબંધિત સત્તાવાળાઓને અમે પૂરો સહકાર આપીશું, એવું કંપની દ્વારા એક નિવેદનમાં જણાવાયું હતું.

આંતરિક તપાસ શરૂ કરી દેવામાં આવી છે અને તપાસમાં જે કારણમીમાંસા થશે એના આધારે યોગ્ય સુધારાત્મક અને પ્રતિબંધાત્મક પગલાં લેવામાં આવશે, એવું નિવેદનમાં જણાવાયું હતું.

કંપનીએ જણાવ્યું હતું કે તેમની પ્રાથમિકતા અસરગ્રસ્ત કર્મચારીઓ અને તેમના પરિવારને તમામ જરૂરી સહાય કરવાની છે. સ્થાનિક અધિકારીઓ સાથે સંકલન કરી કંપની દ્વારા તાત્કાલિક નાણાકીય મદદ પૂરી પાડવામાં આવી રહી છે અને જખમીઓની સારવારનો ખર્ચ પણ ઉઠાવવામાં આવી રહ્યો છે, એવું તેમણે ઉમેર્યું હતું. નાગપુર જિલ્લાના કાટોલમાં અમારી કંપનીમાં બનેલી આઘાતજનક ઘટનાથી અમે ખૂબ જ દુઃખી છીએ અને જીવ ગુમાવનારાઓના પરિવારો પ્રત્યે અમારી હૃદયપૂર્વકની સંવેદના વ્યક્ત કરીએ છીએ, એવું કંપનીએ જણાવ્યું હતું.

### મૃતકોના પરિવારજનોને કેન્દ્ર-રાજ્ય સરકાર તરફથી વળતર

નાગપુરઃ નાગપુરમાં ખાણકામ અને ઔદ્યોગિક વિસ્ફોટકો ઉત્પાદક એસબીએલ એનર્જી લિમિટેડના ડેટોનેટર પેકિંગ યુનિટમાં રવિવારે થયેલા વિસ્ફોટમાં માર્યા ગયેલા લોકોના પરિવારજનોને વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે અનુક્રમે બે લાખ રૂપિયા અને પાંચ લાખ રૂપિયાના વળતરની જાહેરાત કરી હતી.

કાટોલ તાલુકાના રાઉલગાંવમાં યુનિટમાં થયેલા શક્તિશાળી વિસ્ફોટમાં ઓછામાં ઓછા ૧૭ લોકો માર્યા ગયા અને ૧૮ અન્ય ઘાયલ થયા.

એક્સ પર એક પોસ્ટમાં, પીએમ મોદીએ કહ્યું હતું કે આ ઘટના ખૂબ જ દુઃખદ છે.

'મૃતકોના પરિવારજનો પ્રત્યે મારી સંવેદના. હું ઘાયલોના ઝડપી સ્વસ્થ થવા માટે પ્રાર્થના કરું છું. સ્થાનિક વહીવટીતંત્ર અસરગ્રસ્તોને મદદ કરી રહ્યું છે,' એમ તેમણે કહ્યું હતું.

મોદીએ કહ્યું કે પ્રધાનમંત્રી રાષ્ટ્રીય રાહત ભંડોળ (પીએમએનઆરએફ) તરફથી દરેક મૃતકોના નજીકના સંબંધીઓને બે લાખ રૂપિયાની સહાય આપવામાં આવશે, જ્યારે ઘાયલોને ૫૦,૦૦૦ રૂપિયા આપવામાં આવશે.

મુખ્ય પ્રધાનના કાર્યાલયના એક્સ એકાઉન્ટ પર એક પોસ્ટમાં, ફડણવીસે કહ્યું હતું કે મહારાષ્ટ્ર સરકાર વિસ્ફોટમાં મૃત્યુ પામેલા લોકોના વારસદારોને પાંચ લાખ રૂપિયાની નાણાકીય સહાય પૂરી પાડશે. વધુમાં, સંબંધિત કંપની તેમના પરિવારોને પણ નાણાકીય સહાય પૂરી પાડશે, એમ તેમણે ઉમેર્યું.

### 'હું ભાંગી પડી છું': મૃતક મંગેશ્રીની માતા આટલું જ બોલીને રડી પડી

નાગપુરઃ કાટોલની ફૅક્ટરીમાં થયેલા ધડાકામાં જીવ ગુમાવનારી યુવતીની માતા 'હું ભાંગી પડી છું' એટલું જ બોલી રડી પડી હતી. દીકરીના મૃતદેહને ઓળખી કાઢવા ડીએનએ ટેસ્ટની પ્રક્રિયા તેણે ભારે હૃદયે પૂરી કરી હતી.

નાગપુરની ફૅક્ટરીમાં કામ કરતી કાંતા ચાચણે માટે રવિવારની સવાર રોજ પ્રમાણે જ શરૂ થઈ હતી, પરંતુ થોડા જ કલાકમાં એની દુનિયા જાણે વેર-વિખેર થઈ ગઈ હતી. ફૅક્ટરીના પૅકિંગ યુનિટમાં ધડાકો થયો ત્યારે કાંતાની ૨૬ વર્ષની દીકરી મંગેશ્રી યેસકર ત્યાં જ કામ કરી રહી હતી, જ્યારે કાંતા બીજા યુનિટમાં કામ કરતી હતી.

સવારે સાત વાગ્યે જોરદાર ધડાકો થયા પછી કાંતાએ દોઢ કલાક સુધી ધડાકાના અવાજ સાંભળ્યા હતા. ધડાકો થતાં જ કર્મચારીઓ બહાર દોડી આવ્યા હતા અને જખમીઓને સારવાર માટે હૉસ્પિટલમાં લઈ જવાયા હતા.

૪૨ વર્ષની કાંતાએ 'હું ભાંગી પડી છું' કહીને આ દુર્ઘટનામાં જીવ ગુમાવનારા પરિવારજનોની પીડા વ્યક્ત કરી હતી.

કાંતા ચાચણેની દીકરી મંગેશ્રી એના પતિથી અલગ રહેતી હતી. કિશોર વયની દીકરી અને નાના દીકરાનો ઉછેર એકલા હાથે કરવા તે છેલ્લા એક વર્ષથી આ ફૅક્ટરીમાં કામ કરતી હતી.

આ ઘટનામાં મંગેશ્રીને મૃત જાહેર કરવામાં આવી હતી, પરંતુ તેના શબની ઓળખ પ્રસ્થાપિત કરવા માટે ડીએનએ ટેસ્ટ કરવામાં આવી હતી. આ માટે કાંતાના લોહીના નમૂના લેવામાં આવ્યા હતા. (પીટીઆઈ)

### રાઉલગાંવ વિસ્ફોટ દુર્ભાગ્યપૂર્ણ અને દુઃખદઃ મુખ્ય પ્રધાન

'નાગપુર જિલ્લાના રાઉલગાંવમાં વિસ્ફોટકોની ફેક્ટરીમાં વિસ્ફોટ ખૂબ જ દુર્ભાગ્યપૂર્ણ અને દુઃખદ છે. હું સ્થાનિક વહીવટીતંત્ર સાથે સતત સંપર્કમાં છું. જિલ્લા કલેક્ટર, પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયા છે. એનડીઆરએફ, એસડીઆરએફની ટીમો પણ ઘટનાસ્થળે છે. એનડીઆરએફ અને એસડીઆરએફની ટીમો પહોંચી ગઈ છે. રાહત કાર્ય ઝડપી બનાવવામાં આવ્યું છે અને અત્યાર સુધીમાં ૧૭ લોકોના મોત થયા છે. હું મૃતકોને મારી હૃદયપૂર્વક શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું. અમે તેમના પરિવારોના દુઃખમાં સહભાગી છીએ', એમ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે કહ્યું હતું.

આ ઘટનામાં ૧૮ લોકો ઘાયલ થયા છે. ઘાયલોને તાત્કાલિક નાગપુર ખસેડવામાં આવ્યા છે. હું ભગવાનને તેમના ઝડપી સ્વસ્થ થવા માટે પ્રાર્થના કરું છું. આ ઘટનાની સંપૂર્ણ તપાસના આદેશ આપવામાં આવ્યા છે, એમ પણ ફડણવીસે કહ્યું હતું.

### ઈલેક્ટ્રિક ડિટોનેટર પર પ્રતિબંધ

સરકાર દ્વારા પારંપરિક ઈલેક્ટ્રિક ડિટોનેટર પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હોવાથી હાલમાં ઉદ્યોગ ક્ષેત્રમાં ઈલેક્ટ્રોનિક ડિટોનેટરનો ઉપયોગ કરવામાં આવે છે. આ પદ્ધતિમાં ધડાકો કરવા માટે વિશેષ 'લૉગર' ઉપકરણ જરૂરી હોય છે. સંબંધિત કંપનીના અધિકૃત લૉગર વિના આવાં ડિટોનેટર સક્રિય થતાં નથી. કહેવાય છે કે નાગપુરની જે ફૅક્ટરીમાં બ્લાસ્ટ થયો ત્યાં બન્ને પ્રકારનાં ડિટોનેટર બનાવવામાં આવતાં હતાં. જોકે રવિવારે બ્લાસ્ટ થયો તે સમયે ઔદ્યોગિક વપરાશ માટેનાં ડિટોનેટર પૅકિંગનું કામ ચાલતું હતું.

### અગાઉ પણ ધડાકા થયા

વિસ્ફોટકો બનાવતી કંપનીમાં અગાઉ પણ ધડાકા થયા હોવાથી રવિવારની ઘટના બાદ ફરી કર્મચારીઓની સુરક્ષાનો પ્રશ્ન ઊભો થયો હતો. કહેવાય છે કે આ જ કંપનીમાં એપ્રિલ, ૨૦૨૫માં પણ બ્લાસ્ટ થયો હતો, પણ તે સમયે માત્ર બે મહિલા જખમી થઈ હતી. જોકે આ અંગે સત્તાવાર કોઈ સમર્થન મળ્યું નહોતું, પણ રાઉળગાવમાં જ કોતવાલબર્ડી પરિસરમાં ગયા વર્ષની ૧૬ ફેબ્રુઆરીએ વિસ્ફોટકોનું ઉત્પાદન કરતી એક ફૅક્ટરીમાં ધડાકો થયો હતો. ફટાકડા બનાવતી વખતે થયેલા એ બ્લાસ્ટમાં બે કર્મચારીએ જીવ ગુમાવ્યા હતા, જ્યારે બે ગંભીર રીતે દાઝ્યા હતા.

### શબને ઓળખી કાઢવા ડીએનએ ટેસ્ટની મદદ

નાગપુરઃ નાગપુરના કાટોલમાં વિસ્ફોટકોનું ઉત્પાદન કરતી ફૅક્ટરીમાં ધડાકા બાદ ફાટી નીકળેલી આગમાં ૧૭ કર્મચારીના મૃતદેહ એટલી હદે બળી ગયા હતા કે તેમની ઓળખ મેળવવા ડીએનએ ટેસ્ટની મદદ લેવી પડી હતી. કાટોલના રાઉળગાવમાં આવેલી એસબીએલ એનર્જી લિમિટેડ ફૅક્ટરીમાં રવિવારની સવારે જબરદસ્ત બ્લાસ્ટ થયો હતો. ધડાકાની તીવ્રતા એટલી હતી કે દીવાલ તૂટી પડવાની સાથે આગ લાગી હતી. આગમાં કર્મચારીઓ ગંભીર દાઝ્યા હતા. અધિકારીના જણાવ્યા મુજબ ૧૭ કર્મચારીનાં મોતને સમર્થન મળ્યું હતું, પરંતુ આગને કારણે શબ એટલી હદે બળી ગયા હતા કે તેમની ઓળખ મેળવવી મુશ્કેલ હતું. પરિણામે તેમના કુટુંબજનોની ડીએનએ ટેસ્ટ કરવાનું નક્કી કરાયું હતું. એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે મૃતદેહોના બચેલા અવશેષને ઓળખી કાઢવા માટે કુટુંબીઓના લોહીના નમૂના ડીએનએ ટેસ્ટ માટે લેવામાં આવ્યા છે. આ માટે નજીકના સંબંધીઓને ગવર્નમેન્ટ મેડિકલ હૉસ્પિટલ ઍન્ડ કૉલેજ (જીએમસીએચ)માં લઈ જવાયા હતા.

અમને કોઈ માહિતી મળતી નથી. ચોક્કસ શું થયું છે એ અમે સમજી શકતા નથી. અમારે હજી અમારા સ્વજનોના મૃતદેહ મેળવવાના છે, એવી વ્યથા હૉસ્પિટલમાં હાજર કુટુંબીજનોએ વ્યક્ત કરી હતી. (પીટીઆઈ)

## પનવેલ-કર્જત

રેલવેની સૌથી લાંબી ટનલ છે. નોંધપાત્ર રીતે આ ટનલમાં પહેલીવાર કાંકરી-મુક્ત ટ્રેકનો ઉપયોગ કરવામાં આવ્યો છે અને મજબૂતાઈ માટે કોંક્રિટ સપોર્ટ પૂરા પાડવામાં આવ્યા છે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ઉપનગરીય રેલવેને ૪૦૦ કિમીથી વધુ લંબાવવાની જાહેરાત કરી હતી, જે હવે આ પ્રોજેક્ટ સાથે પૂર્ણ થઈ રહી છે. હાલમાં મધ્ય રેલવે પર ૨૫૪ કિમી અને પશ્ચિમ રેલવે પર ૧૨૪ કિમીના રૂટ પર લોકલ ટ્રેનો દોડે છે. ૩૦ કિમીનો આ નવો ઉમેરો મુંબઈના રેલ નેટવર્કને વધુ વિસ્તૃત કરશે.

## મુંબઈમાં

સભામાં શિવસેના (યુબીટીના) તરફથી ૭૦૦ ચોરસ ફૂટ સુધીની મિલકતને પ્રોપર્ટી ટેક્સમાં છૂટ આપવાને લગતો પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો હતો, તેની સામે ભાજપ અને શિંદેસેના તરફથી કોઈ પણ પ્રકારનો વિરોધ નહીં કરવામાં આવતા મેયરે ઠરાવ મંજૂર કર્યો હતો. આ અગાઉ ૨૦૧૮માં ભાજપ આવો જ પ્રસ્તાવ લાવી હતી, પણ તેની સામે કોઈ નિર્ણય લેવામાં આવ્યો નહોતો. સામાન્ય સભામાં મંજૂર થયા બાદ હવે પાલિકા કમિશનર તેના પર નિર્ણય લેશે.

રાજ્ય સરકારના નિર્દેશ મુજબ ૨૦૨૨ની સાલથી મુંબઈમાં ૫૦૦ ચોરસ ફૂટ સુધીના રહેણાંક ફ્લેટને પ્રોપર્ટી ટેક્સમાં છૂટ આપવામાં આવી છે. શિવસેના (ઉદ્ધવ ઠાકરે)ના નગરસેવક દ્વારા ફરી એક વખત પ્રોપર્ટી ટેક્સને લગતો ઠરાવ સામાન્ય સભામાં લાવવામાં આવ્યો હતો. નગરસેવક યશોધર ફણસેએ જણાવ્યું હતું કે વધતા નાણાકીય દબાણને કારણે અનેક પરિવાર મુંબઈ છોડીને અન્ય સ્થળે જઈ રહ્યા છે. તેથી રહેવાસીઓને રાહત મળી તે માટે પ્રોપર્ટી ટેક્સમાં આપવામાં આવતી રાહતને ૫૦૦ ચોરસ ફૂટથી વધારીને ૭૦૦ ચોરસ ફૂટ કરવામાં આવે. નોંધનીય છે કે ૨૦૨૬ની મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણી માટે શિવસેનાનો (યુબીટી)ના ચૂંટણી ઢંઢેરામાં પણ પ્રોપર્ટી ટેક્સમાં રાહતનો મુદ્દો સમાવવામાં આવ્યો હતો. આ અગાઉ ૨૦૧૮ની સાલમાં ભૂતપૂર્વ સાંસદ અને ભાજપના તત્કાલીન નગરસેવક મનોજ કોટક દ્વારા પણ આવો જ પ્રસ્તાવ રાખવામાં આવ્યો હતો. ૫૦૦થી ૭૦૦ ચોરસ ફૂટના ઘરના માલિકોને પ્રોપર્ટી ટેક્સમાં ૬૦ ટકા સુધીની છૂટ આપવાનો પ્રસ્તાવ પાલિકાની સામાન્ય સભામાં મંજૂર પણ થયો હતો અને તેને રાજ્ય સરકાર પાસે મંજૂરી માટે મોકલવામાં આવ્યો હતો. જોકે આજ સુધી તેના પર નિર્ણય લેવાયો ન હોવાનું પાલિકાના ઉચ્ચ અધિકારીએ જણાવ્યું તું. તાજેતરમાં પાલિકાની સામાન્ય સભામાં મંજૂર થયેલા પ્રસ્તાવને રાજ્ય સરકારના અર્બન ડેવલપમેન્ટ ડિપાર્ટમેન્ટને મોકલવામાં આવશે.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# ધર્મતેજ

# સંતત્વનો કોઈ ચોક્કસ ગણવેશ નથી હોતો, સંતત્વ એ સ્વભાવ છે-વૃત્તિ છે




માનસ મંથન
મોરારિબાપુ
feedback@bombaysamachar.com

સંત ધોતી-ઝભ્ભામાં જ હોવા જરૂરી નથી, પેન્ટમાં પણ હોઈ શકે છે, હાફ પેન્ટમાં પણ હોઈ શકે છે, દિગંબર પણ હોઈ શકે છે અને સોળે શણગાર સજેલા પણ હોઈ શકે છે. એને માટે કોઈ યુનિફોર્મ નથી. સાધુતા કપડાંમાં નથી હોતી, સાધુતા સ્વભાવમાં હોય છે. હું તો સાધુની એવી વ્યાખ્યા કરું છું કે દરેક વસ્તુનો સ્વીકારે કરે એ સાધુ. કોઈ પણ પરિસ્થિતિનો સ્વીકાર કરો. રડતાં રડતાં પણ કરવો પડશે અને હસતાં હસતાં પણ કરવો પડશે. સન્માનનો સ્વીકાર કરે અને અપમાનનો સ્વીકાર ન કરે એ ખંડિત સાધુતા છે.

યુવાન ભાઈ-બહેનો,સર્વનો સ્વીકાર કરો. સુખ મળે તો પણ સ્વીકાર અને દુ:ખનો પણ સ્વીકાર. સુખ મળે તો વિવેકપૂર્વક સૌને વહેંચો. મરીઝ સાહેબ એમની ગઝલમાં કહે છે-

**બસ એટલી સમજ મને પરવર દિગાર દે.**
**સુખ જયારે જ્યાં મળે ત્યાં બધાના વિચાર દે.**

શાયર કહે છે હે પરવરદિગાર, હે મારા માલિક, મને એટલી સમજ દે, એટલો વિવેક દે કે મને જયારે પણ સુખ મળે ત્યારે બધાનો વિચાર આવે. બીજું સૂત્ર મેં એવું આપ્યું છે કે કોઈ પણ ઘટનાથી, કોઈની પણ સાથે તકરાર ન કરે એ સાધુ. તકદીર સાથે પણ તકરાર ન કરે. આપણા ભાગ્ય સાથે પણ તકરાર ન કરો કે મારાં ભાગ્ય આવાં છે ! જે કંઈ પણ મળે, મોજમાં રહો. એક કથા જીવનને બદલી શકે છે અને જીવન બદલાઈ રહ્યું છે.



હું કૈલાસની કથામાં કહેતો હતો કે આપણા આંગણામાં ફૂલછોડ હોય છે એની સાંજે જે કળી હોય છે એ સવાર થતાં ફૂલ થઇ જાય છે! એક સૂક્ષ્મ પ્રક્રિયા શરૂ થઇ જાય છે. જે લોકો કહે છે કે કથા સાંભળી સાંભળી શું ફાયદો થાય છે, એમણે કથાના રસને જાણ્યો જ નથી! કથાથી ઘણો ફાયદો થાય છે. સાધકને ખબર પણ નથી પડતી કે એ કેવી રીતે વિકસિત થાય છે! વાર લાગશે. કળીમાંથી ફૂલ થવામાં વાર તો લાગે જ. અને જિંદગીને વિકસિત કરવા માટે બે-ચાર જિંદગી લાગે તો પણ કાંઈ ખોટનો ધંધો નથી !

એક હજાર માણસમાં કોઈ એક ધર્મવ્રતધારી હોય. એક હજાર ધાર્મિક તો હોય જ, પણ ધર્મવ્રતધારી એક જ હોય! આનો તલગાજરડું એમ અર્થ કરે, હજાર ધાર્મિકમાં ધર્મવ્રતી કો'ક એક જ નીકળે. હજાર માણસોમાં વસ્ત્રના ધાર્મિક હોય,પણ વૃત્તિનો ધાર્મિક તો કો'ક એક જ હોય! ધર્મનિયમધારી નથી કીધું, ધર્મવ્રતધારી કહ્યું છે. નિયમ બાંધે, વ્રત છૂટા રાખે. કૃષ્ણને સાચું બોલવું એવો નિયમ નહોતો,પણ વ્રત હતું અને વ્રતમાં ફેરફાર કરી શકે. એને થાય કે અહીં સાચું બોલવાથી જગતનું અકલ્યાણ થાય એમ છે,તો વ્રતમાં એણે ફેરફાર કર્યા છે. નિયમ તો બાંધે,જડ બનાવી દે; તેથી કળિયુગમાં નિયમ ધારણ કરવા કરતાં વ્રતી બનવું. વેશ પરંપરાવાદી હોય,વિચાર ગંગા જેવા દેશકાળને અનુકૂળ દરેક ઘાટને સ્પર્શતા હોવા જોઈએ. વેશનો મહિમા છે. જૈનાચાર્ય ચિત્રભાનુએ ક્રાંતિ કરી. એમણે પ્રવચનમાં કહ્યું કે 'મેં બહુ વિચારણાને અંતે નક્કી કર્યું છે કે વેશનો સાધુ બનવા કરતાં વૃત્તિનો સાધુ બનવું વધારે સારું.' હવે પ્રશ્ન એ કે ધર્મવ્રતધારી એટલે કેવા વ્રતો? પાંચ વ્રતો. આમ ગણો તો અઘરાં,આમ સહેલાં! આ પાંચ જેનામાં હોય તે હજારોમાં એક છે એમ માનવું. 'માનસ'નો નિચોડ મને જે લાગ્યો, ગુરુકૃપાથી મને જે લાગ્યું એ ત્રણ વ્રત સત્ય, પ્રેમ, કરુણા. જેટલું બને એટલું સત્ય બોલીએ.

**એવાં ન વેણ કાઢો કે કોઈના દિલને ઠેસ વાગે.**
**વાણી ઉપર બધો છે આધાર માનવીનો.**
**જો જો ગુમાવશો ના એતબાર માનવીનો,**
**એળે ન જાય જો જો અવતાર માનવીનો.**
**નાઝિર દેખૈયા**

ત્રીજું, જીવનમાં કોઈનો તિરસ્કાર ન કરે એ સાધુ, કોઈની ઉપેક્ષા ન કરે, કોઈને ધક્કો ન મારે એ સાધુ. અને ચોથું, આખીયે દુનિયાને પ્યાર કરે એ સાધુ, સમગ્ર વિશ્વને પ્યાર કરે એનું નામ સાધુ. 'રામચરિતમાનસ'માં સાધુનું એક લક્ષણ દર્શાવવામાં આવ્યું છે. સાધુ કોણ? તુલસી કહે છે-

**મધુકર સરિસ સંત ગુનગાહી**

મધુકરની માફક જ્યાંથી પણ મધુ મળે ત્યાંથી સંત લઇ લે છે અને પછી વહેંચે છે, પરંતુ આપણે કેટલાં સંકીર્ણ થઇ ગયાં છીએ! ધર્મના મંચ પર પણ બધાં સારી સારી વાતો કરે છે, પણ પછીથી એ જ સંકીર્ણતા! મંચ પર સર્વધર્મની વાતો કરનારા પછીથી તો પોતપોતાનાં ગ્રુપમાં જ હોય છે! આપણે ટટ્ટાર થવાનું હતું ત્યાં આપણે કટ્ટર થઇ ગયાં! આપણે કેટલાં વામણાં થતાં જઈએ છીએ! યુવાન ભાઈ-બહેનોને મારે કહેવું છે કે કોઈ ગ્રુપમાં બંધાયા વિના નિજતાથી હરિનામ લો.

**- સંકલન : જયદેવ માંકડ ■**

મનન
હેમંત વાળા
feedback@bombay samachar.com

# પાણી ને કાદવ



કહેવાયું છે કે 'શુષ્કે નીરે કઃ કસારઃ' અર્થાત્ પાણી સુકાતાં કાદવ ક્યાંથી સંભવી શકે. અમુક વિદ્વાનો કસારનો અર્થ તળાવ પણ કરે છે. અહીં અગત્યનું 'પાણી' અને 'કાદવ' વચ્ચેનું સમીકરણ છે. પાણી હોય તો કાદવ થાય. પાણી હોય તો કાદવ થવાની સંભાવના રહે. પાણી હોય તો કાદવને નિયંત્રિત કરવાની આવશ્યકતા ઊભી થાય. કાદવ માટે અણગમો હોય તો પ્રશ્ન પાણીનો છે, કાદવનો નહીં. પાણી એ કારણ છે અને કાદવ પરિણામ. વાંધો કાદવ સાથે છે અર્થાત્ પરિણામ માટે છે, પરંતુ તે માટે ધ્યાન પાણીના નિયમન માટે હોવું જોઈએ. કાદવ આપમેળે તો સર્જાતો નથી. પાણીનું નિયંત્રણ કરવામાં આવે તો કાદવની સંભાવના લગભગ નષ્ટ પામે.

ઘણીવાર પ્રશ્ન સમજમાં જ નથી આવતો, અથવા જે સમજમાં આવે છે તે વાસ્તવિકતા ન હોય, અથવા વાસ્તવિકતા સમજવા માટેની ક્ષમતા કે તૈયારીનો અભાવ હોય, અથવા વચગાળાના ઉકેલ માટેની જ ઈચ્છા હોય, અથવા ચોક્કસ પ્રકારની પરિસ્થિતિને ગંભીરતાથી લેવાની તૈયારી ન હોય, અથવા પ્રાધાન્યતામાં અમુક બાબતની ગણના ન હોય, અથવા સમાજમાં આ પ્રકારનો વિચિત્ર કહી શકાય તેવો અભિગમ પ્રવર્તમાન હોય, અથવા સમય આવ્યે જોઈ લેવાશે તે પ્રકારની વિચારધારાની અસર હોય, અથવા તો વિષયના ઊંડાણ સુધી નજર જ ન જતી હોય.

આ પ્રકારનાં સંજોગોમાં ધ્યાન કાદવ પર જ રહે, પાણી પર નહીં. ઘણીવાર તો ધ્યાન કાદવ પર પણ ન રહે. કાદવને નજરઅંદાજ કરવામાં આવે, કાદવને અનિચ્છનીય વાસ્તવિકતા તરીકે સ્વીકારી લેવામાં આવે, કાદવને જેમને તેમ રાખી મન બીજી વાતોમાં પરોવી દેવામાં આવે, કાદવ દ્વારા ઊભી થતી તકલીફો ચલાવી લેવામાં આવે કે કાદવ સાથે જ જીવન વ્યતિત કરવાની ટેવ પાડી દેવામાં આવે. આ બધા સંજોગોમાં પણ કાદવ માટેની અસ્વિકૃતિ ઊભી ન થઈ શકે. જ્યાં કાદવ માટે પ્રશ્ન ન હોય અને પાણી માટે તો ક્યાંથી હોય. મજાની વાત એ છે કે પાણીને લીધે સર્જાયેલ કાદવ-યુક્ત પરિસ્થિતિને પાણી થકી જ સરસ રીતે સાફ કરી શકાય.

કાદવ એટલે પાણી અને માટીનું જોડાણ. જો પાણીની માત્રા વધુ હોય અને માટી ઓછી હોય તો પાણી ડહોળું બને. જ્યારે માટીની માત્રા વધુ હોય અને પાણી ઓછું હોય તો કાદવ સર્જાય. ડહોળું પાણી એ મંદ કાદવ છે જ્યારે કાદવ એ તીવ્ર ડહોળાપણું છે. પાણી અને માટી જે તે પ્રમાણમાં જ્યારે મળે ત્યારે બંનેના અસ્તિત્વ પર અસર થાય તે સ્વાભાવિક છે. પાણી પણ પાણી તરીકે ઉપયોગી ન રહે અને માટી પણ માટી તરીકે કામ આપવા તેટલી સક્ષમ ન રહે. વિસ્તૃત પરિપ્રેક્ષ્યમાં વિચારતાં એમ પણ જણાય કે પાણીનું પણ મહત્ત્વ છે, ડહોળા પાણીની પણ કોઈક ઉપયોગિતા રહે, કાદવનો પણ ચોક્કસ પ્રકારનો ઉપયોગ રહેતો હોય અને સૂકી માટી પણ એક યા બીજા સ્વરૂપે ઉપયોગમાં લઈ શકાય. સંભાવના દરેક પરિસ્થિતિમાં રહેલી છે. આ સંભાવનાને સર્જનાત્મકતા અને સંવેદનશીલતાથી સકારાત્મકતા સુધી લઈ જવાની ક્ષમતા જરૂરી છે.

જીવનમાં પાણી અને કાદવ એ પ્રતીક તરીકે છે, પદાર્થ તરીકે નહીં. પાણીએ કારણ સ્વરૂપ છે અને કાદવ એ સ્થાપિત વાસ્તવિક પરિણામ છે. મનમાં જે તરંગો, વિચારો, કામના ઉદ્ભવે તે મૂળ કારણ છે જ્યારે તેને આધારે શરીર જે રીતે પ્રતિભાવ આપે કે કાર્યરત થાય તે પરિણામ છે. કાર્ય નિયંત્રિત કરવું હોય તો મનનું નિયંત્રણ જરૂરી છે. ચોક્કસ પ્રકારના કાર્યથી દૂર રહેવું હોય અથવા તેમાં સંલગ્ન થવું હોય તો તે માટે મનની ભૂમિકા મહત્વની બની રહે. મન દ્વારા જે નિર્ધારિત થાય તે પ્રમાણે શરીર 'એક્શન'માં આવે જેને પરિણામે ચોક્કસ પ્રકારનું પરિણામ સ્થાપિત થાય. જ્ઞાનેન્દ્રિય, મન અને કર્મેન્દ્રિય વચ્ચેનું સમીકરણ જો સમજમાં આવી જાય તો ઇચ્છિત પરિણામ સ્થાપિત કરવામાં સરળતા રહે. જ્ઞાનેન્દ્રિય સાથે પણ સકારાત્મક સંભાવનાઓ જોડાયેલી હોય છે. મનની ક્ષમતા તો અપાર છે તેમ સ્થાપિત થઈ ચૂક્યું છે. કર્મેન્દ્રિયની આવશ્યકતા પણ સ્વાભાવિક છે. આ દરેક પરિમાણને યોગ્ય રીતે સમજી, તેની ક્ષમતાને તથા નબળાઈને ધ્યાનમાં રાખી, તેની સાથે જોડાયેલ બાબતો વિશે યથા યોગ્ય જાણકારી મેળવી, તેની સકારાત્મક ઉપયોગીતા સાથે જોડાયેલી પ્રત્યેક સંભાવનાનું વ્યવસ્થિત વિશ્લેષણ કરી જો તેમને પ્રયોજવામાં આવે તો ચોક્કસ પ્રોત્સાહક પરિણામ પ્રાપ્ત થઈ શકે.

જીવનમાં દરેક પરિસ્થિતિમાં જુદા જુદા પ્રકારની સંભાવના શક્ય હોય છે. દરેક પરિસ્થિતિમાં ચોક્કસ પ્રકારની સકારાત્મકતા જોડાયેલી હોય. પાણી એ જીવનનું અમૃત છે, કાદવ કમળના સર્જન માટેનું સ્થાન છે. પાણીથી ચોક્કસ પ્રકારની સફાઈ થઈ શકે તો કાદવના ઉપયોગથી પણ અમુક પ્રકારની મલિનતા દૂર કરવામાં મદદ મળી રહે. જીવનના રસ્તામાં કાદવ હોય તો નવો રસ્તો શોધવાની આવશ્યકતા ઊભી થાય, જે લાંબા ગાળે ઉપયોગી બની રહે. કાદવની હયાતી નવાં જ પ્રકારની સંભાવના ઊભી કરવામાં મદદરૂપ પણ બની શકે. ઘણીવાર તો એમ જણાય છે કે પ્રશ્ન કાદવનો પણ નથી અને પાણીનો પણ નથી, પ્રશ્ન વ્યક્તિની ક્ષમતા તથા જણાતી તકલીફ સામે પડકાર ઝીલવા માટેની માનસિકતાનો છે.

પાણી, માટી અને કાદવ તો માત્ર એક પરિસ્થિતિ છે. તેમનાં થકી સ્થાપિત થતું પરિણામ સંલગ્ન વ્યક્તિ પર આધાર રાખે છે. વ્યક્તિની શારીરિક તેમજ માનસિક ક્ષમતા તેમજ નબળાઈ, વ્યક્તિના સિદ્ધાંતો તેમજ મૂલ્યો, વ્યક્તિની માનસિકતા તેમજ પરિપક્વતા, વ્યક્તિની જરૂરિયાત તથા અપેક્ષાઓ, વ્યક્તિની પ્રતિબદ્ધતા તેમજ નિષ્ઠા, તથા તે વ્યક્તિના અસ્તિત્વ સાથે જોડાયેલી કેટલીક ભાવાત્મક બાબતોને આધારે પરિણામ નક્કી થઈ શકે. છતાં પણ જો મૂળ વિશેષ સ્પષ્ટતા હોય તો કાર્ય સરળ બની શકે. જો પાણી નિયંત્રિત કરી શકાય તો કાદવની સંભાવના ઊભી જ ન થાય. ■

# રાધા વગર કૃષ્ણ સૃષ્ટિ રચવાને સમર્થ નથી...

શ્યામ સમીપે
જ્યોત્સના તન્ના
feedback@bombay samachar.com



સખી રાધાને કહે છે કે 'પહેલાં તારી સાથે કામક્રીડા કરી હતી તે જ કામદેવના મહાતીર્થ નિકુંજમાં માધવ ફરીથી તારી રાહ જુએ છે.' માટે 'મંજુતરકુંજતલકેલિસદનમાં રતિજન્ય ઉત્સાહથી હે સ્મિતવદના, વિલાસ કર.' કુંજલીલા બહિરંગ હોય છે અને નિકુંજલીલા અંતરંગ છે. નિકુંજલીલાની અધિષ્ઠાત્રી રાધા છે, જે પ્રેમ, માધુર્ય અને લાવણ્યનો રસસાગર છે. ઘનાનંદ ભક્તકવિએ કહ્યું, 'આવતિ ચલી કુંજ ગહબર તૈં કુવરિ - રાધિકા રૂપમઢી, મોહવિનોદભરી મૃદુ મુરતિ, કા બિરંચિ યા ઘાટ ઘઢી.' કૃષ્ણદાસે સરસ ઉપમા આપી.

**'દેખો માઈ, માનો કસૌટી કસી,**
**કનકબલિ વૃષભાનુનન્દિની ગિરધર ઉર જુ બસી,**
**માનોં શ્યામ તમાલ કલેવર સુંદર અંગ માલતી ઘૂસી**
**ચંચલતા તજિ કૈ સૌદામિની જલધર રંગ બસી.'**

શ્યામ સાથે રાધા જાણે કાળા તમાલ વૃક્ષ સાથે સુંદર માલતીની વેલ. જાણે ચંચળતા છોડી વાદળામાં રહેલી વીજળી. પરમાનંદદાસે ગાયું, 'આજ બની દંપતી બર જોરી, સાંવર ગૌર બરન રૂપનિધિ નંદકિશોર વૃષભાનુકિશોરી.' નરસિંહ મહેતાએ ગાયું, 'સજની! શામળિયો વહાલો. રાધા ગોરી ને કાન કાળો... તે શોભા કહી નવ જાય રે. વશ કીધા જાદવરાય રે.' જયંત પાઠકે ઉપમા આપી, 'નીલા આકાશમાં સોહે બિંબશું મનભાવન ઢળેલું કૃષ્ણના સ્કંધે જાણે રાધાનું આનન.'

રાધા અને કૃષ્ણનું ઐક્ય સધાઈ ચુક્યું હતું, જે રીતે બે લહેરો અલગ દેખાય, પણ સાથે મળીને વસ્તુત, એકરૂપ જ બને તેમ - કલ્લોલકૌ વસ્તુતઃ એકરૂપકૌ રાધામુકુંદૌ સમભાવિતૌ - ઔદુંબરાચાર્ય. જેમ દૂધમાં ધવલતા, અગ્નિમાં દાહકપણું, પૃથ્વીમાં ગંધ અને પાણીમાં શીતળતા, તેવી રીતે રાધા અને કૃષ્ણ. હિંદી ભાષાના કવિ મૈથિલીશરણ ગુપ્તને દ્વિધા થઈ ગઈ.

**'આ શું, આ શું, ભ્રમ કે વિભ્રમ**
**દર્શન નહીં અધીરે, એક મૂર્તિ, અર્ધામાં રાધા, અર્ધામાં હરિ પૂરા.'**

કુંભાર માટી વગર ઘડો ન બનાવી શકે, કે સોની સોના વગર આભૂષણ ન બનાવી શકે, તે જ રીતે રાધા વગર કૃષ્ણ સૃષ્ટિ રચવાને સમર્થ નથી. જેમ આભૂષણ શરીરની શોભા વધારે તેમ રાધા કૃષ્ણની શોભા છે. રાધા સ્ત્રી, શ્રીકૃષ્ણ પુરુષ તે એકલા હોય તો 'કૃષ્ણ' અને શ્રી એટલે લક્ષ્મી - સંપત્તિ એ રાધાસ્વરૂપ હોઈ રાધા સાથે હોય તો પૂર્ણરૂપથી 'શ્રીકૃષ્ણ'. હિંદી ભાષાના કવિ દાઉદયાલની વાત છે. 'કૃષ્ણ-રાધા જ્યારે થાય એક, પૂર્ણ બની જાય રાધેશ્યામ.' રૂપગોસ્વામીના કથન પ્રમાણે રાધા કાયમ કૃષ્ણનું જ નામ જપતી રહે છે. તેથી સંકીર્તનનો મહિમા છે. રાધા સર્વત્ર શ્રીકૃષ્ણને જ જુએ છે અને શ્રીકૃષ્ણને પણ બધે રાધા જ દેખાય છે. રાધા આરાધિકા છે. અને શ્રીકૃષ્ણ તેને પામવા ઉન્માદિત બને છે.

કૃષ્ણદાસ કવિરાજે પોતાની રીતે આ જ વાત કરી, 'મહાભાવરૂપા શ્રી રાધા ઠકુરાણી, સર્વગુણભંડાર કૃષ્ણકાન્તા શિરોમણિ કૃષ્ણ ઈચ્છા પૂર્તિરૂપ કરે આરાધના, અત એવ પુરાણોમાં નામ રાધિકા રાધા પૂર્ણ શક્તિ. કૃષ્ણ પૂર્ણ શક્તિમાન. બન્ને વચ્ચે ભેદ નથી એ છે શાસ્ત્રનું પ્રમાણ.' પ્રિયકાન્ત મણિયારની કવિતામાં આ સંબંધનું ઐક્ય અને માધુર્ય ખૂબ સુંદર રીતે મળે છે.

**'આ નભ ઝૂક્યું તે કાનજી ને ચાંદની તે રાધા રે**
**આ સરવર જલ તે કાનજી ને પોયણી તે રાધા રે...**
**આ દીપ જલે તે કાનજી ને આરતી તે રાધા રે...**
**આ લોચન મારાં કાનજી ને નજરું જુએ તે રાધા રે...**

આવા જ કંઈક ભાવ દર્શાવતી મરાઠી ભાષાના કવિ પુરુષોત્તમ રેગે (અનુ.સુ.દ.)ની પંક્તિઓ છે.

**'આ નીલ વ્યોમ તે હરિવર,**
**ને આ એક તારલી રાધા**
**બાવરી યુગ યુગની મન બાધા**
**આ વિસ્તાર ધરાનો ગોવિંદ,**
**ને આ અક્ષતભૂમિ રાધા,**
**સફળ એ યુગ યુગ પ્રિયંવદા**
**નિશ્ચલ વહેતું જલ આ કૃષ્ણ,**
**તટ પર વન ઝૂકે તે રાધા**
**વિપ્રશ્ન, યુગ યુગની ચિરતંદ્રા'.**

આપણા ભક્તકવિ દયારામને તો વૈકુંઠ પણ નથી જોઈતું. તેને જોઈએ,

'જોઈએ, લલિતત્રિભંગી મારે ગિરિધારી, સંગે જોઈએ શ્રીરાધાપ્યારી.'

વલ્લભાચાર્યે ગોપીઓને વેદની ઋચા, શ્રુતિ સ્વરૂપે માન્ય કરી છે, પદ્મપુરાણમાં પણ એમ જ છે. પ્રેમાનંદે કહ્યું, 'ગોપી છે વેદની ઋચા, શ્રીકૃષ્ણ વેદસ્વરૂપ, રાધા ભક્તિનો અવતાર.' સુરદાસે પણ ગોપીઓના વિશુદ્ધ પ્રેમનું વર્ણન કર્યું છે. પ્રતીકાત્મક રીતે એક મત પ્રમાણે રાધા એ કુંડલિની શક્તિનું પ્રતીક છે. નાડીઓ તે ગોપીઓ, સહસ્ત્રદળ કમળ એ વૃંદાવન જ્યાં આત્મા અને પરમાત્માનું મિલન થાય છે. જીવની શક્તિ ઈશ્વરી શક્તિ સાથે રાસ રચી નૃત્ય કરે છે.

રાધા ભક્તિભાવ અને મધુરાભક્તિની જન્મદાત્રી છે. તેની નવધા ભક્તિ છે. - શ્રવણ, કીર્તન, સ્મરણ, પાદસેવન, વંદન, અર્ચન, દાસ્યભાવ, સખીભાવ અને આત્મનિવેદન તે પોતાપણું એકદમ જ વિસારી આરાધ્યદેવની પૂજામાં તત્પર બની. આરાધ્ય સાથે ઐક્ય સાધવાની જીવની અદમ્ય પિપાસા છે. જેનો આદિ પણ નથી અને અંત પણ નથી. રાધા અને કૃષ્ણનો પ્રેમ આધ્યાત્મિક, દૈવી, અપાર્થિવ છે. આત્માનો પરમાત્મા પ્રત્યે તલસાટ, તેને પામવાનો વલવલાટ, ઐક્ય સાધવાની તીવ્ર ઉત્કંઠા હૃદયને આર્દ્ર બનાવી દે છે. શ્રીકૃષ્ણના - પરમાત્માના નામશ્રવણ માત્રથી રાધા ભાવવિભોર થઈ પોતાને ભૂલી જાય છે. આત્માનું લક્ષ્ય છે પરમાત્માની પ્રાપ્તિ અને તેની સાથે ઐક્ય સાધવા તે સર્વસ્વ છોડવા તૈયાર થાય છે. સંસારનાં પ્રલોભનો, બંધનો, મર્યાદા કે પરંપરા તેને નડતી નથી. દૈવી અને સંસારી સંબંધોની એક પરાકાષ્ઠા છે, જ્યાં આત્મવિસ્મરણ અને આત્મવિલોપન સિવાય બીજું કંઈ રહેતું નથી. સુરદાસે સરસ વાત કરી, 'સોળ સહસ્ત્ર પીર તન એકૈ. રાધા કહિયે સોય.' સોળ હજાર ગોપીઓની ઘનીભૂત પીડા એટલે રાધા. કૃષ્ણને- પરમાત્માને પામવા રાધા બનવું પડે, જેમ સુંદરમે લખ્યું.

'નયન નયન રાધા નયનન હો
ચરણ ચરણ રાધા ચરણન હો
તલપ તલપ રાધા તલસન હો,
રટત રટત મન ભાવન
**હો અખિલ જગત બ્રિન્દાવન.'**

સ્વના સમર્પણ સિવાય આ અલૌકિક પ્રેમની પ્રાપ્તિ થતી નથી, જેમ સુરદાસે કહ્યું, કૃષ્ણ તો રાધાને વશ છે. ચાતક જેમ સ્વાતિ નક્ષત્રના પાણીને, ચકોર જેમ ચંદ્રને અને ચક્રવાક જેમ સૂર્યને ઝંખે તેમ, જેમ શબ્દ-રાગના વશમાં હરણ, જળને વશ માછલી, શરીરને વશ છાયા, રાધા આ જાણી પોતાને ભાગ્યશાળી સમજે છે. ભારતેન્દુ હરિશ્ચંદ્રે રાધા અને કૃષ્ણનો સંબંધ ચંદ્ર અને ચાંદની જેવો છે તેમ કહ્યું. રાધાભાવે વૈષ્ણવ ભક્તો અને કવિઓએ ઋજુતાથી આત્મનિવેદન કર્યું છે. એટલે જ તો રવીન્દ્રનાથ કહે, 'મને સાચું કહો હે વૈષ્ણવ કવિ, તમને ક્યાંથી આ પ્રેમછબી મળી. તમે ક્યાંથી શીખ્યા આ પ્રેમગાન. જે વિરહતપ્ત. કોની આંખોના આંસુ જોઈએ રાધિકાની આંખમાંથી પડતા અશ્રુ યાદ આવ્યા?'

અને છતાં રાધાકૃષ્ણનું જે વર્ણન આપણી સમક્ષ ઘણી વાર આવે છે તે એવું અપાર્થિવ, દૈવી કે આધ્યાત્મિક નથી. સાંપ્રદાયિક અને અન્ય કવિઓ આ પ્રેમને ઉન્નયન પર લઈ જવા મથે છે, પણ પ્રેમ અને કામ વચ્ચેનો ભેદ ઘણીવાર વીસરાઈ જાય છે. કાવ્યો વધારે પડતા શૃંગારિક હોઈ પ્રેમને ભૌતિક સ્તર પર લઈ જઈ સંભોગ પ્રધાન બનાવી દે છે. અલૌકિક પ્રેમનું વાતાવરણ બધે નથી રચી શકાયું. સંભોગથી સમાધિ તરફ નથી જવાતું. પ્રાચીન પુસ્તકો પણ તેમાં અપવાદ નથી. આવું વધુ પડતું સ્થૂળ ભૌતિક પ્રેમવર્ણન લોકોને જચતું નથી. દા.ત. એક શ્લોક બ્રહ્મવૈવર્તપુરાણનો છે. 'સ ચ ક્રીડાનિયુક્તશ્ચ બભૂવ રત્નમંદિરે તથા ચ રાધયા સાર્દ્ધં કામુક્યા સહ કામુકઃ તે રત્નજડિત ઘરમાં કામયુક્ત રાધિકા સાથે કામી થઈને ક્રીડા કરવા પ્રવૃત્ત થયો.' ૧૧મી સદીમાં ક્ષેમેન્દ્રના 'દશાવતાર' પુસ્તકમાં એક શ્લોક છે. યુવતીઓને ચુંબન કરનાર શ્રીકૃષ્ણના પ્રેમ માટે ભમરાને ચમેલી તેમ રાધા જ વધારે પ્યારી થઈ. શ્રીકૃષ્ણ જ્યારે મથુરા જવા નીકળ્યા ત્યારે રાધા સાથેની કામક્રીડાને ખાસ યાદ કરતાં કરતાં ગયા.

રાધિકાતાપનીય ઉપનિષદ પ્રમાણે વિશ્વભર્તા શ્રીકૃષ્ણ એકાંતમાં પ્રેમયુક્ત થઈ રાધાની પદરજ માથે ચડાવે છે. બંસી પડી ગઈ છે, વાળ વીખરાઈ ગયા છે અને તે ક્રીતદાસ જેમ રાધાને વશ રહ્યા છે.

'ગીતગોવિંદ' પ્રમાણે 'વિરચિતચાટુવચનરચન ચરણે રચિત પ્રણિપાતં' મીઠું મનને ગમે તેવું વચન બોલીને પગે પડીને પ્રણિપાત કરતા શ્રીકૃષ્ણ છેવટે રાધાને કહે છે, 'સ્મરગરલખંડનં મમ શિરસિમંડનં, દેહિ પદપલ્લવમુદારં' કામના વિષનું ખંડન કરવા મારા માથા પર પ્રેમળ લાલ પાન જેવાં તારો પગ મૂકી દે. ભક્ત રસખાને કહ્યું, બ્રહ્મ (એટલે વિષ્ણુ - કૃષ્ણ)ને તો પ્રાચીન વેદપુરાણ કે જ્ઞાનની આરાધનાથી પણ પામવો મુશ્કેલ છે. તેને બધે શોધ્યો, તો ક્યાંથી મળ્યો? 'દેખો દુરૌ વહ કુંજકુટિર મેં, બેઠો પલોટત રાધિકા-પાયન'. તે તે ત્યાં કુંજકુટિરમાં રાધાના પગમાં આળોટતો બેઠો છે.

દયારામે ગાયું,

**'મોહ્યાં શ્યામા શ્યામને રે લોલ,**
**વ્યાપ્યો બેઉ અંગમાં અનંગ,**
**વ્રજવાસણી રે લોલ,**
**લલિતાએ લઈ મેળવ્યાં,**
**નિકુંજમાં રે લોલ,**
**રસભર્યા રમાડ્યા રતિરંગ,**
**વ્રજવાસણી રે લોલ!**
**આનંદસાગર ત્યહાં ઊછળ્યો રે લોલ**
**મગન થયાં લાડલી ને લાલ,**
**વ્રજવસાણી રે લોલ!'**

ભક્તકવિ નરસિંહ મહેતાએ કહ્યું - 'નરસૈંયાનો સ્વામી સુરત સંગ્રામે આધીન કીધો.' અહીં અપાર્થિવ પ્રેમ બાજુ પર રહી જાય છે. સ્થૂળ પ્રેમ વધારે દેખાય છે. કોઈવાર ખટકે પણ ખરું.

નરસિંહ મહેતાએ સમજાવ્યું પણ ખરું કે 'તમે જાણો વિષયરસ ગાયો, મારે હરિ શું પ્રેમ ઊભરાય. હરિલીલા શણગાર જ ગાતાં વિષયી નહીં કહેવાય.' જયદેવે ગીતગોવિંદની રચના કરી, કારણ કે તે કહે છે.

'શ્રી જયદેવકથિત આ લીલા, કલિ-મલ સહજ વિનાશનશીલા'. ભાગવતપુરાણમાં કહ્યું છે કે શ્રીકૃષ્ણે ગોપીઓ સાથે ક્રીડા કરી, જે રીતે બાળક પોતાના પ્રતિબિંબથી ભરમાઈ કરે. 'રેમે રમેશો વ્રજસુંદરીભિઃ યથા અર્ભકઃ સ્વપ્રતિબિંબવિભ્રમઃ' તેમાં જ શુકદેવે પરીક્ષિતને સમજાવ્યું કે સર્વગ્રાહી અગ્નિને જેમ દોષ લાગતો નથી, તેમ તેજસ્વીઓને આવા કાર્યનો દોષ નથી. 'તેજીયસાં ન દોષાય વહ્નેઃ સર્વભુજો યથા.' ફરી કહ્યું 'ઈશ્વરાણાં વચઃ સત્યં, તથૈવ, આચરિતં ક્વચિત્.' આ મહાપુરુષોના વચન સત્ય હોય છે. આચરણ કદીક જ. આ જરાક ખૂંચે તેવી વાત છે. મહાપુરુષ તો મન, વચન અને કર્મથી એક જ વાત કરતા હોય, આમ કેમ?

'શ્યામ સમીપે' પુસ્તકમાંથી સાભાર. પ્રકાશકઃ એન.એમ. ઠક્કરની કંપની

(ક્રમશઃ)■

ચિંતન

હેમુ ભીખુ
feedback@bombay
samachar.com

# સહસ્રનામ તત્તુલ્યં



સનાતની સાહિત્યમાં બે ભિન્ન ભિન્ન પ્રસંગે એક જ તારણનો ઉલ્લેખ થાય છે. બંને પ્રસંગમાં શ્રીરામ રામ રામેતિ રમે રામે મનોડરમે, સહસ્રનામ તત્તુલ્યં રામનામ વરાનને શ્લોકનું મહાત્મ્ય સમજાવવામાં આવ્યું છે. અહીં સમજવાની વાત એ છે કે પ્રસંગ મહત્ત્વનો નથી, પ્રસંગની ઘટના મહત્ત્વની નથી, પ્રસંગના સારનું મહત્ત્વ છે. સનાતનની તત્ત્વદર્શનમાં પ્રસંગ તો એક આકસ્મિક ઘટના હોય છે, તેમાં ક્યાંક વધઘટ હોઈ શકે, પરંતુ અંતે જે 'સત્વ' સ્થાપિત કરવાનો પ્રયત્ન થાય છે તે અદ્ભુત છે - તે મહત્ત્વનું છે.

એક પ્રસંગ આ પ્રમાણેનો છે. માતા પાર્વતી પ્રતિદિન વિષ્ણુ સહસ્રનામનો પાઠ કરતાં હતાં. તેમનાં નિયમ મુજબ આ પાઠ સંપૂર્ણ થાય પછી જ તેઓની દ્રષ્ટિ કૌટુંબિક જવાબદારી પ્રત્યે જતી. કોઈ એક સમયે મહાદેવ શંભોને ભોજનની ઈચ્છા થઈ અથવા તેમને ભોજનની જરૂરિયાત જણાઈ. તે વખતે માતા પાર્વતીનો પાઠ હજુ પણ ચાલુ હતો. સ્વાભાવિક છે કે ઈશ્વરને પ્રતીક્ષા કરવી પડી હોય. આનું કારણ પૂછતાં માતા પાર્વતી જણાવે છે કે તેઓ વિષ્ણુ સહસ્રનામનો પાઠ કરતાં હતાં. તે વખતે, જરૂરિયાત જણાય ત્યારે, આ પાઠ તેનાં ફળ વિશે બાંધછોડ કર્યા વિના, સમગ્ર પાઠને ટૂંકમાં કેવી રીતે કરી શકાય તે મહાદેવે જણાવ્યું. આ માટે તેમણે માતા પાર્વતીને આ શ્લોક સમગ્ર વિષ્ણુ સહસ્રનામ 'તુલ્ય' છે તેમ સમજાવ્યું. એક અન્ય પ્રસંગ પ્રમાણે માતા પાર્વતી જ્યારે શિષ્ય ભાવે ભક્તિની ચરમસીમા સમાન પાઠ વિશે મહાદેવને પૂછે છે ત્યારે મહાદેવ સમગ્ર વિષ્ણુ સહસ્રનામનો ઉલ્લેખ કરે છે. એક હજાર નામ યાદ કરવા અને બોલવાના વિકલ્પ તરીકે માતા જગદંબા પૂછે છે ત્યારે મહાદેવ તેમને આ શ્લોક જણાવે છે.

અહીં પ્રસંગ મહત્ત્વનો નથી, સંદેશો મહત્ત્વનો છે. શ્રીરામ રામ રામેતિ રમે રામે મનોડરમે, સહસ્રનામ તત્તુલ્યં રામનામ વરાનને માત્ર એક શ્લોક છે પણ તેનાથી પ્રાપ્ત થતું ફળ વિષ્ણુ ભગવાનના સહસ્રનામના ઉચ્ચારણ સમાન છે. એમ જણાય છે કે 'પ્રેક્ષકવર્ગ'ની ક્ષમતા, શ્રદ્ધા તથા માનસિક ભૂમિકા અનુસાર જુદાં જુદાં પ્રસંગનો ઉલ્લેખ કરાયો હોય, પરંતુ અંતે હેતુ તો 'સત્ય'ને પહોંચાડવાનો જ રહે. સમાજના ચોક્કસ વર્ગમાં સ્થાપિત સંદર્ભને અનુસાર જ્યારે પ્રસંગ ઘડવામાં આવે ત્યારે જે તે ધાર્મિક તેમજ આધ્યાત્મિક વાત સરળતાથી પહોંચી શકે. સંદેશો એ જ હોય પરંતુ તેની અભિવ્યક્તિની શૈલી, આ માટે તેની સાથે સંકળાયેલા પ્રસંગો, તેમાં રહેલી નાટકીયતા, તેની સાથે સંકળાયેલી પ્રવર્તમાન સામાજિક વ્યવસ્થા બદલાય, તો તેમાં વાંધો ન હોવો જોઈએ. અહીં ઇતિહાસની ચર્ચા નથી સૈદ્ધાંતિક આધ્યાત્મિક સત્યનું નિરૂપણ છે. આ શ્લોકનો અર્થ સરસ અને સરળ છે. જે વ્યક્તિ નિશ્ચયપૂર્વક રામ-નામ જપે છે, શ્રીરામને યાદ કરે છે, જેમનું મન રામમાં 'રમતું' રહે છે; તેઓ આનંદ, શુદ્ધિ અને પવિત્રતાની અનુભૂતિ કરી શકે છે. તેમનો ધાર્મિક તેમજ આધ્યાત્મિક માર્ગ પ્રશસ્ત થાય છે. રામ-નામ પોતે જ મહા પ્રભાવશાળી, ઐશ્વરિય તેમજ ફળદાયી મંત્ર છે. રામ-નામનો મહિમા અપરંપાર છે એમ સ્વયં મહાદેવ માતા જગદંબાને જણાવે છે.

રામ એ શબ્દ નથી પરંતુ પરબ્રહ્મનું શાબ્દિક સ્વરૂપ છે, વિશ્વ-પ્રેમનો પર્યાય છે, વૈશ્વિક શાંતિનું પ્રતિનિધિ છે, અદ્વૈતની સાક્ષી છે, પરમ આનંદનું મૂળ છે, મન બુદ્ધિ ચિત્ત તથા અહંકારના વિરામનો આધાર છે, ઐશ્વરિય શક્તિની સાક્ષી છે, દૈવભાવ સ્થાપિત કરવાનું માધ્યમ છે, આધ્યાત્મિક ઉન્નતિ માટે એક અગત્યનું ચરણ છે, ભક્તિમાર્ગમાં શ્રદ્ધાપૂર્વકના સમાધાન માટેનો પાયો છે, ધર્મ તેમજ મર્યાદાનો પ્રતિનિધિ છે, શુદ્ધ હૃદયનો અવાજ છે, ધ્વનિ તરંગો દ્વારા આત્મા સાથેનાં સંધાનની સંભાવના છે, ભક્ત માટે વિશ્વાસ છે, યોગી માટે સાધન છે, જ્ઞાની માટે કારણ છે, સમગ્ર સૃષ્ટિમાં વહેતો ઊર્જા-યુક્ત ધ્વનિ છે, નિરાધારનો આશરો છે, દુખિયારાની આશા છે, રંકનું ધન છે, લક્ષ્મીનો પ્રભાવ છે, સરસ્વતીની વાણી છે, કાલીનો ન્યાય છે, રામાયણનો આત્મા છે, મહાભારતનો સાર છે, સત્યનું પ્રતિબિંબ છે, પુરાણોનું કેન્દ્ર છે, જીવનનું વાસ્તવિક ઊંડાણ છે, અંતરાત્માનું સ્વરૂપ છે અને શિવજી તથા શ્રીકૃષ્ણને પ્રિય કહી શકાય તેવી વાસ્તવિકતા છે. આ રામ-નામ બોલતાં જ ભક્તના હૃદયમાં શ્રદ્ધા, પ્રેમ, વિશ્વાસ, શાંતિ, આનંદ, કરુણા, તીતીક્ષા, સાત્વિકતા, દયા, આધ્યાત્મિકતા, સદભાવ, સદાચાર, સત્ય, ધર્મ, નૈતિકતા, મર્યાદા, નિર્દોષતા, ગુણાતીતતા, સ્થિતપ્રજ્ઞતા, ધીરજ, વિવેક, સંયમ તથા આધ્યાત્મિક પરિપક્વતા જેવાં ગુણ ક્રમશઃ વિકસતાં જાય.

કહેવાય છે કે શબ્દ સાથે જ્યારે ભાવ ઉમેરાય ત્યારે જ તેનો અર્થ સરે. રામ-નામ માટે આ ધારણા અધૂરી જણાય છે. નારદ મુનિએ જ્યારે વાલિયા લુંટારાને રામ મંત્ર આપેલો ત્યારે વાલીયા લુટારાના મનમાં તે મંત્ર માટે કદાચ શ્રદ્ધા પણ નહીં હોય અને વિશ્વાસ પણ નહીં હોય. રામ-મંત્રનો અર્થ પોતે જાણતો જ ન હોય. તે છતાં પણ રામ-નામે પરિણામ આપ્યું. આની માટે એક જ તર્ક યોગ્ય લાગે છે. ધ્વનિના સ્વરૂપની વાત કરીએ તો રામ અને ઓમ-ૐ લગભગ એક સમાન તરંગો સ્થાપિત કરે છે.

જો બંનેનો 'મ' અંદર ઘૂંટવામાં આવે તો લગભગ સમાન પરિણામ આવી શકે. તે ઉપરાંત રામનું સ્મરણ કરવું એટલે શ્રીરામના ગુણોને, તેમની પવિત્રતાને, તેમની મર્યાદાને, તેમની સત્યનિષ્ઠાને, તેમનાં ધર્માચરણને, તેમની કરુણાને, તેમની નિર્ભયતાને, તેમની દયાને તથા માતાપિતા પ્રત્યે તેમનાં સમર્પણને વ્યક્તિગત જીવનમાં સ્થાપિત કરવાં. રામ-નામ જપવાથી આ બધું આપમેળે થતું જાય, વાસ્તવમાં અહીં કોઈ ખાસ વિશેષ પુરુષાર્થની આવશ્યકતા નથી રહેતી. રામ-નામ જપવાથી મન શુદ્ધ, હૃદય પવિત્ર, ચિત્ત શાંત, અહંકાર સાત્વિક અને જીવન ધર્મમય બને. રામ-નામ માત્ર જપ નથી પરમાત્માનો અનુભવ કરવાની ચાવી છે. ■

ગીતા મહિમા

સારંગપ્રીત
feedback@bombay
samachar.com

# જ્ઞાતા, જ્ઞાન ને જ્ઞેય



ગત અંકમાં સંશયને દૂર કરી આત્મશક્તિના રહસ્યને ઉજાગર કરી હવે ભગવાન કૃષ્ણ જ્ઞાતા, જ્ઞાન અને જ્ઞેયને સમજાવી રહ્યા છે.

જ્ઞાતા, જ્ઞાન અને જ્ઞેય આ ત્રણ તત્ત્વોનું તાત્ત્વિક વિશ્લેષણ ગીતાની આગવી વિશેષતા છે. આ ત્રિવિધ તત્ત્વો વિના જ્ઞાનની પૂર્ણતા શક્ય નથી. આ ત્રણેય પરસ્પર સંબંધિત છે, છતાં પોતપોતાની અલગ ઓળખ ધરાવે છે.

જ્ઞાતા એટલે જાણનાર જે ચેતન શક્તિ ધરાવે છે, જે અનુભવે છે, વિચારે છે, સમજે છે. જ્ઞાતા માનવનું આત્મસ્વરૂપ છે. શરીર, મન કે ઇન્દ્રિયો જાણે છે એવું લાગે છે, પરંતુ એ માત્ર સાધનો છે. જ્ઞાનની પ્રક્રિયા પાછળ રહેલું સચેત તત્ત્વ એટલે જ્ઞાતા-આત્મા. આત્મા જ એ શક્તિ છે જે ઇન્દ્રિયો દ્વારા વિષયોનો અનુભવ કરે છે અને તે જ સર્વ અનુભવોનો સાક્ષી છે.

હા, ઉપનિષદોમાં આત્માને સાક્ષી ચૈતન્ય તરીકે ઓળખાવવામાં આવ્યો છે એટલે કે તે બધાનો સાક્ષી છે. શરીર ઊંઘે, મન સ્વપ્ન જુએ, ઇન્દ્રિયો આરામ કરે, છતાં આત્મા ચેતન જાગૃત રહે છે. સ્વપ્ન અને સુષુપ્તિ અવસ્થામાં પણ આત્મા સદા પ્રકાશમાન રહે છે. એ જ કારણ છે કે સુષુપ્તિ પછી જાગવાથી આપણે કહીએ છીએ કે હું સારી રીતે સૂતો હતો. આ કહેવું એ સાબિત કરે છે કે સૂવાના સમયે પણ કોઈ 'હું' તત્ત્વ હાજર હતું, જેને પછી એ અનુભવ યાદ રહ્યો. તે 'હું' તત્ત્વ એટલે જ જ્ઞાતા આત્મા.

આ અવિનાશી તત્ત્વ જ જ્ઞાતા છે, કારણ કે જો જ્ઞાતા પણ નાશ પામે, તો જ્ઞાનનો પ્રકાશ ક્યાંથી રહેશે? જ્ઞાન તો ત્યાં સુધી શક્ય છે જ્યાં સુધી જ્ઞાતા રહે. જ્ઞાતા આત્મા સદાચેતન છે, પરંતુ તેનું જ્ઞાન મન અને ઇન્દ્રિયો દ્વારા પ્રગટ થાય છે, જેમ વીજળી તાર વડે પ્રકાશ આપે છે, તેમ આત્મા મન અને ઇન્દ્રિયોના માધ્યમથી વિશ્વનો અનુભવ કરે છે. મન અને ઇન્દ્રિયો તાર જેવા છે તેમની માધ્યમ વિના અનુભૂતિ થતી નથી, પરંતુ વીજળી વિના તાર નિષ્ક્રિય છે. આત્મા વિના મન નિર્જીવ છે.

આમ, શરીર બદલાય છે, મન બદલાય છે, ઇન્દ્રિયો થાકે છે, પરંતુ આત્મા તો અવિચલ સાક્ષી રહીને સર્વનો અનુભવ કરતો રહે છે. એ જ માનવનું સત્ય સ્વરૂપ, સદા ચેતન અને અમર જ્ઞાતા આત્મા છે.

વળી, જ્ઞાન એટલે જાણવાની ક્રિયા. જ્ઞાન એક પ્રકારનું માધ્યમ છે જેના દ્વારા જ્ઞાતા જ્ઞેયને ઓળખે છે. જ્ઞાનમાં ચેતનાનો પ્રવાહ હોય છે, જે મન અને ઇન્દ્રિયો મારફતે બહારની દુનિયા તરફ વળે છે. મન જ્ઞાનનું મુખ્ય સાધન છે. ઇન્દ્રિયો જ્ઞાનના દ્વાર છે, પરંતુ મન એ બધાને જોડે છે અને જ્ઞાતાની તરફ લઈ જાય છે, જ્યારે મન શુદ્ધ અને એકાગ્ર હોય, ત્યારે જ્ઞાન સ્પષ્ટ અને પ્રકાશરૂપ બને છે. ગીતા કહે છે કે જેનું મન વિખરાયેલ છે તે જ્ઞાન પ્રાપ્ત કરી શકતો નથી, કારણ કે મનની એકાગ્રતા વિના જ્ઞાનનો પ્રકાશ ઝાંખો રહી જાય છે.

અંતે, જ્ઞેય એટલે જાણવાનો વિષય; જેનું જ્ઞાન મેળવવાનું હોય તે ! જ્ઞેય જ્ઞાનનો વિષય છે, તે દૃશ્ય કે વિચારરૂપ વસ્તુ હોઈ શકે છે. જ્યારે જ્ઞાતા જ્ઞાન દ્વારા જ્ઞેયને ઓળખે છે ત્યારે જ જ્ઞાનની પ્રક્રિયા પૂર્ણ બને છે. ઉદાહરણ તરીકે, કોઈ ફૂલ જોઈને આપણે કહીએ કે આ ગુલાબ છે. અહીં ગુલાબ જ્ઞેય છે, આંખ અને મન દ્વારા જે જાણવાની પ્રક્રિયા થાય છે તે જ્ઞાન છે, અને જે જાણે છે તે જ્ઞાતા છે.

આ ત્રણેય જ્ઞાતા, જ્ઞાન અને જ્ઞેય એકબીજા વિના અધૂરા છે. જ્ઞાતા વિના જ્ઞાન શક્ય નથી, જ્ઞાન વિના જ્ઞેય ઓળખાય નહીં, અને જ્ઞેય વિના જ્ઞાનની ક્રિયા થઈ શકતી નથી. આમ, આ સંપૂર્ણ પ્રકિયા અવિભાજ્ય છે, જે ચેતનાના પ્રવાહમાં સતત કાર્યરત રહે છે.

મહંતસ્વામી મહારાજ સમજાવે છે કે બ્રાહ્મીસ્થિતિ થયા પછી મુમુક્ષુ ઉત્કૃષ્ટ જ્ઞાતા બને છે. આ જ્ઞાતાને બધામાં પરમાત્મા દેખાય છે. 'જ્યાં જુએ ત્યાં રામજી બીજું ન ભાસે રે' આ પંક્તિ અનુસાર તેને બધે જ દિવ્યતાનો અનુભવ થાય છે. આ સ્થિતિ માટે બ્રહ્મસ્વરૂપ ગુરુની જરૂર પડે. ઉપનિષદો આ જ અવસ્થા માટે કહે છે બ્રહ્મવિદ્ બ્રહ્મૈવ ભવતિ જે બ્રહ્મને જાણે છે, તે પોતે બ્રહ્મરૂપ બની જાય છે.

હા, આ જ જ્ઞાનની પરાકાષ્ઠા છે જ્યાં જાણનાર, જાણવાની ક્રિયા અને જાણવાનું બધું જ દિવ્ય બની જાય છે. ■

શિવ રહસ્ય

ભરત પટેલ
feedback@bombay
samachar.com

# જ્ઞાન પર તો દરેક પરિશ્રમીનો અધિકાર હોય છે, તો આ બ્રહ્મ જ્ઞાન આટલું દુર્લભ કેમ છે?



પોતાની કુટીર બહાર કોઈ શક્તિ ઉપસ્થિત હોવાની અનુભૂતિ થતાં જ ઋષિ મૃકુંડુ અને સુતપા બહાર આવતાં જ સર્વેશ્વર ભોળેનાથ, માતા પાર્વતીના સાક્ષાત દર્શન થાય છે. એજ સમયે માતા લક્ષ્મી, બ્રહ્માજી અને દેવર્ષિ નારદ ત્યાં પધારે છે. ઋષિ મૃકુંડુ અને સુતપા સમસ્ત દેવગણનું સ્વાગત કરી આશિર્વાદ લે છે. ભગવાન શિવ કહે છે, 'સુતપા તમે અને ઋષિ મૃકુંડુ ખરેખર પુણ્યશાળી છો, જેથી આપને માર્કંડેય જેવો પુત્ર પ્રાપ્ત થયો છે.' પ્રસન્ન ઋષિ મૃકુંડુ કહે છે, 'હે સર્વેશ્વર, અમને માફ કરો, અલ્પઆયુ પુત્રની આયુ બાબતે ભયભીત રહી અમે પૂર્ણપણે તમને સમર્પિત ન થઈ શક્યા, એ બદલ માફી ચાહીએ છીએ. એકવાર કોઈ નિષ્ઠાપૂર્વક તમારાં શ્રીચરણોમાં સમર્પિત થઈ જાય છે તેણે પોતાની સમસ્ત ચિંતા તમારા પર છોડી દેવી જોઈએ અને તમારી ભક્તિમાં લીન થઈ જવું જોઇએ, પરંતુ અમે પુત્રની અલ્પઆયુની ચિંતામાં એવું ન કરી શક્યા.' ભગવાન શિવ કહે છે, 'પુત્રની ચિંતા કરવી એ મા-બાપનો સ્વાભાવિક કર્તવ્ય છે, અમારું અહીં ઉપસ્થિત થવાનું કારણ એ નથી કે તમારી ચિંતા દૂર કરવી, અમે તો અહીં માર્કંડેયની અવિરત ભક્તિથી પ્રસન્ન થઈ તેને અમરતાનું વરદાન આપવા આવ્યા છીએ. પુત્ર માર્કંડેય તમે અમારી વિશેષ સ્નેહના પાત્ર છો.' એજ સમયે માર્કંડેય કહે છે કે, 'દુષ્ટ દૈત્ય-દાનવોનો અંત કરનારી અને માતા આપની શક્તિઓનું પ્રદર્શન કરનારી વાર્તા મને બહુ પ્રિય છે, મારી માતા અને પિતાએ આપની ઘણી વાર્તા મને સંભળાવી છે. આપ સૌના આશીર્વાદ હોય તો લોકકલ્યાણઅર્થે હું માતા પાર્વતીની શક્તિ, દયા-માયા અને પરાક્રમને સાંકળી લેતો એક ગ્રંથ લખવા ઇચ્છુક છું.' આટલું સાંભળતાં જ ભગવાન શિવ કહે છે, 'તમારા દ્વારા રચિત ગ્રંથ માર્કંડેય પુરાણ તરીકે જગવિખ્યાત થશે. આવનારાં અનેક યુગો સુધી દેવી પાર્વતીના ભક્તો માટે આ ગ્રંથ ભક્તિ અને પ્રેરણાનું મુખ્ય સ્રોત બનશે.' જગતજનની પ્રસન્ન માતા પાર્વતી કહે છે. 'પુત્ર માર્કંડેય તમારા દ્વારા રચિત આ માર્કંડેય પુરાણના વાંચન, મનન અને પઠન કરનાર મારી વિશેષ કૃપાનો અધિકારી બનશે અને મારો પરમભક્ત કહેવાશે.' છેવટે માતા સરસ્વતી અને બ્રહ્માજીએ પણ માર્કંડેયને આશિર્વાદ આપી કહ્યું કે, માર્કંડેય પુરાણનું પઠન, ચિંતન અને મનન કરનારા મનુષ્યનો પરિવાર અમારી વિશેષ કૃપાને પાત્ર બનશે અને પરમ જ્ઞાની બનશે.' ભગવાન શિવ, માતા પાર્વતી, બ્રહ્માજી, માતા સરસ્વતી અને દેવર્ષિ નારદ માર્કંડેયને આશીર્વાદ આપી ત્યાંથી વિદાય લે છે. થોડા જ સમયમાં માર્કંડેય દ્વારા માર્કંડેય પુરાણની રચના કરવામાં આવી અને આજે એ દુર્ગા સપ્તશતી તરીકે પણ પ્રખ્યાત છે. જે માનવ શ્રદ્ધા અને ભાવથી માર્કંડેય પુરાણ ઉર્ફે દુર્ગા સપ્તશતીનું પઠન, મનન કે વાંચન કરે છે તે સમગ્ર જીવન દરમિયાન માતા પાર્વતીની કૃપાથી ઉત્તમ માનવ તરીકે જીવન વિતાવે છે અને કાલમાં વિલય થયા બાદ શિવકૃપા પ્રાપ્ત કરી શિવગણ તરીકે કૈલાસ ખાતે સ્થાન મેળવે છે.

***

કૈલાસ ખાતે પરત ફરતાં જ ભગવાન શિવ પોતાની તપસ્યામાં લીન થઈ જાય છે અને માતા પાર્વતી કૈલાસની વ્યવસ્થાપનમાં કાર્યરત થઈ જાય છે. વ્યવસ્થાપનના કાર્ય દરમિયાન તેમને બે શિવગણ વચ્ચેનો વાર્તાલાપ સંભળાય છે. એક શિવગણ બીજા શિવગણને કહેતો હોય છે કે 'મને બ્રહ્મ જ્ઞાન લાધ્યો નથી, કે તારી બધી વાત કહ્યા વગર હું સમજી જાઉં.' એ જ સમયે માતા પાર્વતીના મનમાં પ્રશ્ન ઉદ્ભવે છે કે બ્રહ્મ જ્ઞાન મેળવવું કેમ સુલભ નથી?' માતા પાર્વતી મનમાં નિશ્ચય કરી લે છે કે ભગવાન શિવની તપસ્યા પૂર્ણ થતાં જ હું તેમની સાથે બ્રહ્મ જ્ઞાન બાબતે ચર્ચા કરીશ.

સમય વિતવા લાગ્યો, ઘણા દિવસ થયા પણ ભગવાન શિવ તપસ્યામાંથી બહાર ન આવ્યા. માતા પાર્વતીનું મન બેચેન રહેવા માંડ્યું. માતા પાર્વતીની મનોવ્યથા ભગવાન શિવને ખબર પડતાં જ તેઓએ આંખ ખોલી. ભગવાન શિવની આંખ ખૂલેલી જોઈ નંદી સહિત શિવગણો ભગવાન શિવનો જયજયકાર કરવા માંડ્યા. ભગવાન શિવ માતા પાર્વતીના બેચેન મનને શાંત પાડવા ગગન વિહાર માટે કહે છે.

ભગવાન શિવઃ 'દેવી ગગન વિહાર દરમિયાન તમે આટલાં ગંભીર કેમ છો?'

માતા પાર્વતીઃ 'હું પરમ જ્ઞાન એટલે કે બ્રહ્મ જ્ઞાન વિશે વિચારી રહી હતી કે, જ્ઞાન પર તો દરેક પરિશ્રમીનો અધિકાર હોય છે, તો આ બ્રહ્મ જ્ઞાન આટલું દુર્લભ કેમ છે.'

ભગવાન શિવઃ 'બ્રહ્મ જ્ઞાન દુર્લભ એ માટે છે કે એ જ્ઞાનનું સર્વોચ્ચ શિખર છે. બ્રહ્મ જ્ઞાની માટે અન્ય કોઈ જ્ઞાનની જરૂરત રહેતી નથી તે પૂર્ણતાને મેળવે છે. તેનો આત્માતત્ત્વ મારામાં વિલીન થઇ જાય છે એને પોતાના હૃદયમાં પરમાત્મા બેસેલો દેખાય છે, જેમ તમે નિદ્રાધીન થતાં પહેલા તમે તમારા ઘરેણાં ઉતારી મૂકો છો તેમ બ્રહ્મ જ્ઞાની પોતાના આત્માને છોડીને પણ જીવિત રહી શકે છે.'

માતા પાર્વતીઃ 'શું આ બ્રહ્મ જ્ઞાન અમરતાનું પ્રતીક છે.'

ભગવાન શિવઃ 'અવશ્ય દેવી, બ્રહ્મ જ્ઞાન અમરત્વનું જ પ્રતીક છે.'

માતા પાર્વતીઃ 'તમારી ભાષા મને સમજાઈ નથી, શું તમે મને સ્પષ્ટ ભાષામાં સમજાવી શકશો?'

ભગવાન શિવઃ 'અવશ્ય, બ્રહ્મ જ્ઞાન જ અમરત્વનું પ્રતિક છે. જે દૃશ્યમાન છે તે પરમાત્મા છે. દરેકના શરીરમાં જે આત્મા છે એ પરમાત્માનો અંશ છે. આત્માનો સાક્ષાત્કાર એ જ પરમાત્માનું મિલન છે. આ મિલન બાદ કોઈ ઇચ્છા શેષ રહેતી નથી. જીવાત્મા આ મિલન બાદ પરમાત્માને પ્રાપ્ત કરે છે. બ્રહ્મ જ્ઞાનનો આજ સંદેશ છે.

માતા પાર્વતીઃ 'એક સાધારણ માનવી પોતાના આત્માનો સાક્ષાત્કાર કઈ રીતે કરી શકે?'

ભગવાન શિવઃ 'ઉપાસના દ્વારા. ઉપ એટલે પોતે અને આસના એટલે બેસવું, પોતાના આત્મા પાસે બેસવું, પોતાને ઓળખવું. પોતાને ઓળખનાર મનુષ્યને જ પરમાત્માનો સાક્ષાત્કાર થાય છે અને તે પૂર્ણ જ્ઞાની બને છે.'

માતા પાર્વતીઃ 'જે મનુષ્ય તમારી આરાધનામાં અથવા મંત્ર જાપમાં લીન રહે છે તેમને શું બ્રહ્મ જ્ઞાન પ્રાપ્ત નહીં થાય?'

ભગવાન શિવઃ 'બ્રહ્મજ્ઞાન મેળવવા પોતાના આત્માને ઓળખવો પડશે, પોતાના આત્મા દ્વારા દર્શાવેલા માર્ગ પર ચાલી સદ્ગુણોનો વિકાસ કરવો પડશે, પોતાના સ્વાર્થનો ત્યાગ કરી લોકકલ્યાણ માટે પ્રયત્નશીલ રહેવું પડશે.

માતા પાર્વતીઃ 'મન અને આત્માના દ્વંદ્વ વચ્ચે આત્મા દ્વારા દર્શાવેલ માર્ગ પર જ ચાલવું અવશ્ય છે?'

ભગવાન શિવઃ 'મન ચંચળ છે. ઇન્દ્રીયોના વશીભૂત થઈ પાપ કર્મ કરાવે છે. પરમાત્માનો અંશ એવા આત્માના વિચાર હંમેશાં માનવીને સદ્માર્ગે ચલાવી બ્રહ્મ જ્ઞાનની પ્રાપ્તિ કરાવે છે.'

માતા પાર્વતીઃ 'સ્વામી તમારી સાથે ગગન વિહારમાં આટલો સમય ક્યારે નીકળી ગયો એ ખબર જ નહીં પડી.'

ભગવાન શિવઃ 'પૂર્વ દિશાથી થનારો સૂર્યોદય આપના બ્રહ્મ જ્ઞાનનો દ્વાર ખોલવા જઈ રહ્યો છે દેવી.'

માતા પાર્વતીઃ 'પ્રભુ શું આજે જ મને બ્રહ્મ જ્ઞાનની પ્રાપ્તિ થશે.'

ભગવાન શિવઃ 'હા, દેવી ચાલો.'

(ક્રમશઃ)■

વિશેષ

રાજેશ યાજ્ઞિક
mahendra.punatar@bombay
samachar.com

# મોહથી મુક્ત થાય તે મહાવીર બની શકે


**રે મોહ કા બંધન મધુર, મોહ કા સ્વરૂપ સુંદર,**
**મોહ કી મુસ્કાન કોમલ, મોહ કા પરિધાન મનોહર**
**રે મોહ કા આનંદ વિરલ, મોહ જનિત વેદના શીતલ**

મોહનો અર્થ શું? દુન્યવી વસ્તુઓ, વ્યક્તિઓ અથવા પરિસ્થિતિઓ પ્રત્યે અતિશય માનસિક અને ભાવનાત્મક લગાવ, આકર્ષણ, અથવા પ્રેમ, તેનું નામ મોહ.

હિન્દી કવિ કલાનાથ મિશ્ર લિખિત આ પક્તિઓમાં મોહનું મહિમા મંડન કર્યું છે. કવિનો ઉદ્દેશ્ય સ્વાભાવિકપણે કટાક્ષ કરવાનો જ છે. મનુષ્યને મોહનું બંધન સુંદર લાગે છે, તેમાં આનંદનો અનુભવ થાય છે. અરે, મોહ જો વેદના પણ આપે તો શીતળ લાગે છે!

મનુષ્યને સૌપ્રથમ મોહ શેનો હોય? પોતાના શરીરનો. પોતાને કોઈ નુકસાન ન પહોંચે, પોતે સુંદર લાગે તેના માટે મનુષ્ય કેટલા ઉપાયો કરતો હોય છે. મૃત્યુનો ભય પણ મોહનું જ પરિણામ છે. બીજો મોહ આપણે જેને 'આપણા' કહીએ છીએ તેમનો હોય છે. મોહ મમત્વને જન્મ આપે છે, આ મારા છે. પોતાનું હોય તેનો રાગ, પારકું હોય તેનો દ્વેષ. જ્યારે મોહનો પડદો હટે ત્યારે ખબર પડે કે પોતાનું કંઈ નથી અને કોઈ પારકું નથી. જે પ્રાપ્ત ન કર્યું હોય તેનો લોભ અને જે પ્રાપ્ત કર્યું હોય તેના પ્રત્યે મોહ એ મનુષ્યનો સ્વભાવ છે.

જૈન દર્શનમાં આઠ કર્મોનો સિદ્ધાંત છે. તેમાં સૌથી વધુ મોહનીય કર્મને પ્રધાન મનાયું છે. કેમકે મોહને કારણે જ મનુષ્યનો સંસાર વધે છે અને તેમાંથી મુક્ત થઇ શકતો નથી. તેમાં મોહના બે પ્રકાર બતાવ્યા છે, દર્શન મોહ અને ચારિત્ર મોહ. મોહનીય કર્મ આત્માનું સાચું સ્વરૂપ મનુષ્ય સમક્ષ પ્રગટ થવા દેતા નથી તેને કારણે મનુષ્ય મિથ્યાદ્રષ્ટિ, રાગી અને દ્વેષી બની જાય છે. જૈન દર્શનમાં તો મોહનીય કર્મ ઉપર જે વિશદ ચર્ચા છે તેનો અભ્યાસ કરવા જેવો છે. મોહનીય કર્મ એ ચાર ઘાતી કર્મોમાંથી એક છે. આગમોમાં, મોહનીય કર્મને સેનાપતિ સાથે સરખાવવામાં આવ્યું છે. જેમ સેનાપતિના મૃત્યુથી સેનામાં ભાગદોડ મચી જાય છે, તેવી જ રીતે, મોહનીય કર્મના નાશ પર, બાકીના ત્રણ ઘાતી કર્મોનો નાશ થાય છે, અને ચાર અઘાતી કર્મો (વેદનીય, આયુષ્ય, નામ અને કુળ) પણ આયુષ્ય પૂર્ણ થયા પછી આપમેળે સમાપ્ત થઈ જાય છે.



સંસારથી મુક્ત થવું હોય તો સંસાર અને સંસારીઓના મોહથી મુક્ત થવું પડે. 'આત્મજ્ઞાન વિહીના મૂઢાઃ તે પચ્યન્તે નરકનિગૂઢાઃ' આત્મજ્ઞાનથી વંચિત મોહગ્રસ્ત મનુષ્ય વારંવાર નરકની ગતિ પામે છે. શ્રીમદ ભગવદ ગીતામાં પણ ભગવાન કૃષ્ણ વારંવાર મોહ પર વિજય મેળવવાની વાત કરે છે. ગીતાજી કહેવાની શરૂઆત જ અર્જુનના મોહથી થાય છે. સામે ઊભેલા છે તે બધા મારા છે, તેમને હું કેમ મારું? આ પ્રશ્નથી લઈને અંતે અર્જુન કહે છે, 'નષ્ટો મોહઃ સ્મૃતિર્લબ્ધા'. મારો મોહ દૂર થયો અને મને જ્ઞાન પ્રાપ્ત થયું. ભગવાન કૃષ્ણે મોહથી લિપ્ત મનુષ્યને મૂઢ કહ્યા છે.

સદીઓથી આ મોહને કારણે અનેક યુદ્ધો થતાં આપણે જોયા છે. મહાભારતમાં ધૃતરાષ્ટ્રનો મોહ શું પરિણામ લાવ્યો તે કોણ નથી જાણતું? પ્રખર બાણાવળી ગુરુ દ્રોણનો પુત્ર મોહ પણ તેમને નડ્યો છે. ગાંધારી જોકે તટસ્થ રહ્યા હોવા છતાં, પુત્ર મોહ અંતે તેમના પર પણ પ્રભાવી થયો. દુર્યોધન ગુનેગાર હોવા છતાં તેને બચાવવા સમગ્ર જીવનની તપસ્યા તેને માટે ખર્ચી નાખી. સત્તાનો મોહ કંઈ આજકાલના નેતાઓને જ છે એવું પણ ક્યાં છે? દેશના રાજકારણમાં પણ સંતાનોનો મોહ કેટલો હાવી છે તે કહેવાની જરૂર ખરી?

જેમને મોહ ગ્રસી ગયો છે, તેના માટે આપણે શબ્દ વાપરીએ છીએ, મોહાંધ; અર્થાત મોહમાં અંધ થયેલ. આ શબ્દનો અર્થ જ એ છે કે મોહ મનુષ્યની દૃષ્ટિને અવરોધિત કરી નાખે છે. શ્રી કૃષ્ણ મોહથી મુક્તિ માટે નિષ્કામ કર્મની સલાહ આપે છે. મોહના મારથી બચવાનો જ્ઞાનીજનો ઉપાય કહે છે, વૈરાગ્યનો ભાવ કેળવીએ અને સંસારની નશ્વરતાને ઓળખીએ. હું એટલે આ શરીર નહિ પણ આત્મા છે તે જાણીએ. ધર્મ કહે છે, મોહ વિવેક ભુલાવે છે, ન્યાય નકારે છે, મોહ જ રાગનો રસ્તો છે, દ્વેષનો દરવાજો છે, ક્રોધનું કારણ છે, કામની કેડી છે. મોક્ષના માર્ગે જવા માંગતા સાધક માટે મોહ મારક છે, જે મુમુક્ષુ મોહથી મુક્ત થાય તે મહાવીર બની શકે! ■

દુહાની દુનિયા

ડૉ. બળવંત જાની
feedback@bombaysamachar.com

# લાલસાહેબની ઊલટ-પલટ સાધનાભૂમિનું પદ



રવિભાણ પરંપરાના સંતોની વિગતોથી અભિજ્ઞિત થવા માટે ગુજરાતમાં થોડા શ્રદ્ધેય માહિતી દાતાઓ છે. એમાં ભારે મોટા તો ભાણસાહેબના સમાધી સ્થાનક કમીજલા સ્થાનકના આદરણીય મહંતશ્રી સંતશ્રી જાનકીદાસ બાપુ. એમને જયારે મળીએ ત્યારે સત્સંગ થાય. ભાઈ નિરંજન રાજયગુરુને એમણે અઘરું લેશન સોંપેલું. પણ સંતકૃપા અને નિરંજનની નિષ્ઠાને કારણે એ ઉત્તમ રીતે પૂર્ણ થયું. રવિ-ભાણ સંપ્રદાયના સંત કવિ લાલસાહેબ : જીવન અને ક્વન નામથી ગયા વર્ષની ભાણ જન્મ તિથિએ મહાસુદ અગિયારસને તા.૧૧/૨/૨૦૨૨ના રોજ લાલસાહેબના, સમાધિ સ્થાન, લક્ષ્મીપુરા, મીરા દરવાજા પાસે પાટણ દ્વારા એમનું સંશોધનાત્મક પુસ્તક પ્રકાશિત થયું. ડૉ. નિરંજન રાજયગુરુએ સંત સાહિત્યની બહુ મોટી સેવા કરી છે. આજ સુધી ઘણાં ભજન સંગ્રહોમાં અને અભ્યાસગ્રંથોમાં લાલદાસ-લાલસાહેબ એવા સમાન નામવાળા સંતોની રચનાઓ પરસ્પર ભેળસેળ થતી આવી હતી. પહેલી વખત લાલસાહેબની બાવીશ ભજન રચનાઓ, અધિકૃત પાઠ અને અર્થઘટન સાથે અહીં સમાવિષ્ટ કરી. ઉપરાંત લાલસાહેબનું ચરિત્ર પણ એમણે આલેખ્યું. ડૉ.નિરંજન રાજયગુરુને આવા મહત્ત્વના કામ માટે હૃદયપૂર્વક અભિનંદન.

ડૉ.નિરંજન રાજયગુરુ દ્વારા લાલસાહેબનો સમુદ્ધાર સાહિત્યનો તો થયો પરંતુ એ સ્થાનક પણ સાવ વિસરાઈ ગયેલું. એનો પણ પુનરોદ્ધાર-જીણોદ્ધાર થયો. રવિભાણ સંતોના બધા સ્થાનકો ચૈતન્ય-જીવંત રીતે અઢી-ત્રણ સદી પછી પણ ક્રિયાશીલ છે. એ આપણાં સમયની સાંસ્કૃતિક ઘટના ગણાવી જોઈએ. લાલસાહેબનો જન્મ પાટણમાં, પરિભ્રમણ, ગુરુસાનિધ્ય અને પછી સમાધિ પણ પાટણમાં ઈ.સ.૧૮૩૫માં ૯૩ વર્ષની વયે પોતાની ગુરુ રવિસાહેબના આદેશથી બાંધેલી જગ્યામાં લીધેલી. પાટણમાં એમના શ્રદ્ધાળુઓની સંખ્યા બહુ મોટી હતી. શિષ્યવૃંદ પણ આસપાસ રહેતું. લાલસાહેબની સાધના ભૂમિકાનો અને ગુરુકૃપાનો પરિચય કરાવતું એમનું એક ભજન આસ્વાદીએ -

**સદ્ગુરુ એસા રંગ રચાયા, તા મેં પવન પુરુષ પધરાયા,**
**સદ્ગુરુ એસા રંગ રચાયા.....ટેક**
**જલકી બુંદ વેલ વિસ્તારા, નખ ચખ નેણ બનાયા,**
**મુખ કમળ નાસિકા દે નરકું, શ્રવણે શબદ સૂણાયા...**
**સદ્ગુરુ એસા રંગ રચાયા... ..૧**
**કામ ક્રોધકું કેદ કરીજે, મોહ ભરમકું મારા,**
**આશા તૃષ્ણા કબુદ્ધિ કલ્પના, વ્રેહ અગનિ પરજારા.**
**સદ્ગુરુ એસા રંગ રચાયા... ..૨**
**નાભિ કમળમેં નરત કરીજે, તન મન જનમ જગાયા,**
**આતમ ઝાડો અળગા કાઢી, એક નિરંજન ધાયા.**
**સદ્ગુરુ એસા રંગ રચાયા... ..૩**
**ગગન ગુફામેં ધ્યાન લગાયા, પાંચો અજર અજરાયા,**
**પારખ પાયા કૂડ મેટાયા, સાચમાં તત્ત્વ સમાયા.**
**સદ્ગુરુ એસા રંગ રચાયા... ..૪**
**શૂન શિખરમાં સાહબ સાખી, આપોઆપ ઉપાયા,**
**અકલ સરૂપ રહે અવિનાશી, નિરાધાર દરશાયા.**
**સદ્ગુરુ એસા રંગ રચાયા... ..૫**
**આપો આપે અલખ લખાયા, આપો એ જશ ગાયા,**
**સત્ગુરુ રવિરામ પ્રતાપે, લાલદાસ લૌ લાયા.**
**સદ્ગુરુ એસા રંગ રચાયા... ..૬**

રવિ-ભાણ પરંપરાની સાધનાધારાને પોતાની વાણીમાં એ પરંપરાના વિવિધ સંતોએ વણી લીધી છે. મને લાલસાહેબ એમાં મહત્ત્વના જણાયા છે. પાંચ તત્ત્વ, ત્રણ ગુણ અને પચીસ પ્રકારની પ્રકૃતિ એમ તેંત્રીશ ઘટકનો આ પીંડ જળ તત્ત્વનો વિસ્તાર છે. નળાદ્વારમાં મુખ, નાસિકા અને કાનનો વિશેષ મહિમા સાધન સંદર્ભે છે. કામ, ક્રોધને કેદ કરવા, મોહ ને ભ્રમણા જાણીને એને મારવો, આશા, તૃષ્ણા અને કુબુદ્ધિને બાળી નાખવી જેવી મનને ઉલટાવવાની ક્રિયા પછી શ્વાસને - પવનને પલટાવવાની ક્રિયા સાધના કેન્દ્રમાં આવે. મુલાધાર ચક્રથી સહસ્ત્રાધાર ચક્ર સુધીની યાત્રા જ મોટી સાધના છે. લાલસાહેબ અહીં નાભીસ્થાન ચક્રની સાધનાની અનુભૂતિ કથતા જણાય છે. ગગન ગુફામાં - દેહમાં પાંચ તત્ત્વનું દર્શન કરતા લાલસાહેબ આ કારણે યોગીની કક્ષાના સાધક જણાય છે.

શૂન્યશિખર-મણિપુર ચક્ર સુધીની યાત્રાનો નિર્દેશ છે. આ સ્થાને પહોંચીને ત્યાં નિરંતર અપાર તેજરાશિની વૃષ્ટિનું દર્શન થાય છે. આપોઆપ-આપ ઓળખ-અકળ સ્વરૂપે અવિનાશી એવા પૂર્ણ બ્રહ્મનું દર્શન-અનુભૂતિ આત્મજ્ઞાન ઉપલબ્ધિની ભૂમિકા સુધીની લાલસાહેબની યાત્રામાં લાલસાહેબ સદ્ગુરુ રવિસાહેબને પ્રતાપે-કૃપાથી ભીતરનો અમૂલ્ય અલખ પદાર્થ પ્રત્યક્ષ થયો.

લાલસાહેબની ચિંતામણિ, રૂઢ ચિંતામણિ અને આત્મબોધ ચિંતામણિ એ ત્રણ સુદીર્ઘ દુહા-ચોપાઈ બંધની રચનાઓ તથા પ્રાણસાંકળી દીર્ઘ રચનાના ત્રણ ભાગ આ છ એ છ રચનાઓ યોગમાર્ગના વિવિધ મુકામો, અનુભવ જગતની કેફિયત તથા પ્રાપ્તિ ભાવને અર્થપૂર્ણ રીતે અભિવ્યક્તિ અર્પે છે. એનું સૂત્રાત્મક રૂપનું સ્વરૂપ આ ભજન છે. લાલસાહેબ આવા અગમ પ્રદેશની, ઊલટ-પલટની સાધનાને સહજ રીતે વણી લેતા હોઈને આપણી જ્ઞાનમાર્ગી કાવ્યધારાનું એ મહામૂલ્યવાન મોતી છે. ■

# સંત કવિ નથુરામ વિપ્રની વાણીમાં કાયારાણી ને જીવરાજાના સંવાદ...

અલખનો ઓટલો

ડૉ. નિરંજન રાજયગુરુ
feedback@bombaysamachar.com

પિંડ અને પ્રાણ, શરીર અને આત્મા, કાયારાણી અને જીવરાજા વચ્ચેના સંવાદો આપણા અનેક સંત-ભક્ત કવિઓની વાણીમાં વર્ણવાયા છે. વિપ્ર કવિ નથુરામની રચનાઓ આપણા લોક ભજનિકોમાં ખૂબ જ ગવાતી રહે છે. આ રચનાઓની સાથે જ આપણને પોરબંદરના ભક્ત કવિ પુરૂષોત્તમની 'શાને કરે છે વિલાપ કાયા રાણી શાને કરે છે વિલાપ રે, તારે ને મારે હવે કાંઈ નહીં, કાયારાણી રે, એમ જીવરાજા કહે છે જી..' યાદ આવી જાય.

સંતકવિ નથુરામ વિપ્રના જીવન વિશે મને કશી વિગતો સાંપડી નથી, એમના દ્વારા રચિત ભજનો ઉપરાંત રવિભાણ સંપ્રદાયના ત્રિકમસાહેબના શિષ્ય નથુરામની રચનાઓ, બિલખાના શ્રીમન્ન નથુરામ શર્માની રચનાઓ તથા અર્વાચીન કવિ નથુરામ સુંદરજીની ભજન-પદ રચનાઓ પણ ભજનિકોમાં ગવાય છે.. ગુજરાતી સાહિત્ય કોશ-મધ્યકાળમાં એ સિવાય અન્ય નથુ (ઈ.સ.૧૭૮૪સુધીમાં) હિન્દી મિશ્ર ગુજરાતી ભાષામાં - પાર્વતી લક્ષ્મી સંવાદ (લે.ઈ..૧૭૮૪) 'વિદુરભાવ' કક્કો, 'ચેતવણી' કેટલાંક પદોના સર્જક તરીકે નોંધ મળે છે. નથુરામ નામ છાપ સાથે પ્રેમસાહેબ (કોટડા સાંગાણી)ના શિષ્ય રાજકોટના નથુભક્તની રચનાઓ પણ



ગવાય છે. આ બધા એક નામના સર્જકોની ભજન-પદ રચનાઓમાં ખૂબ ભેળસેળ થયેલી જોવા મળે છે.

હો હંસા રે છોટી ઉંમર હું તો ઝુરી ને મરું...
ઝુરી રે મરું હું તો જીવીને શું કરું ?
-હો હંસા રે છોટી ઉંમર હું તો ઝુરી ને મરું...૦
નાન રે પણામાં મને લાડ તો લડાવ્યાં પ્રાણી
સુખના દિવસ હું તો કેમ વીસરું
મેં રે જાણ્યું રે મારો જન્મ સંઘાતી પ્રાણી
તરછોડી ચાલ્યો કાંડું કેમ નીસરું ?
-હો હંસા રે છોટી ઉંમર હું તો ઝુરી ને મરું..૦
આશા અધૂરી મને અધવચ મેલી પ્રાણી
લૂંટવાને લાગ્યા ચોર એને દેખીને ડરું...
નથુના સ્વામી ને ના વિસરતા રે પ્રાણી
લખ તો ચોરાશી ફરી ફેરા હું નહીં ફરું...
-હો હંસા રે છોટી ઉંમર હું તો ઝુરી ને મરું..૦

***

હો પ્યારો રે આ પાંજર છોડી ને નીકસેં ગિયો,
નીકસેં ગયો લાવ કાંઈ ન લિયો .
- હો પ્યારો રે આ પાંજર છોડી ને નિક્સી ગિયો..૦
હરિને નો ભજ્યા રે હંસા હકે ન હાલ્યો પ્રાણી
આશા મનોરથ કરતો રિયો રે...
વસમી વેળાએ સરવે વેગળા બેઠા રે પ્રાણી
પાપ ને પૂણ્ય એની સંગે લિયો રે...
- હો પ્યારો રે આ પાંજર છોડી ને નિક્સી ગિયો..૦
લેખાં માગ્યાં રે ત્યારે રોવાને લાગ્યો પ્રાણી
અનેક વેળા ફેરા ફરતો રિયો..
નથુના સ્વામીની શરણે જાતાં પ્રાણી
શ્યામના ભજનથી હું તો સુખિયો થિયો રે...
- હો પ્યારો રે આ પાંજર છોડી ને નિક્સી ગિયો..૦

# હોળી
## રંગમાં તરબોળ થઈ જવાનું પર્વ

પર્વચક્ર

ડૉ. ભાનુબેન કે. વ્યાસ
feedback@bombaysamachar.com

ફાગણ મહિનાના પ્રારંભના દિવસોમાં રાજસ્થાનની ધરતી પર પગ મૂકતાં જ ત્યાંની પ્રજાનાં અંતરમાંથી પ્રકટતો ગીતધ્વનિ આપણા અંતરનો કબજો લઈ લે...

**'દિવાળી તો અઠે કઠે,**
**પણ હોળી તો ઘરે ઘરે'...**

'ગુજરાતી દિવાળી અને મારવાડીની હોળી' - એ લોકોક્તિમાં પણ મારવાડ અને હોળી એકબીજા સાથે કેવાં ઓતપ્રોત બની ગયાં છે એ પ્રકટ થાય છે. સંસ્કૃતિના પ્રતીક જેવા તહેવારો કોઈક કથાનો સહારો લઈને બન્યા છે.

ફાગણ સુદ પૂનમે આપણે હોળી પ્રગટાવીએ છીએ. અગ્નિની જ્વાળાઓ હોલિકાનું દહન કરી દે છે. પણ પ્રહ્લાદને આંચ પણ આવતી નથી. કથા એવું કહે છે કે રાક્ષસરાજ હિરણ્યકશિપુ અને હિરણ્યાક્ષ બંને દિતિના પુત્રો હતા.વરાહ ભગવાને હિરણ્યાક્ષનો વધ કર્યો ત્યારે એ સમાચાર મળતા હિરણ્યકશિપુ ગુસ્સે ભરાઈને વિષ્ણુ ભગવાન સાથે યુદ્ધ કરવા તૈયાર થયો. માતા દિતિએ તેને સમજાવીને વાર્યો પણ મનમાં તેણે દૃઢ નિશ્ચય કરી લીધો કે પોતે તપ કરી અજર-અમર બની વિષ્ણુ સાથે યુદ્ધ કરશે જ. પોતાના સંકલ્પ પ્રમાણે એણે તપ કરી બ્રહ્માજી પાસેથી અમરત્વનું વરદાન મેળવ્યું. આવું વરદાન મળતાં તે ખૂબ અભિમાની બન્યો. તે દેવોને પણ ત્રાસ પહોંચાડતો હતો. આવા અસુર રાજવીને ત્યાં પ્રહ્લાદનો જન્મ થયો. વિષ્ણુદેવર્ષિ પિતાને ત્યાં વિષ્ણુ-ભક્ત પુત્રનો જન્મ એ વિધિની જ કોઈ અગમ્ય લીલા છે.

**'પ્રહ્લાદ સમા ભક્તો અહીંયાં રાક્ષસને પેટે જન્મ્યા છે.**
**કાંટા વચ્ચે રહીને પણ પુષ્પો પ્રભુચરણને પામ્યાં છે!'**

પિતાને પુત્રની વિષ્ણુ ભક્તિ ગમી નહીં. આથી તેમણે ભક્તિનો માર્ગ છોડાવવા માટે પહેલાં સમજણનો અને અંતે બળનો પણ ઉપયોગ કર્યો. પુત્રને મારી નાખવાના અનેક પ્રયત્નો કર્યો જે પ્રભુકૃપાએ નિષ્ફળ ગયા. આથી ખૂબ જ ધૂંધવાયેલા રાજાએ પોતાની બહેન હોળિકાને હુકમ કર્યો કે એણે પ્રહ્લાદને ખોળામાં મૂકી પકડી રાખીને ચિતામાં બેસવું. હોળિકાને તો વરદાન



હતું કે તે સદ્વૃત્તિનો વિરોધ નહીં કરે, ભગવદ્ ભક્તિને નહીં કનડે તો અગ્નિ તેને નહીં બાળે. હોલિકા પ્રહ્લાદને લઈ ચિતા પર બેઠી. પ્રહ્લાદને ખોળામાં લીધા. ચિતા સળગી, હોલિકા બળી ગઈ ને પ્રહ્લાદ જીવતો રહ્યો!

અસદ્વૃત્તિ ભસ્મીભૂત થઈ. આજે પણ એ પાશવી વૃત્તિ નષ્ટ પામી નથી. એ હોલિકારૂપે જીવતી જ છે. તો સાથે સાથે પ્રહ્લાદના પ્રતીકરૂપે દૈવી વૃત્તિ કે સદ્વિચાર જીવતાં જ છે. અનાદિકાળથી બંને વૃત્તિઓ વચ્ચે સંઘર્ષ ચાલતો આવ્યો છે. આપણે પ્રયત્નપૂર્વક પાશવી વૃત્તિને હોળીમાં હોમવાની છે.

જે દિવસે હોલિકા પ્રહ્લાદને લઈને અગ્નિમાં બેસવાનાં હતાં તે દિવસે નગરના લોકોએ ઘરઘરમાં અગ્નિ પ્રકટાવી, પ્રહ્લાદને ન બાળવા અગ્નિદેવને પ્રાર્થના કરી. અગ્નિદેવે જાણે લોકોની પ્રાર્થના સ્વીકારી અને લોકોએ ઈચ્છ્યું હતું તેમ પ્રહ્લાદ અગનકસોટીમાંથી પાર ઊતરી નરશ્રેષ્ઠ બન્યા. હોલિકાનું દહન થયું. આ અગ્નિપૂજાએ કાળક્રમે સામુદાયિક પૂજાનું રૂપ લીધું અને ચૌટે ચૌટે હોળી પ્રકટાવી, હોળીની પૂજા કરવાની શરૂઆત થઈ. હોલિકા પૂજન એ અસદ્વૃત્તિના નાશ અને સદ્વૃત્તિના રક્ષણનું પ્રતીક બન્યું એટલે તો કહ્યું છે-

**'સૌ પાપો એમાં જલાવે છે, એ રાગદ્વેષ ભુલાવે છે.**
**પ્રેમે સૌ પાવન થાયે છે, આવે છે, હોળી માતા આવે છે.'**

આજે ફાગણ સુદ પૂનમની રાતે આપણે હોળી પ્રકટાવી, ધાણી, ચણા, ખજૂર વગેરેથી હોળીની પૂજા કરીએ છીએ. તેની પ્રદક્ષિણા કરીએ છીએ. એક વર્ષ દરમ્યાન અવતરેલાં બાળકોને પણ હોળીની પ્રદક્ષિણા કરાવી, અગ્નિદેવ પાસે એમના રક્ષણની પ્રાર્થના કરીએ છીએ.

હોલિકાદહનથી તથા પ્રહ્લાદ રક્ષણથી ખુશ થયેલા લોકોએ બીજે દિવસે ઉત્સવ મનાવ્યો, એકબીજા ઉપર રંગ-ગુલાલ છાંટ્યા, કેસૂડાંનાં રંગ છાંટ્યા. આ પ્રસન્નતાનો દિવસ એટલે ધૂળેટી.

હોળીની મસ્તી કંઈક ઓર જ છે. હોળી એટલે આગ, ધુળેટી એટલે રાગ; હોળી એટલે તેજ, ધુળેટી એટલે રંગ. હોળીના અગ્નિમાં જીવનની બુરાઈઓ હોમી દઈએ, આપણને પજવતા ખોટા વિચારો તથા મનના મેલને હોમી દઈએ. હોલિકા તો આપણને અસદ્વૃત્તિનું સતત દહન કરવાનો સંદેશ આપે છે.

**'પાપ જલાવો હોલિકામાં, ભરો પુણ્યની ઝોળી,**
**પ્રભુપાદ જીવન ધરશો તો હોળી એ જ દિવાળી!'**

હોળી-ધુળેટીની વાત નીકળતાં જ કૃષ્ણ-રાધાની યાદ આવ્યા વિના ન જ રહે. રાધા-કૃષ્ણના એ અતૂટ નાતાને હોળી નિમિત્તે કેટલાંક કૃષ્ણગીતોમાં આપણા કવિઓએ ઉમળકાથી ગાયો છે.

**'હોરી ખેલે નંદલાલ**
**બિરજમેં હોરી ખેલે નંદલાલ.'**

હોળી ઉપર રચાયેલાં ગીતો ખાસ કરીને 'કાફી' રાગમાં ગવાય છે એ એની એક વિશેષતા છે.

આજે શિષ્ટતા અને સભ્યતાના અંચળા હેઠળ સાચા આનંદને આપણે વિસરવા માંડ્યા છીએ ત્યારે ઉત્સાહ અને ઉમંગને શિસ્તબદ્ધ રીતે વહેતો મૂકતા આ ઉત્સવનો મહિમા કરવાની ખાસ જરૂર છે. પૂનમની અજવાળી રાતે રાસની રમઝટ બોલાવીએ કોપરાની અને ખજૂરની લહાણી કરીએ, અશ્લિલતાના કાળા કાદવને દૂર રાખી, અસદ્વૃત્તિનું દમન કરી, અદમ્ય ઉત્સાહ અને આનંદથી જીવનના સન્માર્ગ પર મક્કમતાથી આગળ વધીએ. હળવાં, નિર્દોષ મસ્તીતોફાનથી જીવનને ભર્યું ભર્યું બનાવવાનો આ ઉત્સવ છે. ગુલાલની સંગે આપણી ગુલાબી વૃત્તિ પ્રકટવી જોઈએ. હોળી અને ધુળેટીનો ઉત્સવ એટલે માનવીમનને માંજવાનો ઉત્સવ.

હોળી તો મારવાડની પ્રજાનો અતિમાનીતો ઉત્સવ છે. ખેતી કરતા ગ્રામલોકો દાતરડાને ઘડીભર બાજુએ મૂકી, ફાગણના ફાગ ખેલી લે છે. સામાન્ય મજૂર, નોકરચાકર, મોટા અધિકારી કે રાષ્ટ્રપ્રમુખ પણ પોતાની મોટાઈનો અંચળો દૂર કરી, ભેદભાવ ભૂલી હોળીની મસ્તી માણે છે. રાજાશાહીના સમયમાં રાજવી કુટુંબોમાં આ તહેવાર અજબ રીતે ઉજવાતો. ઓઝલ પડદામાંથી ક્યારેય મુખ બહાર નહીં કાઢતી નારી ધુળેટીમાં થોડી સ્વતંત્રતા અનુભવતી. અહીં એ નોંધવાનું મન થાય છે કે ચાચા નહેરુને પણ આ તહેવાર ખૂબ જ પ્રિય હતો.

સિન્થેટીક રંગોથી, કાદવથી કે 'ઓઈલ પેઈન્ટ'થી ધુળેટી રમતી આપણી નવી પેઢી અબીલ, ગુલાલના આનંદને લૂંટવાનું શીખશે ખરી? ન જાને...!

લોકોની જિંદગીમાં હોળીનો અર્થ શો? હોળીને દિવસે આપણે પરંપરાને, ચાલતા આવેલા નિયમો તથા રૂઢિને ભૂલી જઈએ છીએ અને આપણી જાતને બંધનમાંથી છોડાવી છૂટી મૂકી દઈએ છીએ. આપણી બધી જવાબદારીઓ કે જેનો ભાર આપણા મન પર રહ્યા કરે છે, તેને ફગાવીને મુક્તિનો શ્વાસ લઈએ છીએ.

ટૂંકમાં, હોળીનો ઉત્સવ એ ફાગણના રંગોથી આપણા જીવનને રંગીન બનાવતો, વસંતોત્સવમાં પણ સંયમની દીક્ષા આપતો, સંઘનિષ્ઠાનો મહિમા સમજાવતો તેમ જ માનવ મનમાં અને માનવ સમાજમાં રહેલી અસદ્વૃત્તિને બાળવાનો સંદેશ આપનારો ઉત્સવ છે.

**'પાપ જલાવો હોલિકામાં, ભરો પુણ્યની ઝોળી, પ્રભુપાદ જીવન ધરશો તો હોળી એ જ દિવાળી!'**

'પર્વચક્રઃ આપણાં ઉત્સવો' પુસ્તકમાંથી સાભાર.
પ્રકાશકઃ એન.એમ. ઠક્કરની કંપની ■

# પંખ હોને સે કુછ નહીં હોતા, હોંસલોં સે ઉડાન હોતી હૈ...

આચમન

અનવર વલિયાણી
feedback@bombaysamachar.com

**અમૃતથી હોઠ સહુના**
**એઠા કરી શકું છું,**
**મૃત્યુના હાથ પળમાં**
**હેઠા કરી શકું છું,**
**સંજીવની છે ઘાયલ**
**સાયર છું,**
**પાળિયાને બેઠા કરી શકું છું.**

'મુંબઈ સમાચાર' પત્રની દાયકાઓ જૂની 'ધર્મતેજ' પૂર્તિના વ્હાલા શ્રદ્ધાળુ વાચક મિત્રો! આત્મવિશ્વાસ એ સફળતાની મુખ્ય પ્રોડક્ટ છે.


- જ્યારે સારી પર્સનાલિટી, હિંમત એ આત્મવિશ્વાસની બાયપ્રોડક્ટ છે.

- ભાંખોડિયા ભરતું હોય એવા નાનકડા શિશુને અને જીવનની અંતિમ અવસ્થાએ પહોંચેલા આ વૃદ્ધ લેખકને પણ આત્મવિશ્વાસની જરૂર પડે.

* આત્મવિશ્વાસ વગર કોઈનુંય પાંદડું ન હાલે.

**આત્મવિશ્વાસ કેવી રીતે આવે?**

- આત્મવિશ્વાસ એ કોઈ ફેક્ટરીમાં નથી બનતો કે નથી બૅન્કમાં ઈન્સ્ટોલમેન્ટ પર મળતો.



* સફળતા આત્મવિશ્વાસ લાવે છે.

- વિસ્તારથી વાત કરીએ તો

* કોઈ ક્રિકેટરની પહેલવહેલી આંતરરાષ્ટ્રીય મેચ રમી રહ્યો હોય ત્યારે સ્ટેડિયમમાં ઉપસ્થિત પ્રેક્ષકો, ગ્રાઉન્ડનું વાતાવરણ, ટેન્શન આ બધાં પરિબળો છે જે ભલભલા ખેલાડીઓનો આત્મવિશ્વાસ ડગાવી દે.

- પણ એજ ક્રિકેટર જો બોલર હોય તો એક વિકેટ લે અથવા બેટ્સમેન હોય તો શાનદાર કવરડ્રાઈવ દ્વારા ચોગ્ગો ફટકારે પછી એની સ્ટાઈલ જોવા જેવી હોય છે.

* એક વિકેટ કે ચોગ્ગા દ્વારા એ ખેલાડીમાં આત્મવિશ્વાસનું નિરૂપણ થાય છે.

- મતલબ કે સફળતા એ આત્મવિશ્વાસ વધારવા માટેનું અનિવાર્ય પરિબળ છે.

- સફળતા તમારો આત્મવિશ્વાસ અનેક ગણો વધારી દે છે.

- એનો મતલબ એ નથી કે જેઓ સફળ નથી થતા તેમનો આત્મવિશ્વાસ ઓછો હોય છે.

- પણ ક્યારે વધુ પડતો આત્મવિશ્વાસ અહંકારમાં પરિણમે છે.

- અને વ્હાલા વાચક મિત્રો!

- આ અહંકાર જ વિનાશનું કારણ બને છે.

- લંકાપતિ રાજા રાવણ બળવાન હતો.

- તેને આજીવન અમર થવું હતું.

- એને વરદાન પણ હતું કે વાનર અને માનવ સિવાય કોઈ એને મારી શકે નહીં.

- એટલે રાવણ એટલો ઘમંડી થઈ ગયો કે જો ત્રિલોકમાં દેવ અને દાનવો મારું કાંઈ બગાડી શકતા ન હોય તો આ વાંદરા અને માનવોનું મારી આગળ શું ગજું?

* અને આ અહંકાર જ રાવણને વિનાશ તરફ દોરી ગયો અને તેનું પતન થયું.

- મતલબ કે આત્મવિશ્વાસ હોવો જરૂરી છે, પણ એ ઓવરકોન્ફિડન્સ થઈ ન જાય તેનું ખાસ ધ્યાન રાખવું.

- આપણે ત્યાં સરકારી તંત્રમાં કે કોર્પોરેટ તંત્રમાં પણ ઊંચી પોસ્ટ માટે પર્સનલ ઈન્ટરવ્યૂ રાખવામાં આવે છે. એનું કારણ ફક્ત એટલું જ હોય છે કે કોઈ વ્યક્તિ બુદ્ધિમત્તામાં નિપૂર્ણ પુરવાર થઈ હોય, પણ જ્યારે કટોકટીની પરિસ્થિતિ હોય ત્યારે એનો આત્મવિશ્વાસ કેવો રહે છે એનો ટેસ્ટ આ પર્સનલ ઈન્ટરવ્યૂમાં થતો હોય છે.

- મોટે ભાગે આઈએએસ, આઈપીએસ કે જીપીએસ જેવી એક્ઝામ કે જે પાસ કરવાથી કલેક્ટર કે પોલીસ કમિશનર જેવો હોદ્દો મળી શકતો હોય ત્યારે એ વ્યક્તિની બુદ્ધિમત્તા સાથે આત્મવિશ્વાસની પણ ચકાસણી એટલી જ જરૂરી હોય છે.

- અને વ્હાલા વાચકમિત્રો! કે મોટા ભાગના વિદ્યાર્થીઓ પર્સનલ ઈન્ટરવ્યૂમાં ફેલ થાય છે. કારણ ફક્ત આત્મવિશ્વાસનો અભાવ.

- આત્મવિશ્વાસના અભાવના કારણને હજુ સ્પષ્ટ રીતે આ લેખના આવતા અંકના બીજા ભાગમાં જાણીશું. ■

## ક્લાસિફાઈડ

### ૧૦. મહિલાઓ માટે

**કાનનાં મોટા કાણાં**
દવાથી એક જ સીટીંગમાં પુરાવો તરત બુટ્ટી પહેરો. નાક કાન વિંધાવો. બોરીવલી: 9969388693 / 7506569229. (બી-૧૭૦૩૯)

### ૧૧. પ્રદર્શન

**પુસ્તક મેળો**
ગુજરાતી અને અંગ્રેજી પુસ્તકોનો મહાસાગર
તા. ૩-૩-૨૬ સુધી દરરોજ ૧૧ થી ૮
સ્થળ: સરદાર પટેલ ભવન, સિટી સેન્ટર મૉલની સામે, જવાહર નગર હૉલ, એસ.વી.રોડ, રેલ્વે સ્ટેશન પાસે, ગોરેગાંવ વેસ્ટ.
આયોજક: એન. એમ. ઠક્કરની કંપની
(૮૫૪/એ)

**પુસ્તક મેળો**
ગુજરાતી અને અંગ્રેજી પુસ્તકોનો મહાસાગર
તા. ૩-૩-૨૬ સુધી દરરોજ ૧૧ થી ૮
સ્થળ: સરદાર પટેલ ભવન, સિટી સેન્ટર મૉલની સામે, જવાહર નગર હૉલ, એસ.વી.રોડ, રેલ્વે સ્ટેશન પાસે, ગોરેગાંવ વેસ્ટ.
આયોજક: એન. એમ. ઠક્કરની કંપની
(૮૫૪/એ)

### ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ - કામણ**
સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઈન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399 જીતેન્દ્રભાઈ- 9320404145. (૧૫૭૧૨-એ)

### ૨૦. ધંધાદારી જગ્યા

**મસ્જીદબંદર (વેસ્ટ)**
કાઝી સૈયદ સ્ટ્રીટ - સેમ્યુઅલ સ્ટ્રીટ, દુકાન- ગોદામ લાયક જગ્યા, રોડ ટચ - ગ્રાઉન્ડ ફ્લોર - એરિયા - ૭૫૫ / ૮૦૦ ભાડે / વેચાતી લેવા મળો - મહેશ શાહ - 98202 53026. (એસડીબીજી-૩૧૩૩)

**મસ્જીદબંદર (વેસ્ટ)**
સેમ્યુઅલ સ્ટ્રીટ, ૧લો માળ, એરીયા - ૨૦૦૦ ભાડેથી આપવાનો છે. મળો - મહેશ શાહ - 98202 53026. (એસડીબીજી-૩૧૩૨)

### ૩૩. ધંધાદારી

**"પ્રતાપ પેકર્સ-મુવર્સ"**
52 વર્ષથી ઓફિસ/ઘરસામાન, ફેરવવા- ૯૮૨૧૦૭૦૩૨૦, ૯૮૨૧૫૪૩૮૧૬, ૨૩૪૮૧૬૪૭. લલિતભાઈ ઠક્કર. (એસએ/૨૬૨૧-એ)

**પ્રોજેક્ટ મેનેજમેન્ટ(PMC)**
**ફિઝીબીલીટી રીપોર્ટ**
**રીડેવલપમેન્ટ એગ્રીમેન્ટ્સ**
**રેરા**
**પોઈંટ એડવાઈઝરી**
**9029077715**
(બી-૧૭૧૬૨)

### ૩૫. જ્યોતિષ ભવિષ્ય

**રાજમળી જ્યોતિષ**
જીવનની તમામ સમસ્યાઓનું સમાધાન. ગૃહકલેશ, સૌતન, સંતાન, વિવાહ, છૂટાછેડા, લવ પ્રોબ્લેમ. 9987679488. (મીરારોડ). (બી-૧૭૧૪૧)

**શાસ્ત્રીજી**
જૂના જાણકાર ઘેર બૈઠા ફોન પર ઉપાય, પર્સનલ પ્રોબ્લેમ, પ્રેમમાં ધોકા શત્રુપીડા તુરંત નિકાલ. (Home Visit) 9765396401. (મુંબઈ). (બી-૧૭૧૯૭)

**મુંબઈ સમાચાર**
વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઇ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com


# પાકિસ્તાન બહાર ફેંકાયું એનો ફાયદો અમદાવાદને થયો: જાણો, કેવી રીતે...

નવી દિલ્હી: ટી-૨૦ વર્લ્ડ કપ સાતમી ફેબ્રુઆરીથી રમાય છે, પરંતુ સેમિ ફાઇનલ અને ફાઇનલ ક્યાં રમાશે એ નક્કી નહોતું અને એનું કારણ એ છે કે પાકિસ્તાન નામની પનોતી શનિવાર સુધી આ ટૂર્નામેન્ટમાં હતી. જોકે હવે એ ટીમ ટૂર્નામેન્ટમાંથી બહાર ફેંકાઈ જતાં નૉકઆઉટનું શેડ્યૂલ સ્પષ્ટ થઈ ગયું છે. ચોથી માર્ચની પ્રથમ સેમિ ફાઇનલ (સાંજે ૭.૦૦ વાગ્યાથી) કોલકાતાના ઈડન ગાર્ડન્સમાં અને પાંચમી માર્ચની બીજી સેમિ ફાઇનલ (સાંજે ૭.૦૦ વાગ્યાથી) મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં રમાશે, જ્યારે ફાઇનલ (સાંજે ૭.૦૦ વાગ્યાથી) આઠમી માર્ચે અમદાવાદમાં રમાશે.

શનિવારે શ્રીલંકાએ ૨૧૩ રનનો લક્ષ્યાંક મેળવવાના પ્રયાસમાં ૧૪૭ રન કર્યા ત્યારે પાકિસ્તાન સેમિ ફાઇનલની રેસની બહાર થઈ ગયું હતું અને ન્યૂ ઝીલૅન્ડને આપોઆપ સેમિમાં પ્રવેશ મળી ગયો હતો. શનિવારની પાકિસ્તાન સામેની મૅચમાં શ્રીલંકાનો જોરદાર લડત બાદ પાંચ રનથી પરાજય થયો હતો.

પાકિસ્તાન અને શ્રીલંકા બન્ને દેશ સેમિ ફાઇનલની બહાર થઈ ગયા હોવાથી બન્ને સેમિ ફાઇનલ તથા ફાઇનલમાં ભારતમાં યોજવા માટે માર્ગ મોકળો થઈ ગયો છે. પાંચમી માર્ચની બીજી સેમિ ફાઇનલ કે જેમાં ઇંગ્લૅન્ડ પહોંચી ગયું છે એ વાનખેડેમાં જ રમાવાની હતી અને ત્યાં જ રમાશે. પ્રથમ સેમિ માટે કોલંબો અથવા કોલકાતાના નામ નક્કી કરાયા હતા. જોકે શ્રીલંકા અને પાકિસ્તાન બન્ને આઉટ થઈ ગયા હોવાથી એ સેમિ ફાઇનલ કોલકાતામાં જ રમાશે જેમાં સાઉથ આફ્રિકા પહોંચી ગયું છે. પાકિસ્તાન શનિવાર સુધી ટૂર્નામેન્ટમાં જીવંત હતું એટલે એને સેમિ ફાઇનલ ચોથી માર્ચે કોલંબોમાં રમવા મળવાની હતી અને એ ફાઇનલમાં પણ પહોંચી શકે એ જોતાં અમદાવાદનું નામ નક્કીપણે લઈ શકાતું નહોતું. જોકે હવે પાકિસ્તાન સ્પર્ધાની બહાર ફેંકાઈ જતાં ફાઇનલમાં કોઈ પણ દેશ આવે, એ અમદાવાદમાં જ રમાશે.

એટલું તો પહેલેથી જ નક્કી હતું કે ભારત જો સેમિ ફાઇનલમાં પહોંચશે તો પાંચમી માર્ચે વાનખેડેની બીજી સેમિમાં જ રમશે. ઉલ્લેખનીય છે કે ૨૦૨૩ના વન-ડે વર્લ્ડ કપની ભારત-ઑસ્ટ્રેલિયા વચ્ચેની ફાઇનલ અમદાવાદમાં રમાઈ હતી. ■



## શાબાશ સૅમસન

વિકેટ કીપર અને ઓપનર સંજુ સેમસને ગઈ કાલે વેસ્ટ ઈન્ડિઝ સામેની મૅચમાં બે કૅચ ઝીલ્યા બાદ અણનમ ૯૭ રન સાથે યાદગાર પર્ફોર્મ કર્યું હતું. તેણે ભારતને સેમિમાં પહોંચાડ્યું હતું.

# ઝિમ્બાબ્વેના ક્રિકેટરોએ યુદ્ધને કારણે ભારતમાં વધુ રોકાવું પડ્યું

નવી દિલ્હી: ઝિમ્બાબ્વેના ખેલાડીઓ સેમિ ફાઇનલની રેસની બહાર રવિવાર, પહેલી માર્ચ પહેલાં જ થઈ ગયા હતા, પરંતુ પહેલાં તો તેમણે રવિવારે દિલ્હીમાં સાઉથ આફ્રિકા સામેની અંતિમ સુપર-એઇટ મૅચ રમવાની હોવાથી એ રમ્યા અને હવે યુદ્ધમાં ઇરાનના દુબઈ પર હુમલા થઈ રહ્યા હોવાથી દુબઈ જઈ શકે એમ નથી એટલે ભારતમાં વધુ રોકાઈ ગયા છે. સિકંદર રઝાના સુકાનમાં ઝિમ્બાબ્વેની ટીમે આ વર્લ્ડ કપમાં પ્રશંસનીય પર્ફોર્મ કર્યું અને ઑસ્ટ્રેલિયા તથા શ્રીલંકા જેવી મોટી ટીમોને હરાવ્યા બાદ રવિવારે ઝિમ્બાબ્વેના ખેલાડીઓ સોમવારથી ત્રણ જૂથમાં દુબઈ થઈને હરારે પહોંચવાના હતા, પણ યુદ્ધ ચાલુ હોવાથી અને ઍર સ્પેસ બંધ હોવાથી તેમણે પ્લાન બદલવો પડ્યો છે. ■

## ભારતીય ટીમે ફેરવેલ આપ્યા પછી હિલી બની મૅચ-વિનર



ઑસ્ટ્રેલિયાની કૅપ્ટન અલીઝા હિલીને ગઈ કાલે અંતિમ વન-ડે પહેલાં ભારતીય ખેલાડીઓએ હિલીને શાનદાર ફેરવેલ આપ્યું હતું. હિલીએ મૅચ-વિનિંગ સેન્ચુરી (૯૮ બૉલમાં ૧૫૮ રન) ફટકારી હતી. ઑસ્ટ્રેલિયાના ૭/૪૦૯ના જવાબમાં ભારતીય ટીમ ૨૨૪ રને આઉટ થઈ હતી. ભારત વન-ડે સિરીઝ ૦-૩થી હારી ગયું.

# સાઉથ આફ્રિકા જીત્યું, ન્યૂ ઝીલૅન્ડ સામે સેમિ રમશે

નવી દિલ્હી: ટી-૨૦ વર્લ્ડ કપમાં સાઉથ આફ્રિકાએ ગઈ કાલે ઝિમ્બાબ્વેને સુપર-એઇટમાં પોતાની અંતિમ મૅચમાં પાંચ વિકેટે હરાવીને ગ્રૂપ-૧માં મોખરાના સ્થાન સાથે આ રાઉન્ડમાં સફર પૂરી કરી અને હવે સાઉથ આફ્રિકા ચોથી માર્ચે કોલકાતાની સેમિ ફાઇનલમાં ન્યૂ ઝીલૅન્ડ સામે રમશે. અપરાજિત માર્કરમની ટીમે ૧૫૪ રનનો લક્ષ્યાંક ૧૩ બૉલ બાકી રાખીને મેળવી લીધો હતો. ઝિમ્બાબ્વેના સુકાની સિકંદર રઝાને ૭૩ રન તેમ જ ત્રણ વિકેટ બદલ મૅન ઑફ ધ મૅચનો પુરસ્કાર અપાયો હતો.

એ પહેલા બ્રેવિસ (૪૨ રન, ૧૮ બૉલ, ચાર સિક્સર, બે ફોર) ટૂંકી આક્રમક ઇનિંગ્સ રમ્યો હતો. ■

# હું અને મારા કોચ દુબઈ ઍરપોર્ટ પર પહોંચ્યા બાદ નજીકમાં જ પ્રચંડ ધડાકાનો અવાજ સંભળાયો: પી. વી. સિંધુ

દુબઈ: બૅડમિન્ટનનાં બે ઑલિમ્પિક ટાઇટલ જીતનાર ભારતની સ્ટાર ખેલાડી પી. વી. સિંધુએ ઇરાન સામેના ઇઝરાયલ અને અમેરિકાનાં યુદ્ધના માહોલમાં દુબઈમાં અટવાઈ જવાને કારણે જે સ્થિતિનો સામનો કરવો પડ્યો એની જાણકારી દુબઈથી એક વીડિયો મારફત પીટીઆઇને આપી છે જેમાં તેણે કહ્યું છે કે તે અને તેના કોચની ફ્લાઇટ દુબઈ ઍરપોર્ટ પર પહોંચી કે થોડી જ વાર બાદ પ્રચંડ ધડાકાનો અવાજ સંભળાયો હતો અને અમે ખૂબ ડરી ગયાં હતાં.

સિંધુના કોચ ઇરવાસ્યાહ અદી પ્રાતામા ઇન્ડોનેશિયાના છે. દુબઈ ઇન્ટરનૅશનલ ઍરપોર્ટ નજીક ઇરાન દ્વારા મોટો ધડાકો કરવામાં આવતાં તેઓ તેમ જ સિંધુના સપોર્ટ સ્ટાફના મેમ્બર્સ કલાકો સુધી ઍરપોર્ટ પર જ અટવાઈ ગયાં હતાં. આ હુમલાને કારણે ઍર સ્પેસ બંધ કરવામાં આવતાં અનેક ફ્લાઇટ રદ કરવામાં આવી હતી.





મંગળવાર, ત્રીજી માર્ચે બર્મિંગમમાં ઑલ ઇંગ્લૅન્ડ ઓપન બૅડમિન્ટન ચૅમ્પિયનશિપ શરૂ થઈ રહી છે અને સિંધુ એ સ્પર્ધામાં રમવાં જઈ રહી હતી, પરંતુ શનિવારથી ત્યાંના વિમાનીમથકે અટવાઈ ગઈ હતી. તેણે પીટીઆઇને કહ્યું, 'અમારી ફ્લાઇટ દુબઈ પહોંચી ત્યાર બાદ સ્થિતિ અમારા કાબૂ બહાર હતી. અમે ઍરપોર્ટ પર હતાં ત્યારે આકાશમાં આવેલી મિસાઇલોને આંતરી લેવામાં આવી હતી અને એના મોટા અવાજો અમને સંભળાયા હતા. એક મોટા ધડાકાને કારણે ધુમાડા ઊડ્યા એ ઘટનાસ્થળથી મારા કોચ માંડ ૧૦૦ મીટર દૂર હતા અને તેઓ ભાગીને સુરક્ષિત જગ્યાએ પહોંચી ગયા હતા.' ■

# બેરસ્ટૉની સાથે ફ્લિન્ટૉફ પણ દુબઈમાં ફસાઈ ગયો! ઇંગ્લૅન્ડની મહિલા ટીમનો પ્રવાસ રદ

દુબઈ: ઇંગ્લૅન્ડમાં ઇંગ્લૅન્ડ લાયન્સ નામની ક્રિકેટ ટીમ નૅશનલ ટીમ પછીની બીજા નંબરની ટીમ ગણાય છે અને એ ટીમના ખેલાડીઓ તેમ જ કોચિંગ-સ્ટાફ ઇરાનના હુમલાઓને કારણે દુબઈમાં અટવાઈ ગયા એમાં કોચિંગ-સ્ટાફના મેમ્બર જૉની બેરસ્ટૉ ઉપરાંત હેડ-કોચ ઍન્ડ્રયૂ ફ્લિન્ટૉફનો પણ સમાવેશ છે અને તેમણે છૂટવા માટે બ્રિટિશ વડા પ્રધાન કેઇર સ્ટાર્મરની રવિવારે 'એક્સ' પર મદદ માગી હતી.

દરમ્યાન, ઇંગ્લૅન્ડની મહિલા ક્રિકેટ ટીમ આ અઠવાડિયે પ્રૅક્ટિસ કૅમ્પ માટે દુબઈ જવાની હતી, પરંતુ અમેરિકા-ઇઝરાયલના ઇરાન સામેના યુદ્ધને પગલે એ પ્રવાસ હાલમાં રદ કરવામાં આવ્યો છે.

રવિવાર, પહેલી માર્ચે દુબઈમાં ઇંગ્લૅન્ડ લાયન્સની પાકિસ્તાન શાહીન્સ સાથે મૅચ રમાવાની હતી જે મૅચ યુદ્ધને કારણે રદ કરવામાં આવી હતી અને બેરસ્ટૉ તથા ફ્લિન્ટૉફે ઇંગ્લૅન્ડ લાયન્સ ટીમના ખેલાડીઓ તેમ જ તમામ સ્ટાફ મેમ્બર્સ સુખરૂપ ઇંગ્લૅન્ડ પાછા પહોંચી જાય એવી આશા સાથે વડા પ્રધાન સ્ટાર્મરને મદદ કરવાની અપીલ કરી હતી. ઇંગ્લિશ ક્રિકેટ બોર્ડના ટોચના હોદ્દેદારે પત્રકારોને જણાવ્યું હતું કે દુબઈમાં ઇંગ્લૅન્ડ લાયન્સ ટીમના તમામ મેમ્બર્સની સંપૂર્ણ સલામતી એ ઇંગ્લૅન્ડના બોર્ડની જવાબદારી છે અને તેઓ સલામતી નિષ્ણાતો સહિત તમામ સંબંધિતો સાથે સતત સંપર્કમાં છે. ઇરાને દુબઈ ઍરપોર્ટ ઉપરાંત કેટલીક જાણીતી હૉટેલને પણ નિશાન બનાવી હતી. ■

## ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી મંગળવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

વિરુદ્ધ શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| જોખમ | ઢીલું |
| જોડાણ | ઘડપણ |
| જોબન | સલામતી |
| જોરાવર | ભંગાણ |
| જોશીલું | કમજોર |

### માતૃભાષાની મહેક

મોટા માણસનું નાનું અમથું કામ પાર પાડવા માટે ઘણી વાર બહુ મોટી જફા વહોરી લેવી પડતી હોય છે. આ વાત પાંચસેં મળ્યા પિંજારા ને છસેં મળ્યા તાઈ, ઝાંપે જઈને ઘેરો ઘાલ્યો તો મૂઈ માંખ શાહી. માંખ પાદશાહની મારવાની હોવાથી મોટા પાયે બધી વ્યવસ્થા કરવી પડી અને પછી સફળતા મળી હતી.

### ગુજરાત મોરી મોરી રે

સૌરાષ્ટ્રની સ્થાપત્ય શૈલીમાં તૈયાર થયેલો કબા ગાંધીનો ડેલો ગુજરાતના કયા શહેરમાં છે? ૧૯૧૫ સુધી ગાંધીજીનું નિવાસસ્થાન હતું.
અ) ધંધુકા
બ) કરમસદ
ક) રાજકોટ
ડ) પોરબંદર

### ઈર્શાદ

બધાયે સ્વાર્થમાં એક જ હિસાબ લાગે છે,
ન આપે સુખ તો ખુદા પણ ખરાબ લાગે છે!
-- બરકત વિરાણી 'બેફામ'

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | | ૨ | ■ | ૩ | | | ૪ | ૫ |
| | ■ | ■ | ૬ | | | ■ | ■ | ૭ | |
| ૮ | | ■ | | ■ | ૯ | | ■ | | ■ |
| ■ | ■ | ૧૦ | | ૧૧ | ■ | ■ | ૧૨ | ■ | ૧૩ |
| ૧૪ | | ■ | ૧૫ | | ■ | ૧૬ | | ■ | |
| | ■ | ૧૭ | | ■ | ૧૮ | | ■ | ૧૯ | |
| | ■ | | ■ | ■ | ૨૦ | | | ■ | ■ |
| ■ | ૨૧ | ■ | ૨૨ | ૨૩ | ■ | | ■ | ૨૪ | ૨૫ |
| ૨૬ | | ■ | ■ | ૨૭ | | | ■ | ■ | |
| ૨૮ | | | | | ■ | ૨૯ | | | |

### આડી ચાવી

૧. મોહક, સુંદર (૪)
૩. મનનું છીછરાપણું, નાદાનિયત (૫)
૬. માગશર અને પોષ મહિનાની ઋતુ (૩)
૭. --- ઉપરવટનું કામ કરવું નહીં (૨)
૮. દહીં (૨)
૯. દુશ્મન, વેરી (૨)
૧૦. ઐક્ય, સંપ (૩)
૧૪. પતિ (૨)
૧૫. નસ (૨)
૧૬. આગળ પડતું, મોખરેનું (૨)
૧૭. માલિક (૨)
૧૮. ફાચર, લાકડાની ઝીણી કરચ (૨)
૧૯. પુત્ર (૨)
૨૦. હોદ્દો, પદવિ (૩)
૨૨. ભ્રાંતિ (૨)
૨૪. હાથચાલાકીનું કામ (૨)
૨૬. પ્રતિબંધ (૨)
૨૭. મોજૂદ, સમક્ષ (૩)
૨૮. મહેણું (૫)
૨૯. મધુર ધ્વનિ (૪)

### ઊભી ચાવી


૧. મિયાંની દોડ --- ભણી (૩)
૨. રીતભાત, રહનસહન (૬)
૩. અગ્નિ (૩)
૪. દયા, સમભાવ (૩)
૫. શારીરિક હાનિ (૨)
૧૧. --- કાઢવો=અંદાજ કાઢવો (૨)
૧૨. વ્યાકુળ (૨)
૧૩. વિશ્વ, દુનિયા (૩)
૧૪. કાંટો (૩)
૧૬. પ્રભાવ કે પરિણામ નીપજે એવું (૬)
૧૭. માથા વગરનું શરીર (૨)
૧૮. દુંદ (૨)
૨૧. પોતાનો ધર્મ (૩)
૨૩. મોટું (૩)
૨૫. કમનસીબ, દુર્ભાગ્ય (૩)
૨૬. દુખાવો મટાડવા ચોપડાતો મલમ (૨) (અં)

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ મૂ | લ્ય | ૨ વા | ૩ ન | ■ | ૪ યો | ૫ જ | ના | ■ | ૬ ક |
| પ | ■ | ૭ ર | સિ | ક | ■ | ઈ | ■ | ૮ તુ | ક્કો |
| ક | ■ | ■ | ય | ■ | ૯ રો | ફ | ■ | લ | ■ |
| ■ | ૧૦ ક | ૧૧ ર | ત | લ | ■ | ■ | ૧૨ વિ | ના | ૧૩ શ |
| ■ | ૧૪ જા | ણ | ■ | ■ | ૧૫ જ | મુ | ના | ■ | ઠ |
| ૧૬ અ | ■ | ૧૭ હા | ડ | કું | ■ | ■ | ૧૮ ય | ૧૯ ત્ર | ■ |
| ૨૦ ખો | ૨૧ રા | ક | ■ | ■ | ૨૨ ર | ૨૩ જ | ક | ણ | ■ |
| ■ | ખ | ■ | ૨૪ સં | ગ | ■ | ગ | ■ | ■ | ૨૫ ક |
| ૨૬ છો | ડી | ■ | હા | ■ | ૨૭ બં | દી | ૨૮ ની | ■ | હા |
| ડ | ■ | ૨૯ હે | ર | ત | ■ | ૩૦ શ | મ | શે | ર |

### ઓળખાણ પડી?

કમળ આકારનું બૌદ્ધ મંદિર કયા દેશમાં સ્થિત છે એ જાણો છો? આર્કિટેક્ચરની કમાલ ગણાતું આ મંદિર એક થાંભલા પર ઊભું છે.



અ) જાપાન બ) મ્યાનમાર ક) ઈન્ડોનેશિયા ડ) વિયેતનામ

### ચતુર આપો જવાબ માથું ખંજવાળો

'ગરીબ રિબાય ને ખલક ખખડે' પંક્તિમાં ખલકનો અર્થ શું થાય એ જણાવો.
અ) રાજા બ) દુનિયા ક) સત્તા ડ) દરવાજા

### માઈન્ડ ગેમ

ભારતીય ચલણના દસ લાખ રૂપિયા રૂપાંતરિત કર્યા બાદ કયા વિદેશી ચલણમાં મહત્તમ રકમ મળે એ ગણતરી કરી જણાવો.
અ) બહાત બ) યુઆન ક) રૂબલ ડ) યેન

### સુડોકુ-૯૨૩૪

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૪ | | | | | | ૫ | ૯ |
| ૮ | ૩ | | ૨ | | ૯ | | ૬ | ૪ |
| | | | | ૫ | | | | |
| | ૬ | ૪ | | ૨ | | ૫ | ૧ | |
| | | ૮ | ૩ | | ૧ | ૯ | | |
| | ૯ | ૭ | | ૮ | | ૨ | ૪ | |
| | | | | ૯ | | | | |
| ૭ | ૫ | | ૪ | | ૩ | | ૯ | ૧ |
| ૪ | ૮ | | | | | | ૩ | ૭ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે. ૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

### સુડોકુ-૯૨૩૩

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૮ | ૧ | ૫ | ૭ | ૩ | ૪ | ૯ | ૬ |
| ૫ | ૩ | ૯ | ૪ | ૬ | ૨ | ૧ | ૮ | ૭ |
| ૪ | ૬ | ૭ | ૧ | ૯ | ૮ | ૨ | ૩ | ૫ |
| ૭ | ૧ | ૮ | ૬ | ૨ | ૫ | ૯ | ૪ | ૩ |
| ૬ | ૨ | ૩ | ૮ | ૪ | ૯ | ૭ | ૫ | ૧ |
| ૯ | ૫ | ૪ | ૭ | ૩ | ૧ | ૬ | ૨ | ૮ |
| ૧ | ૯ | ૫ | ૨ | ૮ | ૬ | ૩ | ૭ | ૪ |
| ૮ | ૭ | ૨ | ૩ | ૧ | ૪ | ૫ | ૬ | ૯ |
| ૩ | ૪ | ૬ | ૯ | ૫ | ૭ | ૮ | ૧ | ૨ |

### ગયા સોમવારના જવાબ

| A | B |
|---|---|
| જૂજ | મબલક |
| જૂઠ | સાચ |
| જૂનું | નવલ |
| જુદું | સંઘાતે |
| જૂથ | એકલા |

**ગુજરાત મોરી મોરી રે:**
કોઠારા તીર્થ
**ઓળખાણ પડી?**
સિંગાપોર
**માઈન્ડ ગેમ :**
૨,૩૧,૪૪,૬૫૪
**ચતુર આપો જવાબ માથું ખંજવાળો :**
ઓળંગી

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) મુલરાજ કપુર (૩) સુભાષ મોમાયા (૪) વિપીન શાહ (૫) નૂતન વિપીન શાહ (૬) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિટા (૭) નીતા દેસાઈ (૮) તાહેર ઔરંગાબાદવાળા (૯) શીરીન ઔરંગાબાદવાળા (૧૦) અબ્દુલ્લા એફ. મુનીમ (૧૧) ભારતી બુચ (૧૨) શ્રદ્ધા આશર (૧૩) ખુશરુ કાપડિયા (૧૪) પુષ્પા પટેલ (૧૫) લજીતા ખોના (૧૬) જ્યોતી ખાંડવાલા (૧૭) નિખીલ બંગાળી (૧૮) અમીષી બંગાળી (૧૯) મીનળ કાપડિયા (૨૦) કિરીટ છેડા (૨૧) ચેતના છેડા (૨૨) મહેશ સંઘવી (૨૩) ભરત કજરીયા (૨૪) મનીષા શેઠ (૨૫) ફાલ્ગુની શેઠ (૨૬) પ્રવીણે વોરા (૨૭) કમલ મટાલીયા (૨૮) મહેન્દ્ર લોઢવિયા (૨૯) ભાવના કર્વે (૩૦) જયવંત પદમશી ચિખલ (૩૧) વીણા સંપટ (૩૨) દેવેન્દ્ર સંપટ (૩૩) પુષ્પા ખોના (૩૪) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૫) ડાયના સંતોક (૩૬) નિતીન જયંતીલાલ બજરીયા (૩૭) વિજય આસર (૩૮) રસીક જુઠાણી (ટોરન્ટો-કેનેડા) (૩૯) અલકા વાણી (૪૦) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૧) નયના ગિરીશ મિસ્ત્રી (૪૨) રમેશભાઈ દલાલ (૪૩) ઈનાક્ષી દલાલ (૪૪) હીનાબેન દલાલ (૪૫) જ્યોત્સના ગાંધી (૪૬) ડો. ગાંધી (૪૭) મહેશ દોશી (૪૮) ધીરેન્દ્ર ઉદ્દેશી (૪૯) પ્રતિમા પમાણી

# ક્રૂડનો ઉછાળો બજારને પછાડશે

મુંબઈઃ શેરબજાર આર્ટિફિશિઅલ ઇન્ટેલિજેન્સના વાવાઝોડાના સંકટ સામે ઝઝૂમી રહ્યું હતું, ત્યાં અમેરિકાએ ઇઝરાયલ સાથે મળીને ઇરાન પર કરેલા અણધાર્યા હુમલાએ શેરબજારના માહોલને ખખડાવી નાંખ્યું છે. એઆઇ સંકટ પણ અમેરિકાથી આવ્યું અને યુદ્ધ પણ એ જ દેશ તરફથી આવ્યું છે. આમ અત્યારે તો અમેરિકા જ શેરબજાર માટે મોટું નકારાત્મક પરિબળ છે એમ કહી શકાય. આજે સોમવારે જ્યારે બજાર ખુલશે, ત્યારે નિફ્ટી અને સેન્સેક્સ બંને માટે ચોક્કસપણે મોટું ગેપ-ડાઉન ઓપનિંગ હશે.

ટાર્ચિસ્ટો માને છે કે નિફ્ટી માટે ૨૫,૦૦૦ પોઇન્ટની સપાટી નિર્ણાયક છે, જો બેન્ચમાર્ક આ સપાટી તોડશે તો તેમાં વધુ ૩૦૦થી ૪૦૦ પોઇન્ટનો કડાકો આવી શકે છે. અખાતી દોશોના યુદ્ધને કારણે ભંડોમેનટલ્સ તો આમ પણ ખખડી ગયા છે. હકીકતમાં, બજારને બે પ્રકારના સમાચાર પ્રવાહો સાથે તાલમેલ બેસાડવો પડશે. પ્રથમ, અલબત્ત, મધ્ય પૂર્વમાં ચાલી રહેલ યુદ્ધ અને બીજું એ હકીકત છે કે યુરોપ અને યુએસમાં ખાનગી ક્રેડિટ માર્કેટ સાથે મુશ્કેલીનો એક નવો રાઉન્ડ શરૂ થયો છે. ૨૭ ફેબ્રુઆરીએ નિફ્ટી ૧.૨૫ ટકા ઘટીને ૨૫,૧૭૮.૬૫ પર સ્થિર થયા પછી ભારતીય શેરબજારો સપ્તાહને અંતે નાજુક ટોન સાથે સ્થિર થવા મથછી રહ્યા હતા ત્યાં આ યુદ્ધને કારણે મંદીવાળા હાવી થઇ જાય એવો માહોલ રચાયો છે.

નિફ્ટીમાં સપ્તાહના અંતે ઇરાન પર યુએસ-ઇઝરાયલ દ્વારા કરવામાં આવેલા હુમલાઓ સાથે વધુ તીવ્ર વેચાણ દબાણની શક્યતા છે. ઇઝરાયલી અને અમેરિકાના ખાડી વિસ્તારમાં લક્ષ્યાંકો સામે ઇરાન દ્વારા કરવામાં આવેલા મિસાઇલ હુમલાએ ગ્લોબલ ઇંધણ બજારોમાં નાટ્યાત્મક ઊથલપાથલ મચાવી છે. આઇટી અને રેટ-સંવેદનશીલ ક્ષેત્રોમાં સતત વેચવાલી, વિદેશી સંસ્થાકીય રોકાણકારોના અસંગત પ્રવાહ અને તાજેતરની લશ્કરી કાર્યવાહી પહેલાં પણ મધ્ય પૂર્વના તણાવ અંગે વધતી ચિંતાઓની પૃષ્ઠભૂમિ સામે શેરબજારમાં પાછલા સપ્તાહે ઘટાડો નોંધાયો હતો. હવે યુદ્ધની તીવ્રતાના વધારા સાથે ક્રૂડ તેલના ભાવના ઉછાળા અને ડોલર સામે રૂપિયાનું અવમૂલ્યન ખેલ વધુ બગાડશે. ક્રૂડ ઓઇલ પહેલાથી જ ઘણા મહિનાના ઉચ્ચ સ્તરે ટ્રેડ થઈ રહ્યું છે અને હોર્મુઝ સ્ટ્રેટ જોખમમાં છે, બેન્ચમાર્ક ઇન્ડેક્સ હવે ભૂ-રાજકીય અનિશ્ચિતતા, ફુગાવાના ભય અને જોખમ ટાળવાના મજબૂત મિશ્રણનો સામનો કરી રહ્યો છે, જે તેને ૨૫,૦૦૦ મનોવૈજ્ઞાનિક સ્તર અને તેનાથી આગળ ધકેલી શકે છે. બજાર વિશ્લેષકો હવે મૂલ્યાંકન કરી રહ્યા છે કે ક્રૂડનો આંચકો ભારતીય ઇક્વિટીજારને કેટલો ગંભીર ફટકો મારશે!

ટેક્નિકલ એનાલિસ્ટ જણાવે છે કે કરેકશન પહેલેથી જ સેટ થઇ ગયું છે. પાછલા શુક્રવારે નિફ્ટીએ ૨૫,૪૦૦ સપોર્ટ છોડી દીધો અને ૨૫,૧૦૦ ગેપ એરિયા તરફ આગળ વધ્યો. આગામી સત્રોમાં પ્રમાણમાં મજબૂત ક્ષેત્રો, ખાસ કરીને બેંકિંગ, કેવી રીતે વર્તે છે તે જોવું મહત્વપૂર્ણ રહેશે, કારણ કે તે નક્કી કરી શકે છે કે બજાર રિબાઉન્ડ જોશે કે ઘટાડાને લંબાવશે. ફેબ્રુઆરી દરમિયાન, બજેટ અને ત્રીજી ફેબ્રુઆરીએ ભારત-યુએસ વેપાર સોદાની જાહેરાત જેવી ખૂબ જ અસરકારક ઘટનાઓ વચ્ચે અત્યંત ભારે અફડાતફડી અને ઊથલપાછલ જોઇ હતી. એક અન્ય ચાર્ટિસ્ટ અનુસાર વ્યાપક ચાર્ટ માળખું નકારાત્મક છે; આ નબળાઈ નિફ્ટી ઇન્ડેક્સ માટે ઉચ્ચ સ્તરો ટકાવી રાખવાનું મુશ્કેલ બનાવે છે. સોમવારે ગ્લોબલ ઇક્વિટી બજારોમાં ધમોટા કડાકાની ધારણા છે.

# નેપાળી સોયાતેલની આયાત ૧૦ ગણી વધી

મુંબઇઃ નેપાળની ભારતમાં સોયાબીન તેલની ૨૦૨૫માં નિકાસ દસ ગણી વધીને રેકોર્ડ ટોચે પહોંચી છે. આ બમ્પર ઉછાળા પાછળ ભારતનું ડ્યુટી-ફ્રી માર્કેટ છે જેનો ફાયદો નેપાળે ભરપૂર ઉઠાવ્યો છે. સોયાતેલની બમ્પર નિકાસના જોરે નેપાળની ભારતમાં કુલ નિકાસ પણ બમણી થઈ ગઈ છે. સોયાતેલની નિકાસ ૧૦ ગણી વધતા નેપાળની ભારત સાથેની વેપાર ખાધ ઓછી થઈ છે પરંતુ સરહદી વિસ્તારોમાં ખાદ્ય તેલના ભાવ પર દબાણ આવ્યું છે અને આયાત ડ્યુટી ચૂકવતા ભારતીય રિફાઇનરોને સસ્તા સપ્લાય સામે સ્પર્ધા કરવાનું મુશ્કેલ બન્યું છે. સોયાતેલની ૧ અબજ ડોલરથી વધુની નિકાસને કારણે નેપાળને ૨૦૨૫માં ભારતમાં તેની કુલ માલસામાનની નિકાસ એક વર્ષ પહેલા કરતા બમણી કરીને ૨ અબજ ડોલર કરવામાં મદદ મળી હતી. ભારતના વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય દ્વારા સંકલિત ડેટા અનુસાર ભારતે ૨૦૨૫માં નેપાળથી રેકોર્ડ ૬૯૪,૧૫૩ મેટ્રિક ટન સોયાતેલની આયાત કરી, જે એક વર્ષ પહેલા ૬૫,૧૩૮ ટન હતી. વિશ્વના સૌથી મોટા વનસ્પતિ તેલ આયાતકારે સપ્ટેમ્બર, ૨૦૨૪માં રિફાઇન્ડ સોયાતેલ પર આયાત ડ્યુટી વધારીને ૩૫.૭૫ ટકા કરી, જે અગાઉ ૧૩.૭૫ ટકા હતી.

# PUBLIC NOTICE પબ્લિક નોટીસ

BRIHANMUMBAI MAHANAGARPALIKA

નં. Dy.Ch.E.M&E/૩૬૪૩/E.S., તા. ૨૭/૦૨/૨૦૨૬

**ઈ-ટેન્ડર નોટીસ**

| | |
|---|---|
| ઈ-ટેન્ડર નં. | ૨૦૨૬_MCGM_૧૨૮૨૦૦૭_૧ |
| વિષય | M/E વોર્ડમાં ઈલેક્ટ્રિકલ સંલગ્ન કામો સાથે દેવનાર પાડા હિન્દુ સ્મશાનભૂમિ ખાતે પાયર સેટનું સમારકામ અને બદલી. |
| ટેન્ડર વેચાણ | બીડ પ્રારંભ તારીખઃ ૦૨.૦૩.૨૦૨૬ સમયઃ ૧૧.૦૦ ક.<br>બીડ અંતિમ તારીખઃ ૦૯.૦૩.૨૦૨૬ સમયઃ ૧૬.૦૦ ક. |
| વેબસાઈટ | www.mahatenders.gov.in |
| A) સંપર્ક અધિકારી નામ | શ્રી. આશિષ આર. પેરેકર |
| B) મોબાઈલ નં. | ૯૯૨૦૨૯૫૦૦૭ |
| C) ઈ-મેલ સરનામું | Se05es.me@mcgm.gov.in |

સહી/-
(શ્રી. એસ. સી. કુકર્ણી)
એક્ષિ. એન્જિ.(M&E)E.S.II

PRO/3137/ADV./2025-26

**પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.**

# સોનાચાંદીમાં વધુ ઉછાળા, ક્રિપ્ટોમાં કડાકાની સંભાવના

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ અમેરિકા તથા ઈઝરાયલ દ્વારા ઈરાન પર, અફઘાનિસ્તાન અને પાકિસ્તાન તથા રશિયા અને યુક્રેન વચ્ચે યુધ્ધનો માહોલ વિસ્ફોટક બનવાથી વિવિધ આર્થિક બજારો પર તેના તાત્કાલિક પ્રત્યાઘાતો જોવા મળ્યા હતા. સોનાચાંદી તથા ક્રૂડતેલના ભાવમાં તેજીના ઉછાળા હતા, જ્યારે બીજી તરફ ફોરેક્સ માર્કેટમાં રૂપિયો નબળો પડતાં ડોલરના ભાવ વધી રૂ.૯૧ની સપાટી પાર કરી ગયો હતો. અમેરિકા અને ઇઝરાયલે ઇરાન કપર કરેલા હુમલા અને ઇરાને વળતા પ્રહારમાં અખાતી દેશો પર કરેલા હુમલાને કારણે સોનું અને ચાંદીના ભાવમાં વધુ ઉછાળા જ્યારે શેરબજાર અને ક્રિપ્ટો કરન્સીના સટ્ટામાં જોરદાર કડાકાની શક્યતા જણાઇ રહી છે.

ઈરાન પર અમેરિકા અને ઈઝરાયલના સંયુક્ત સૈન્ય ઓપરેશન બાદ વિશ્વભરના આર્થિક બજારોમાં ભૂકંપ જેવી સ્થિતિ સર્જાઈ છે. આ માત્ર બે દેશો વચ્ચેનું યુદ્ધ વાસ્તવમાં ગ્લોબલ સપ્લાય ચેઈન અને એનર્જી સેક્ટર માટે મોટું સંકટ સાબિત થઈ શકે છે. નિષ્ણાતોના મતે સોમવારેબીજી માર્ચે જ્યારે બજાર ખુલશે ત્યારે ભારતીય શેરબજાર સહિત ગ્લોબલ માર્કેટમાં મોટો કડાકો જોવા મળી શકે છે.

સૌથી મોટો ભય અને શક્યતા ક્રૂડ ઓઈલના ભાવનો ઉછાળો છે. ઈરાન પ્રતિબંધો છતાં દૈનિક ૩.૩ મિલિયન બેરલ ક્રૂડ ઓઇલનું ઉત્પાદન કરે છે, જેનો ૮૦ ટકા હિસ્સો ચીન જાય છે.

# યુદ્ધને કારણે સર્જાનારી ઊથલપાથલ વચ્ચે રોકાણકારોએ શું કરવું?

મુંબઇઃ ઇરાન પર અમેરિકા પ્રેરિત હુમલા અને મહાયુદ્ધના માહોલને કારણે શેરબજાર ફરી અક વખત અનિશ્ચિત હવામાનમાં સપડાઇ ગયું છે. અફડાતફડી અને ઊથલપાથલ જાણે નિયમ બની ગયા છે. આ પરિસ્થિતિમાં જો એક જ સેગમેન્ટ, જેમ કે લાર્જ કેપ અથવા સ્મોલ કેપમાં રોકાણ કર્યું હોય, તો માર્કેટ સાઇકલ બદલાતા રોકાણકારો મુંઝાઇ શકે છે.

આવી પરિસ્થિતિમાં ફ્લેક્સીકેપ કેટેગરીના ફંડમાં કરેલું રોકાણ ઉપયોગી બની શકે છે, એમ બજારના સાધનો જણાવે છે. ફ્લેક્સીકેપ અભિગમ રોકાણકારોને એક શ્રેણીમાં બાંધી રાખવાને બદલે લાર્જ, મિડ અને સ્મોલ કેપ કંપનીઓમાં ભાગ લેવાની મંજૂરી આપે છે. સરળ શબ્દોમાં આ કેટેગરી રોકાણકારોને મૂલ્ય અને તકના આધારે રોકાણ બદલવાની સ્વતંત્રતા આપે છે.

સુસ્થાપિત મોટી કંપનીઓ પોર્ટફોલિયોમાં સ્થિરતા લાવે છે, તેમની બેલેન્સ શીટ મજબૂત હોય છે અને મુશ્કેલ સમયને વધુ સારી રીતે સંભાળી શકે છે. મધ્યમ કદની કંપનીઓ વૃદ્ધિ અને સ્થિતિસ્થાપકતાનું સંતુલન આપે છે. નાની કંપનીઓ વધુ અસ્થિર હોય છે, પરંતુ ક્યારેક અર્થતંત્ર વિસ્તરી રહ્યું હોય ત્યારે મજબૂત વૃદ્ધિ આપી શકે છે.

ફ્લેક્સીકેપ રોકાણનો મુખ્ય ફાયદો એ છે કે તે તમને એક જ શ્રેણી પસંદ કરવાની ફરજ પાડતું નથી. તે એક ફ્લેક્સિબલ ટિકિટ સાથે મુસાફરી કરવા જેવું છે, જ્યાં આગળનો રસ્તો અવરોધિત હોય અથવા ભીડ હોય તો રૂટ બદલી શકાય છે, એમ કહેતા નાલંદા સિક્યોરિટ્સના ડિરેક્ટર કેતન દેઢિયાએ જણાવ્યું હતું કે, આ કેટેગરી રોકાણકારો માટે સતત સમય આપવાની જરૂરિયાતને પણ ઘટાડી શકે છે. લાર્જ-કેપ્સ કે સ્મોલ-કેપ્સમાં રોકાણ કરવાનો આ યોગ્ય સમય છે કે કેમ તેની ચિંતા કરવાને બદલે, ફ્લેક્સીકેપ અભિગમ વધુ મિશ્રિત એક્સપોઝર પુરુ પાડે છે.

**પબ્લિક નોટિસ**

જાહેર જનતાને આથી ખબર આપવામાં આવે છે કે અમારા અસિલોની સૂચનાઓ હેઠળ અમે (i) N.S. રોડ નં. ૧૦, વિલે પાર્લે (પશ્ચિમ), મુંબઈ-૪૯ ખાતે આવેલ, પડેલ અને રહેલ જુહુ વિલે પાર્લા ડેવલપમેન્ટ સ્કીમ હેઠળ અશોકનગર કો-ઓપરેટિવ હા.સો.લિ.ના પ્લોટ નં. ૪/૨નો ભાગ રચતા, પ્લોટ નં. ૧૨ હોઈ, ગામ જુહુ, તાલુકા સાઉથ સાલસેટ્ટે (હવે અંધેરી), મુંબઈ પરાં જિલ્લાનો CTS નં. ૭૭૪ ધરાવતા, ભરતમાં અંદાજે ૧૦૦૦ ચો. વાર, ૮૩૬.૧૦ ચો.મી.ની સમકક્ષ લીઝહોલ્ડ જમીનનો તે તમામ ટુકડો અને કકડો, (ii) તેમાંની તેમની સંબંધિત પ્રિમાઈસિસનો ભોગવટો કરતા ભાડૂતો / ભોગવટેદારોને આધિન સ્ટિલ્ટ વત્તા ૫ ઉપરના માળનો બનેલ તેની પર બંધાયેલ ''સ્પ્રિંગ વિલે'' તરીકે જાણીતી બિલ્ડિંગ, (iii) પાંચમા માળ ઉપરની ટેરેસ સાથેના તેમના ખાલી અને શાંતિદાયક કબજા સાથે ભરતમાં ૨૧૧.૨૨ ચો. ફૂટ કાર્પેટ એરિયાની સંલગ્ન બાલ્કની સાથેનો સંપૂર્ણ પાંચમો માળ, ભરતમાં ૨૧૧૨.૭૫ ચો. ફૂટ કાર્પેટ એરિયા અને (iv) બિલ્ડિંગના કમ્પાઉન્ડમાં ૧ સ્ટિલ્ટ કાર પાર્કિંગ જગ્યાઓની બાબતમાં **શ્રી. પંકજ હરીલાલ મોદી** (''લેઝી'')ના ટાઈટલની તપાસ કરી રહ્યા છીએ (અહીં પાછળથી સંયુક્ત રીતે **''સદર મિલકત''** તરીકે ઉલ્લેખેલ છે.) વ્યક્તિઓ, હિન્દુ અવિભક્ત કુટુંબો, કંપનીઓ, બેંન્ક (કો), નાણાંકીય સંસ્થા (ઓ), નોન-બેંકિંગ નાણાંકીય કંપનીઓ, હાઉસિંગ ફાઈનાન્સ કંપનીઓ, પેઢીઓ, શખ્સોનું સંગઠન કે વ્યક્તિઓની સંસ્થા સ્થપાયેલ હોય કે ના હોય, શાહુકારો અને/અથવા લેણદારો સહિત તમામ શખ્સો/સંસ્થાઓ જે સદર મિલકત કે તેના કોઈપણ ભાગની બાબતમાં વેચાણ, ટ્રાન્સફર, અદલાબદલી, પાર્ટીશન, હિસ્સો, લિઅન, લિઝ, સબ-લિઝ, લાયસન્સ, ટેનાન્સી, સબ-ટેનાન્સી, એસાઈમેન્ટ, રીલીઝ, રિલિંકવિશમેન્ટ, ગીરો, ચાર્જ, ભેટ, કોવેનન્ટ, ટ્રસ્ટ, વારસો, સકસેશન, વિલ, ઓક્યુપેશન, કબજો, ફાળવણી, વ્યવસ્થા/પતાવટ, જાળવણી, ઈઝમેન્ટ, બોજા, બિકવેસ્ટ, પાવર ઓફ એટર્ની, જાપ્તિ, વિકાસ હક્કો, રાઈટ ઓફ વે, લિસ્પેન્ડન્સ, અનામત, એગ્રીમેન્ટ, ભાગીદારી, કેરટેકર આધારે, સમજૂતિ, જવાબદારી, લિટિગેશન, આર્બિટ્રેશન, કાયદાની કોઈપણ કોર્ટના એવોર્ડ, ડિક્રિ કે ઓર્ડર, ટ્રિબ્યુનલ કે ઓથોરિટી, માંગણી કે કમીટમેન્ટ કે બીજી કોઈ રીતે કે ટાઈટલ ડીડસના કસ્ટડી/કબજામાં હોવાનો દાવો કરતા અથવા કોઈપણ પ્રકારના દાવાની દ્વારા કોઈપણ વાંધો, દાવો, માંગણી, હક્ક, ટાઈટલ, બેનીફીટ અને/કે હિત ધરાવતા હોય તો આથી સદરની જાણ લેખિતમાં સમર્થનમાં દસ્તાવેજી પુરાવા સાથે નીચે સહી કરનારને તેમની ઓફિસ સ્વાગતમ, ૪થો, માળ, પ્લોટ નં. ૧૪૧, S.V. રોડ, ખાર પોલીસ સ્ટેશન સામે, ખાર (પ), મુંબઈ-૫૨ ખાતે આ નોટિસ છપાયાની તારીખથી ૧૪ દિવસમાં કરે, જેના નિષ્ફળ જવા પર દાવાઓ અને/અથવા વાંધાઓ જો કોઈ હોય તો ત્યજી દિધેલ અને/અથવા છોડી દિધેલ તરીકે ગણાશે અને લેઝિના ટાઈટલ સ્પષ્ટ, માર્કેટેબલ અને આવા દાવાઓ અને/અથવા વાંધાઓ જો કોઈ હોય તો મુક્ત તરીકે ગણવામાં આવશે.

આજ તારીખ ૨૮મી ફેબ્રુઆરી, ૨૦૨૬

·D·S·A·
DIVYA SHAH ASSOCIATES
advocates, solicitors & notaries

**પબ્લિક નોટિસ**

જાહેર જનતાને આથી નોટિસ આપવામાં આવે છે કે અમે **લોઢા ડેવલપર્સ લિમિટેડ**ના હક, માલિકી અને ઈન્ટરેસ્ટની તપાસ કરી રહ્યા છીએ, જેનું રજિસ્ટર્ડ સરનામું ૪૧૨, ફ્લોર-૪, ૧૭જી વર્ધમાન ચેમ્બર્સ, કાવસજી પટેલ રોડ, હોર્નિમન સર્કલ, ફોર્ટ, મુંબઈ - ૪૦૦૦૦૧ છે, જે અહીં લખેલા પ્રથમ અને બીજા શેડ્યૂલમાં વર્ણવેલ મિલકતના સંદર્ભમાં (''**મિલકત**'') છે, જે નીચે દર્શાવેલ વિષય પર કોઈ પણ પ્રકારના બોજ અને ચાર્જથી મુક્ત છે. મિલકતના સંદર્ભમાં અહીં નીચે આપેલ ત્રીજા શેડ્યૂલમાં સૂચિબદ્ધ મૂળ માલિકીના દસ્તાવેજ ઉપલબ્ધ નથી અને/અથવા શોધી શકાય તેમ નથી (''**મૂળ માલિકી દસ્તાવેજ-ભાગ એ**''). મિલકતના સંદર્ભમાં ચોથા શેડ્યુલમાં સૂચિબદ્ધ મૂળ માલિકીના દસ્તાવેજો લોઢા ડેવલપર્સ લિમિટેડ (''**મૂળ માલિકીના દસ્તાવેજો - ભાગ બી**'') દ્વારા ક્યારેય પ્રાપ્ત થયા નથી.

કોઈ પણ બેંન્ક અથવા નાણાકીય સંસ્થા સહિત તમામ સંસ્થાઓ/વ્યક્તિઓ જેમને નીચે જણાવેલ મિલકત અથવા તેના કોઈ પણ હિસ્સા/ભાગોના સંદર્ભમાં વેચાણ, બદલી, લીઝ, સબ-લીઝ, સોંપણી, ગીરો, ચાર્જ, પૂર્વાધિકાર, ઉત્તરાધિકાર, ભેટ, જાળવણી, ઈઝમેન્ટ, ટ્રસ્ટ, ભાડૂઆત, પેટા-ભાડૂઆત, લાઈસન્સ, વ્યવસાય, કબજો, કોઈ પણ કોર્ટનું હુકમનામું અથવા આદેશ, કરાર/એગ્રીમેન્ટ, ડેવલપમેન્ટ અધિકારો, ભાગીદારી, કોઈ પણ લેખિત અને/અથવા વ્યવસ્થા અથવા અન્યથા કોઈ પણ રીતે, અને/અથવા મિલકતના સંદર્ભમાં મૂળ માલિકીના દસ્તાવેજ - ભાગ એ અને મૂળ માલિકીના દસ્તાવેજો - ભાગ બી નો કબજો હોય, તેમણે આથી નીચે જણાવેલ સરનામા અને ઈમેઈલ આઈડી પર સહાયક દસ્તાવેજી પુરાવા સાથે લેખિતમાં અહીં આપેલ તારીખથી ૭ (સાત) દિવસની અંદર તેની જાણ કરવી જરૂરી છે. જો એમ નહીં કરાય તો આ અધિકાર, માલિકીનાં નામ, લાભ, હિત, દાવો અને/અથવા માગ, જો કોઈ હોય, તો તેને તમામ હેતુઓ અને કારણ માટે ત્યજી દેવામાં અને/અથવા છોડી દેવામાં આવ્યા હોવાનું માનવામાં આવશે.

**ઉપર જણાવયા પ્રમાણે પ્રથમ શેડ્યુલ**
**(પ્લોટ એ જેના પર બિલ્ડીંગ છે)**

જમીન અથવા ભૂમિનો તે તમામ ટુકડો અને કકડો જે બોમ્બે ટાપુના રજિસ્ટ્રેશન સબ-ડિસ્ટ્રિક્ટમાં વોર્ડન રોડની પૂર્વ બાજુએ આવેલો છે અને તેનું માપ ૯૦૯ ચોરસ યાર્ડ અથવા ૭૬૦.૦૪ ચોરસ મીટર અથવા તેની આસપાસનું છે અને મલબાર અને કમ્બાલા હિલ ડિવિઝનના લાફ્ટન્સ સર્વે નં. ૧/૭૧૩૨ સી.એસ.નં. ૨બી/૬૯૬ હેઠળ જમીન મહેસૂલ કલેક્ટરના ચોપડામાં અને ડી વોર્ડ નં. ૩૫૧૨ (૬) અને સ્ટ્રીટ નં. ૬૭ (એચ) (હવે તેને ''**ઉક્ત જમીન**'' તરીકે ઓળખાશે) હેઠળ મ્યુનિસિપલ રેટ્સ અને ટેક્સીસ કલેક્ટરના ચોપડામાં નોંધાયેલ છે જે સાથે ઉપરોક્ત જમીન પર બાંધવામાં આવેલ ભાડૂઆત/કબજા હેઠળની/માલિકીની ઈમારત છે, જેમાં ગ્રાઉન્ડ + ૩ ઉપલા માળ ''મિરાડોર'' (હવે તેને ''ઉક્ત ઈમારત'' તરીકે ઓળખાશે) તરીકે ઓળખાશે અને જ્યાં ગેરેજ, ગ્રાઉન્ડ ફ્લોર પર ફ્લેટ નં. ૧ અને ફ્લેટ નં. ૨, પહેલા માળે ફ્લેટ નં. ૩ અને બીજા માળે ફ્લેટ નં. ૫ લોધા ડેવલપર્સ લિમિટેડ (ભાડૂઆત તરીકે) દ્વારા ઓક્યુપાઈડ છે. પહેલા માળે ફ્લેટ નં. ૪, બીજા માળે ફ્લેટ નં. ૬, ત્રીજા માળે ફ્લેટ નં. ૭ અને ૮ થર્ડ પાર્ટી દ્વારા ઓક્યુપાઈડ છે. જમીનની બાંધણી નીચે મુજબ છેઃ

પૂર્વમાં અથવા તે તરફઃ કેડસ્ટ્રલ સર્વે નં. ૬/૬૯૬ દ્વારા
પશ્ચિમમાં અથવા તે તરફઃ કેડસ્ટ્રલ સર્વે નં. ૨/૬૯૬ દ્વારા
ઉત્તરમાં અથવા તે તરફઃ કેડસ્ટ્રલ સર્વે નં. ૨/૬૯૮ અને ૧૫/૬૯૮ દ્વારા
દક્ષિણમાં અથવા તે તરફઃ કેડસ્ટ્રલ સર્વે નં. ૩/૬૯૬ દ્વારા

**ઉપર જણાવ્યા પ્રમાણે બીજું શેડ્યુલ**
**(પ્લોટ બી)**

મુંબઈના વોર્ડન રોડ - ૪૦૦૦૨૬ પર સ્થિત ખાલી જમીનનો તે તમામ ટુકડો અને પ્લોટ, જે મલાબાર અને કમ્બાલા હિલ ડિવિઝનના લાફ્ટન્સ સર્વે નં. ૧/૭૧૩૨ કેડસ્ટ્રલ સર્વે નં. ૩/૬૯૬ ધરાવે છે જેનું માપ ૧૧૩૬ ચોરસ યાર્ડ એટલે કે ૯૪૯.૮૪ ચોરસ મીટર અથવા તેની આસપાસ છે જે મુંબઈ શહેર અને મુંબઈ ઉપનગર તરીકે બૃહદ મુંબઈની હદમાં ડિસ્ટ્રિક્ટ અને રજિસ્ટ્રેશન સબ-ડિસ્ટ્રિક્ટમાં છે અને તેની બાંધણી નીચે મુજબ છે :

પૂર્વમાં અથવા તે તરફઃ કેડસ્ટ્રલ સર્વે નં. ૬/૬૯૬, ૪એ/૬૯૬ અને ૪બી/૬૯૬ દ્વારા
પશ્ચિમમાં અથવા તે તરફઃ ભુલાભાઈ દેસાઈ રોડ દ્વારા
દક્ષિણમાં અથવા તે તરફઃ કેડસ્ટ્રલ સર્વે નં. ૧/૬૯૬, ૪ઈ/૬૯૬, ૪/૬૯૬, ૪ડી/૬૯૬ અને ૪સી/૬૯૬ દ્વારા
ઉત્તરમાં અથવા તે તરફઃ કેડસ્ટ્રલ સર્વે નં. ૨એ/૬૯૬, ૨/૬૯૬ અને ૨બી/૬૯૬ દ્વારા

**ઉપર જણાવ્યા પ્રમાણે ત્રીજું શેડ્યુલ**

| | દસ્તાવેજ |
|---|---|
| ૧. | ૨૮ ડિસેમ્બર ૧૯૯૯ ના રોજ મુંબઈ ખાતે સબ-રજિસ્ટ્રાર ઑફ એશ્યોરન્સમાં ૧૯૯૯ના ક્રમાંક ૬૦૫૬ હેઠળ નોંધાયેલ ટ્રાન્સફર ડીડ (એ) સેન્ટબેંન્ક ફાઈનાન્શિયલ એન્ડ કસ્ટોડિયલ સર્વિસીસ લિમિટેડ (અગાઉ સેન્ટ્રલ બેંન્ક એક્ઝિક્યુટર અને ટ્રસ્ટી કંપની લિમિટેડ તરીકે ઓળખાતું હતું) અને (બી) એક હિસ્સો ખોરશેદ માણેક સિધવા (તેમાં ''ટ્રાન્સફરર્સ'' તરીકે)નો અને બીજો હિસ્સો ફિરદૌસ પરવેઝ અદેનવાલા (તેમાં ''ટ્રાન્સફરી'' તરીકે) વચ્ચેનો કરવામાં આવ્યો અને એન્ટર કરાયો |

**ઉપર જણાવ્યા પ્રમાણે ચોથું શેડ્યુલ**

| | દસ્તાવેજ |
|---|---|
| ૧. | ૪ ફેબ્રુઆરી ૧૯૩૭ ની તારીખનું નેશનલ બેંક ઓફ ઈન્ડિયા લિમિટેડ અને સુલેમાન હાજી અહેમદ ઉમર વચ્ચે કન્વેયન્સનું ઈન્ડેન્ચર કરવામાં આવ્યું અને એન્ટર કરાયું. |
| ૨. | ૪ ફેબ્રુઆરી ૧૯૩૭ ની તારીખનું નેશનલ બેંક ઓફ ઈન્ડિયા લિમિટેડ અને સુલેમાન હાજી અહેમદ ઉમર વચ્ચે પહેલા હિસ્સાનું હીરાબાઈ મંચેરશા ગિલ્ડર અને અન્ય લોકો વચ્ચે બીજા હિસ્સાનું અને મોજીલાલ પુરુષોત્તમ પંડ્યા અને અન્યો વચ્ચે ત્રીજા હિસ્સાનું કન્વેયન્સનું ઈન્ડેન્ચર કરવામાં આવ્યું અને એન્ટર કરાયું અને ૨૫ મે ૧૯૩૭ ના રોજ ૧૯૩૭ના સીરીયલ નંબર ૨૩૮૭ હેઠળ બોમ્બે ખાતે સબ-રજિસ્ટ્રાર ઓફ એશ્યોરન્સમાં રજિસ્ટર કરાયું હતું. |

**આજ તારીખ ૨જી માર્ચ ૨૦૨૬**
સહી
**જાની અને પરીખ** માટે
**નીરવ સી. જાની,** પાર્ટનર
**એડવોકેટ્સ એન્ડ સોલિસિટર્સ,**
૩૧૧, દલામલ ટાવર્સ,
૨૧૧, ફ્રી પ્રેસ જર્નલ રોડ,
નરીમાન પોઈન્ટ, મુંબઈ ૪૦૦ ૦૨૧.
ઈમેલઃ nirav@janiparikh.in

## ગુજરાત

# ગુજરાતના તાપમાનમાં ૩-૫ ડિગ્રીનો વધારો થવાની આગાહી, સૌરાષ્ટ્ર-કચ્છમાં ગરમી વધશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં દિવસે ગરમી અને વાદળછાયા વાતાવરણ બાદ આગામી દિવસોમાં ગરમીનો પારો વધવાની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આગામી ચાર દિવસ દરમિયાન ગુજરાત રાજ્યમાં મહત્તમ તાપમાનમાં ૩-૫ ડિગ્રી સેલ્સિયસનો ક્રમિક વધારો થવાની સંભાવના છે. આગાહી અનુસાર, ત્યારબાદ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર જોવા મળશે નહીં. તેવી જ રીતે, લઘુતમ તાપમાનમાં પણ આગામી ૩ દિવસમાં ૨-૩ ડિગ્રી સેલ્સિયસનો વધારો થઈ શકે છે. અમદાવાદમાં મહત્તમ તાપમાન ૩૫ ડિગ્રી સેલ્સિયસ અને ન્યૂનત્તમ તાપમાન ૨૨ ડિગ્રી સેલ્સિયસ રહેવાની ધારણા છે. રાજ્યના દરિયાકાંઠાના વિસ્તારો માટે ખાસ ચેતવણી જારી કરવામાં આવી હતી. ૪ થી ૭ માર્ચ દરમિયાન ગુજરાતના દરિયાકાંઠાના વિસ્તારો અને સૌરાષ્ટ્ર-કચ્છમાં ગરમ અને ભેજવાળા હવામાનને કારણે અસ્વસ્થતા અનુભવાય તેવી શક્યતા છે. જોકે, સમગ્ર રાજ્યમાં આગામી સાત દિવસ સુધી હવામાન મુખ્યત્વે સૂકું રહેશે અને વરસાદની કોઈ શક્યતા નથી. ગુજરાતમાં આ વર્ષે ઉનાળાની વહેલી શરૂઆત થતાં માર્ચ મહિનામાં જ તાપમાન ૪૦ ડિગ્રી સુધી પહોંચવાની શક્યતા છે, જેમાં ખાસ કરીને સૌરાષ્ટ્ર અને કચ્છમાં વધુ ગરમી રહેશે. અમદાવાદ અને ગાંધીનગર સહિત રાજ્યભરમાં આગામી પાંચ દિવસ ઉકળાટભર્યું વાતાવરણ રહેવાની આગાહી કરવામાં આવી છે. હિટવેવના જોખમને ધ્યાનમાં રાખીને બપોરના સમયે ઘરની બહાર નીકળવાનું ટાળવું હિતાવહ છે, કારણ કે તાપમાનમાં સતત વધારો થઈ રહ્યો છે.

# ગાંધીનગર ખાતે 'ગુજરાત સેમિકનેક્ટ કોન્ફરન્સ ૨૦૨૬'નો મુખ્ય પ્રધાનના હસ્તે ભવ્ય પ્રારંભ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે ગુજરાત સેમિકનેક્ટ કોન્ફરન્સ ૨૦૨૬નો ગાંધીનગરમાં પ્રારંભ કરાવતા જણાવ્યું હતું કે, ગુજરાત પૉલિસી સ્ટેબિલિટી, ટ્રાન્સપરન્સી, ઇઝ ઓફ ડુઈંગ બિઝનેસ તથા ડેવલપમેન્ટ માટેની પોલિટીકલ વિલ સાથે સેમિકન્ડક્ટર અને ચિપ મેન્યુફેક્ચરિંગમાં ફાસ્ટ મૂવર બની રહ્યું છે અને દેશના ગ્રોથ એન્જિન ગુજરાતને ટેક એન્જિન બનાવવાનો સ્પષ્ટ સંકેત આ કોન્ફરન્સ આપે છે.

આ સંદર્ભમાં તેમણે કહ્યું હતું કે, ભારત વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદીની વિઝનરી લીડરશીપમાં હવે હાર્ડવેરના ક્ષેત્રમાં પોતાની આગવી ઓળખ સશક્ત કરી રહ્યું છે અને ઇન્ડિયા ઈઝ રેડી, ઈન્ડિયા ઈઝ રિલાયેબલ એન્ડ ઈન્ડિયા ડિલીવર્સનો જે વિશ્વાસ તેમણે અપાવ્યો છે તેને આ ગુજરાત સેમિકનેક્ટ કોન્ફરન્સથી પાર પાડવાની નેમ છે. વડા પ્રધાનના 'વિકસિત ભારત ૨૦૪૭' અને 'આત્મનિર્ભર ભારત'ના સંકલ્પને સાકાર કરવા તરફ ગુજરાતે વધુ એક ઐતિહાસિક પગલું ભર્યું છે. તે અંતર્ગત ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં 'ગુજરાત સેમિકનેક્ટ કોન્ફરન્સ ૨૦૨૬' ભવ્ય પ્રારંભ કરવામાં આવ્યો હતો.

આ ગરિમાપૂર્ણ અવસરે કેન્દ્રીય ઇલેક્ટ્રોનિક્સ અને આઈટી પ્રધાન અશ્વિની વૈષ્ણવ, નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવી અને સાયન્સ-ટેકનોલોજી પ્રધાન અર્જુન મોઢવાડિયા સહિત ઉદ્યોગ જગતના દિગ્ગજો વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

# હોળી નિમિત્તે સુરત સ્ટેશન પર ભીડઃ વતન જનારા શ્રમિકો માટે રેલવેની ખાસ વ્યવસ્થા

સુરતઃ ગુજરાતના ડાયમંડ સિટી સુરતમાં હોળી-ધુળેટીના પર્વને હવે ગણતરીના દિવસો બાકી છે, ત્યારે રોજગારી માટે સુરતમાં વસેલા શ્રમિકો વતનમાં હોળી ઉજવવા માટે ઉધના રેલવે સ્ટેશન પર ખૂબ મોટી સંખ્યામાં ઉમટ્યા હતા.

ખાસ કરીને ઉત્તર પ્રદેશ અને બિહાર તરફ જતા મુસાફરોની ભારે ભીડને ધ્યાનમાં રાખીને પશ્ચિમ રેલવે દ્વારા ઉધના સ્ટેશન પર વિશેષ વ્યવસ્થાઓ કરવામાં આવી હતી. મુંબઈ સેન્ટ્રલના ડીઆરએમ પંકજ સિંહે જાતે સ્ટેશનની મુલાકાત લઈ વ્યવસ્થાઓનું નિરીક્ષણ કર્યું હતું અને મુસાફરો સાથે સંવાદ કરી તેમનો પ્રતિસાદ મેળવ્યો હતો. આ વર્ષે મુસાફરોની સુવિધા માટે 'અંત્યોદય એક્સપ્રેસ' અને આધુનિક 'અમૃત ભારત' જેવી ટ્રેનોમાં ભારે ધસારો જોવા મળ્યો હતો. સંપૂર્ણ જનરલ કોચ ધરાવતી અંત્યોદય ટ્રેનમાં પગ મૂકવાની પણ જગ્યા નહોતી, છતાં રેલવે સુરક્ષા દળ અને જીઆરપીના જવાનોએ મુસાફરોને શાંતિપૂર્ણ રીતે ટ્રેનમાં બેસાડવા ભારે જહેમત ઉઠાવી હતી. વહીવટીતંત્ર દ્વારા ઉધના સ્ટેશન પર હોલ્ડિંગ એરિયા તૈયાર કરવામાં આવ્યો હતો, જેથી ભીડનું યોગ્ય સંચાલન થઈ શકે અને મુસાફરો સુરક્ષિત રીતે મુસાફરી કરી શકે.

રેલવે પ્રશાસન દ્વારા માનવીય અભિગમ અપનાવીને હોલ્ડિંગ એરિયામાં પ્રતીક્ષા કરી રહેલા મુસાફરોને પીવાના પાણીની બોટલોનું વિતરણ કરવામાં આવ્યું હતું.

# રાજ્યમાં મેમરી મોડ્યુલ ફેસિલિટી, પાવરચિપ ઉત્પાદન કરવા મુખ્ય પ્રધાનનું ઉદ્યોગપતિઓને આહ્વાન

અમદાવાદઃ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે 'ગુજરાત સેમિકનેક્ટ કોન્ફરન્સ ૨૦૨૬'નો ભવ્ય પ્રારંભ ગાંધીનગરમાં કરાવ્યો હતો. હાઇ-ટેક ચિપ નિર્માતાઓ અને સ્થાનિક ઉદ્યોગ વચ્ચે વ્યૂહાત્મક સહયોગને પ્રોત્સાહન આપવા ''ગુજરાત ઈન્ડિયાઝ ગેટવે ટુ સિલિકોન'' થીમ સાથે રાજ્ય સરકારના સાયન્સ અને ટેક્નોલોજી વિભાગના ઉપક્રમે આ દ્વિદિવસીય કોન્ફરન્સ યોજાઈ છે.

આ કોન્ફરન્સમાં સહભાગી થવા આવેલા વિવિધ ઉદ્યોગ અગ્રણીઓની ભૂપેન્દ્ર પટેલ સાથે યોજાયેલી વન ટુ વન બેઠકમાં તેમણે સેમિકોન સેક્ટરમાં આરડી સેન્ટર, મેમરી મોડ્યુલ ફેસેલિટી, પાવરચિપ ઉત્પાદન અને સ્પેશિયાલિટી કેમિકલ ફેસેલિટીઝ શરૂ કરવા માટેના ફળદાયી ચર્ચા-વિચારણા કરી હતી. મુખ્ય પ્રધાને ગુજરાતમાં ધોલેરા અને સાણંદ સહિત સેમિકન્ડક્ટર ઇન્ડસ્ટ્રીઝ માટેની સુદૃઢ ઇકોસિસ્ટમ અને રાજ્યના સરકારના પ્રોએક્ટિવ અભિગમની વિસ્તૃત ભૂમિકા આપી હતી. મુખ્ય પ્રધાને દીપક નાઈટ્રેટના એમડી શ્રી મેઘવ મહેતા, મલેશિયા સ્થિત હોતાચી ઈલેક્ટ્રોનિક્સના ચેરમેન દાતો શેરી લી હંગ લૂંગ, સુચિ-આરઓએચએમ સેમિકોનના એમડી મોકોટો તેરાડા અને સ્થાપક અશોક મહેતા, હોરિબા ઇન્ડિયાના રાજીવ ગૌતમ તથા એપ્લાઈડ મટિરિયલના સીઓઓ રાધિકા વિશ્વનાથન આ વન ટુ વન બેઠક અંતર્ગત મળ્યા હતાં.

# સુરતના વરાછા ઓવરબ્રિજ પર ગમખ્વાર અકસ્માત, પિતા-પુત્ર અને ભત્રીજાનું મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરતના વરાછા વિસ્તારમાં શનિવારે મોડી રાત્રે ગમખ્વાર અકસ્માતમાં એક જ પરિવારના ત્રણ લોકોનાં કમકમાટીભર્યા મોત થયાં હતાં. શહેરના હીરાબાગથી કામરેજ તરફ જતાં ઓવરબ્રિજ પર રોડ વચ્ચે ઊભેલા ટ્રેક્ટર પાછળ બાઈક અથડાતા આ કરૂણ દુર્ઘટના સર્જાઈ હતી.

આ ભીષણ અકસ્માત અંગે મળતી માહિતી પ્રમાણે, ૨૮મી ફેબ્રુઆરીની રાત્રે શૈલેશભાઈ માણીયા પોતાની પત્ની કૃપાબેન, પુત્ર મન અને ભત્રીજા મંત્ર સાથે બાઈક પર ઉમિયાધામ રોડ પર આવેલા સોના એપાર્ટમેન્ટથી ઘરે જઈ રહ્યાં હતાં. વરાછા ઓવરબ્રિજ પર એક બંધ ટ્રેક્ટર સાથે બાઈક અથડાતા પરિવારના ચારેય સભ્યો લોહીલુહાણ હાલતમાં રોડ પર ફેંકાયા હતા. ગંભીર રીતે ઇજાગ્રસ્ત મન બંને ભાઈઓને હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા. ટૂંકી સારવાર બાદ શૈલેશભાઈ માણીયાએ પણ દમ તોડ્યો હતો. શૈલેષભાઈના પત્ની કૃપાબેનની હાલત ગંભીર હોવાનું જાણવા મળ્યું હતું.

BRIHANMUMBAI MAHANAGARPALIKA

**K.E.M. હોસ્પિટલ, પરેલ, મુંબઈ-૪૦૦ ૦૧૨.**

**ઈ-ટેન્ડર નોટિસ**

**નં. KEMH/૫૯૯૯/AEME તા. ૨૭.૦૨.૨૦૨૬**

આ ઈ-ટેન્ડર નોટિસ છેઃ બૃહન્મુંબઈ મ્યુનિસિપિલ કોર્પોરેશન ''આઈટમ રેટ ધોરણે/ટકાવારી રેટ ધોરણે'' નીચેના કામ માટે ઈ-ટેન્ડર મંગાવે છે.

| ક્ર. નં. | કામનું નામ | બાના રકમ ડિપોઝિટ-રૂ | બીડ પ્રારંભ તારીખ અને સમય | બીડ અંતિમ તારીખ અને સમય |
|---|---|---|---|---|
| | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | KEM હોસ્પિટલમાં ગેટ નં. ૮નું ફેબ્રિકેશન અને ફિક્સિંગ અને વિવિધ રિપેરિંગ કામો હાથ ધરવામાં આવ્યા છે. **૨૦૨૬_MCGM_૧૨૮૨૩૯૯_૧** | રૂ. ૨૦,૦૦૦/- | ૦૨.૦૩.૨૦૨૬ (૧૭.૦૦ ક.) | ૦૯.૦૩.૨૦૨૬ (૧૭.૦૦ ક.) |
| ૨ | KEM હોસ્પિટલમાં CVTC બિલ્ડિંગ ખાતે સુવિધા વોર્ડ ૩૧ની કાર્યકારી સ્થિતિમાં સુધારો. **૨૦૨૬_MCGM_૧૨૮૨૩૯૭_૧** | રૂ. ૧૫૦૦૦/- | ૦૨.૦૩.૨૦૨૬ (૧૭.૦૦ ક.) | ૦૯.૦૩.૨૦૨૬ (૧૭.૦૦ ક.) |
| ૩ | KEM હોસ્પિટલ ખાતે CT સ્કેન વિભાગ માટે રિચાર્જેબલ પાવર યુનિટની બદલી અને સંલગ્ન ડેટા બેકઅપ સિસ્ટમ માટે CMCનું કામ. **૨૦૨૬_MCGM_૧૨૮૨૩૯૨_૧** | રૂ. ૧૬૦૦૦/- | ૦૨.૦૩.૨૦૨૬ (૧૭.૦૦ ક.) | ૦૯.૦૩.૨૦૨૬ (૧૭.૦૦ ક.) |
| ૪ | KEM હોસ્પિટલ ખાતે હોસ્પિટલ IT સિસ્ટમ માટે ઓપરેશનલ કન્ઝયુમેબલ્સનો સપ્લાય. **૨૦૨૬_MCGM_૧૨૮૨૩૯૪_૧** | રૂ. ૫૦,૦૦૦/- | ૦૨.૦૩.૨૦૨૬ (૧૭.૦૦ ક.) | ૦૯.૦૩.૨૦૨૬ (૧૭.૦૦ ક.) |
| ૫ | KEM હોસ્પિટલમાં CCBL વિભાગ માટે લેબોરેટરી સેન્ટ્રીફ્યુજ (૪ નં.)ની પ્રોક્યોરમેન્ટ. **૨૦૨૬_MCGM_૧૨૮૨૪૦૩_૧** | રૂ. ૪૦,૦૦૦/- | ૦૨.૦૩.૨૦૨૬ (૧૭.૦૦ ક.) | ૦૯.૦૩.૨૦૨૬ (૧૭.૦૦ ક.) |
| ૬ | KEM હોસ્પિટલમાં બાયોકેમિસ્ટ્રીના વિભાગમાં ટેબલ ટોપ RO પ્લાન્ટ માટે દ્વિવાર્ષિક જાળવણી કોન્ટ્રાક્ટ. **૨૦૨૬_MCGM_૧૨૮૨૩૯૧_૧** | રૂ. ૫,૦૦૦/- | ૦૨.૦૩.૨૦૨૬ (૧૭.૦૦ ક.) | ૦૯.૦૩.૨૦૨૬ (૧૭.૦૦ ક.) |
| ૭ | પાત્રતા માપદંડ (પેકેટ-''A'') | ૧૦.૦૩.૨૦૨૬ | (૧૧.૦૦ ક.) | |
| ૮ | ટેકનિકલ બીડ (પેકેટ-''B'') | ૧૦.૦૩.૨૦૨૬ | (૧૧.૦૦ ક.) | |
| ૯ | વાણિજિયક બીડ (પેકેટ-''C'') | શેડ્યૂલ મુજબ | | |

ઈચ્છુક ટેન્ડરરે ટેન્ડરની વધુ વિગતો માટે અહીં (http://mahatender.gov.in)ની મુલાકાત લેવી જોઈએ. ટેન્ડરોએ નોંધ લેવી જોઈએ કે આ ટેન્ડર નોટિસ અંગે જારી કરાયેલ કોઈપણ સુધારા (http://mahatender.gov.in) પોર્ટલ પર પ્રકાશિત કરવામાં આવશે. સ્થાનિક અખબારોમાં કોઈ સુધારા પ્રકાશિત કરવામાં આવશે નહીં.

**ટેન્ડર દસ્તાવેજો પોસ્ટ દ્વારા જારી અથવા પ્રાપ્ત કરવામાં આવશે નહીં.**

સહી/-
A.E. (M & E)
K.E.M. હોસ્પિટલ

PRO/3155/ADV./2025-26

**પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.**

# નાગપુરમાં વિસ્ફોટક બનાવતી ફૅક્ટરીમાં બ્લાસ્ટઃ ૧૮નાં મોત

## ૨૪ કર્મચારી જખમીઃ પ્રચંડ ધડાકાનો અવાજ આસપાસનાં ગામો સુધી સંભળાયોઃ અડધા કિલોમીટર સુધી ફુરચા ઊડ્યા




મુંબઈઃ આંધ્ર પ્રદેશના કાકીનાડા જિલ્લામાં ફટાકડાના કારખાનામાં થયેલા ભીષણ સ્ફોટમાં ૨૧ જણે જીવ ગુમાવ્યાના બીજે જ દિવસે નાગપુરમાં વિસ્ફોટકો બનાવતી ફૅક્ટરીમાં બ્લાસ્ટ થતાં ફફડાટ ફેલાઈ ગયો હતો. બ્લાસ્ટને કારણે ફૅક્ટરીમાં આગ લાગી હતી, જેમાં કર્મચારીઓ ભયાનક રીતે ભડથું થઈ ગયા હતા. આ ઘટનામાં ૧૮નાં મોત નીપજ્યાં હતાં, જ્યારે ૨૪ કર્મચારી ગંભીર રીતે જખમી થયા હોવાનું કહેવાય છે. ધડાકાનો અવાજ એટલો પ્રચંડ હતો કે આસપાસનાં ગામો સુધી તેનો અવાજ સંભળાયો હતો અને ફૅક્ટરીમાંનાં ફુરચા અડધો કિલોમીટર દૂર સુધી ફંગોળાયા હતા.

એક વરિષ્ઠ પોલીસ અધિકારીના જણાવ્યા મુજબ નાગપુર જિલ્લાના કાટોલ તહેસીલ હેઠળના રાઉળગાવમાં આવેલી ખાણ અને ઔદ્યોગિક વિસ્ફોટકોનું ઉત્પાદન કરતી ફૅક્ટરી એસબીએલ એનર્જી લિમિટેડમાં રવિવારની સવારે સાત વાગ્યાની આસપાસ ધડાકો થયો હતો. ધડાકો એટલો તીવ્ર હતો કે ફૅક્ટરીની મુખ્ય દીવાલ ધસી પડી હતી અને તેના ફુરચેફુરચા ઊડી ગયા હોવાની માહિતી સામે આવી રહી છે. લગભગ અડધા કિલોમીટર સુધી ફુરચા ઊડ્યા હોવાનું પણ કહેવાય છે.

ઘટના બની ત્યારે ફૅક્ટરીમાં ૩૫ જેટલા કર્મચારી કામ કરતા હોવાનું જાણવા મળ્યું હતું. ધડાકા બાદ આગ લાગી હોવાથી ૧૭ જેટલા કર્મચારીના મૃતદેહ પૂર્ણપણે બળી ગયા હતા. તેમના મૃતદેહને ગવર્નમેન્ટ મેડિકલ કૉલેજ ઍન્ડ હૉસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા.દરમિયાન ધડાકાનો અવાજ આસપાસનાં ગામોમાં પણ સંભળાયો

(જુઓ પાનું ૪) ▸▸

# મુંબઈમાં ૭૦૦ ચોરસ ફૂટ સુધીના ઘરને પ્રોપર્ટી ટૅક્સમાં મળશે રાહત?

## રાજ્ય સરકાર પ્રસ્તાવને મંજૂરી આપે તો પાલિકાને વાર્ષિક ૭૦૦ કરોડનું નુકસાન થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈમાં હાલ ૫૦૦ ચોરસ ફૂટ સુધીની મિલકતને પ્રોપર્ટી ટેક્સ ભરવામાંથી છૂટ છે. હવે આગામી દિવસોમાં આ છૂટ ૭૦૦ ચોરસ ફૂટ સુધીની મિલકતને મળવાની શક્યતા છે. તાજેતરમાં મુંબઈ મહાનગરપાલિકાની સામાન્ય સભામાં તેનો લગતો ઠરાવ મંજૂર કરવામાં આવ્યો હતો. આ ઠરાવને અંતિમ મંજૂરી માટે પાલિકા પ્રશાસન પાસે મોકલવામાં આવ્યો છે ત્યાથી તે રાજ્ય સરકાર પાસે મંજૂરી માટે જશે. જો આ પ્રસ્તાવ મંજૂર થઈને અમલમાં આવે છે, તો પાલિકા પ્રશાસનને વાર્ષિક સ્તરે ૭૦૦ કરોડ રૂપિયા સુધીનું આર્થિક નુકસાન થઈ શકે છે. ગયા અઠવાડિયે પાલિકામાં સામાન્ય

(જુઓ પાનું ૪) ▸▸

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

# પનવેલ-કર્જત રેલવે લાઇનનું કામ અંતિમ તબક્કામાં

મુંબઈઃ મુંબઈ રેલવે વિકાસ કોર્પોરેશન (એમઆરવીસી) દ્વારા હાથ ધરવામાં આવી રહેલી નવી પનવેલ-કર્જત ડબલ સબર્બન રેલવે લાઇનનું કામ હવે તેના અંતિમ તબક્કામાં પ્રવેશી ગયું છે અને આગામી ચોમાસા પછી આ લાઇન પ્રવાસ માટે ખુલ્લી મૂકવામાં આવશે. આ નવી ૩૦ કિમી લાંબી લાઇન સાથે મુંબઈ ઉપનગરીય રેલવેનું કુલ વિસ્તરણ હવે ૪૦૮ કિમી સુધી પહોંચી જશે.

હાલમાં છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ (સીએસએમટી) થી કર્જત જવા માટે કલ્યાણ થઈને જ એકમાત્ર વિકલ્પ ઉપલબ્ધ છે. જો કે આ નવા રૂટના લૉન્ચ સાથે મુસાફરો પાસે પનવેલ થઈને કર્જત જવાનો બીજો ઝડપી વિકલ્પ પણ હશે. આ રૂટ પર પાંચ સ્ટેશન હશે - પનવેલ, ચિખલે, પોયંજે (મોહાપે), ચોક અને કર્જત. આનાથી નવી મુંબઈ અને કર્જત વિસ્તારોના મુસાફરોને ઘણો ફાયદો થશે.

આ પ્રોજેક્ટનું લગભગ ૮૫ ટકા કામ પૂર્ણ થઈ ગયું છે, અને બાકીનું કામ ચોમાસા પહેલા પૂર્ણ કરવાનું આયોજન છે. આ રૂટ પર ત્રણ મહત્વપૂર્ણ ટનલ છે, જેમાં ૨.૬ કિમી લાંબી 'વાવરલે'નો સમાવેશ થાય છે, જે મુંબઈ ઉપનગરીય

(જુઓ પાનું ૪) ▸▸










"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**